પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૦૭-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઉપરાષ્ટ્રપતિ ધનખરનું રાજીનામું મંજૂર કરતા રાષ્ટ્રપતિ

## સોમવારે મોડી સાંજે રાજીનામુ આપનાર ધનખર આજે સવારે સંસદ ભવન માં પણ આવ્યા નહીં : ઉપરાષ્ટ્રપતિના વિદાય સમારંભ અંગે પણ જાગેલી ચર્ચા

નવી દિલ્હી, તા. ૨૧

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરનું રાજીનામું મંજુર કર્યુ છે. તેમનું રાજીનામું આગળની કાર્યવાહી માટે ગૃહ મંત્રાલયને મોકલવામાં આવ્યું છે.

મંગળવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજ્યસભાની કાર્યવાહીમાં હાજરી આપી નહીં. જેડીયુના સાંસદ હરિવંશે સવારે ૧૧ વાગ્યે અપર ગૃહની કાર્યવાહી શરૂ કરી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે જગદીપ ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું પાછું ખેંચશે નહીં. તેમજ તેઓ વિદાય સમારંભમાં પણ હાજરી આપશે નહીં.

દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈની રાત્રે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. ૭૪ વર્ષીય ધનખડનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીનો હતો. તેમણે ૧૦ જુલાઈના રોજ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, 'જો ભગવાન આશીર્વાદ આપશે તો હું ઓગસ્ટ ૨૦૨૭માં નિવૃત્ત થઈશ.'

વિપક્ષ જગદીશ ધનખરના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી અચાનક રાજીનામા પર સવાલ ઉઠાવી રહ્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક પોસ્ટમાં કહ્યું- આ અણધાર્યા રાજીનામામાં દેખીતી વાત કરતાં ઘણું બધું છે. પીએમ મોદીએ ધનખરને પોતાનો વિચાર બદલવા માટે મનાવવા જોઈએ. આ રાષ્ટ્રીય હિતમાં રહેશે. ખાસ કરીને ખેડૂત સમુદાયને ઘણી રાહત મળશે.

શિવસેના (UBT)ના નેતા આનંદ દુબેએ કહ્યું-



સ્વાસ્થ્યના કારણોસર ઉપરાષ્ટ્રપતિના રાજીનામાના સમાચાર ચિંતાજનક છે. અમે તેમને શુભેચ્છા પાઠવીએ છીએ. ચોમાસુ સત્રનો પહેલો દિવસ હતો અને તે જ દિવસે તેમનું રાજીનામું આશ્ચર્યજનક છે. આ સરકારમાં શું ચાલી રહ્યું છે? જો સ્વાસ્થ્ય ચિંતાનો વિષય હોત, તો રાજીનામું સત્રના થોડા દિવસ પહેલા અથવા પછી આપી શકાયું હોત.

પહેલું: રાષ્ટ્રપતિને લખેલા રાજીનામા પત્રમાં, પદ છોડવાનું કારણ સ્વાસ્થ્ય જણાવ્યું હતું.

બીજું: વિપક્ષ રાજીનામા પર સવાલ ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે મંગળવારે કહ્યું, '૨૧ જુલાઈના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે, શ્રી જગદીપ ધનખડે રાજ્યસભાની કાર્ય મંત્રણા સમિતિ (BAC) ની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગૃહના નેતા જેપી નડ્ડા અને સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ સહિત મોટાભાગના સભ્યો હાજર હતા. ટૂંકી ચર્ચા બાદ, સમિતિની આગામી બેઠક ફરીથી ૪:૩૦ વાગ્યે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો.

સાંજે ૪:૩૦ વાગ્યે, સમિતિના સભ્યો ધનખરજીની અધ્યક્ષતામાં ફરી એક બેઠક માટે ભેગા થયા. બધા નડ્ડા અને રિજિજુની રાહ જોતા હતા, પરંતુ તેઓ આવ્યા નહીં. સૌથી આશ્ચર્યજનક વાત એ હતી કે ધનખરજીને વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવી ન હતી કે બંને મંત્રીઓ બેઠકમાં હાજરી આપશે નહીં. સ્વાભાવિક રીતે, તેમને આ વાતનું ખરાબ લાગ્યું અને તેમણે

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં મતદાન યાદી ખાસ સમિક્ષાના માપદંડોમાં ફેરફાર થશે નહીં : ચૂંટણી પંચ

### આધાર, વોટર, આઈડી, રેશન કાર્ડને માન્ય પૂરાવા ગણવાની સુપ્રિમની ભલામણને ચૂંટણી પંચે નકારી

નવી દિલ્હી, તા. ૨૧

બિહારમાં મતદાર યાદી સમીક્ષા અભિયાનના મુદ્દે એક તરફ રાજકીય વિવાદ સતત વધી રહ્યો છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્પેશ્યલ સમરી રીવીઝનમાં સર્વોચ્ચ અદાલતે આધાર, વોટર આઈડી અથવા તો રેશનકાર્ડનો પણ મતદાર તરીકેના માન્ય પૂરાવામાં સમાવેશ કરવા કરેલા સૂચનને ચૂંટણીપંચે ફગાવી દીધુ છે.

વર્તમાન જે ૧૧ દસ્તાવેજોના આધારે બિહારમાં ચૂંટણીપંચ ૨૦૦૩ બાદ નવા ઉમેરાયેલા મતદારોની સમીક્ષા કરી રહ્યું છે તે ફોર્મ્યુલા જ આગામી સમયમાં દેશભરમાં અપનાવાશે તેવું સર્વોચ્ચ અદાલતને જણાવ્યું




છે. જેના કારણે હવે ફરી એક વખત આ વિવાદ વધે તેવા સંકેત છે.સુપ્રીમ કોર્ટે અગાઉ ચૂંટણીપંચની આ મતદાર યાદી સુધારણા કવાયત સામે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, પંચ ફકત મતદાર યાદી સુધારણા પૂરતી જ તેમની કામગીરી મર્યાદીત રાખશે તે નાગરીકતા અંગે કોઈ નિર્ણય લેશે નહી.બીજી તરફ અદાલતે આધાર ઉપરાંત વોટર આઈડી અને રેશનકાર્ડ એ માન્ય પુરાવા તરીકે સ્વીકારવા ભલામણ કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

# આઠમાં પગાર પંચની રચના યોગ્ય સમયે થશે : સરકાર

### છ માસ પૂર્વે કરાયેલી જાહેરાત સંદર્ભે નાણા મંત્રાલયનો ઠંડો પ્રતિસાદ

નવી દિલ્હી, તા. ૨૧

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે રચાનારા આઠમા પગારપંચ અંગે સરકારે લાંબો સમય પૂર્વે જાહેરાત કરી દીધી હોવા છતા પણ હજુ સુધી નવું પગારપંચ રચવા અંગે સરકાર તરફથી કોઈ હીલચાલ નહી હોવાના સંકેત વચ્ચે સરકારે તાત્કાલીક તેમાં કોઈ નિર્ણય પર ઠંડુ પાણી રેડી દીધુ છે.

નાણામંત્રાલયે સ્પષ્ટ કરી દીધુ છે કે, પંચના અધ્યક્ષ અને કમીટીના સભ્ય નકકી થઈ જાય ત્યાર બાદ પંચની રચના અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવશે. સરકારે હજુ આ નવા પગારપંચના કામકાજ એટલે કે ટર્મ ઓફ રેફરન્સ અંગે પણ કોઈ આખરી નિર્ણય લીધો નથી

પગારપંચના માધ્યમથી કેન્દ્ર સરકારના એક કરોડથી વધુ કર્મચારીઓને એક જાન્યુ. ૨૦૨૬થી નવા પગાર ભથ્થાનો લાભ મળશે પરંતુ તેની ભલામણો અને અમલ એ આગામી વર્ષના અંત પહેલા થાય તેવી શકયતા નથી.

ગઈકાલે લોકસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આ અંગે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે,

અનુસંધાન પાના ૭ પર

# ધનખરના રાજીનામા પાછળનું કારણ જુદુ છે : જયરામ રમેશે

### જગદીપ ધનખરને દેશ ભકત ગણાવતા કપિલ સિબ્બલ

નવી દિલ્હી, તા. ૨૧

વિપક્ષ જગદીશ ધનખરના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી અચાનક રાજીનામા પર સવાલ ઉઠાવી રહ્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક પોસ્ટમાં કહ્યું- આ અણધાર્યા રાજીનામામાં દેખીતી વાત કરતાં ઘણું બધું છે. પીએમ મોદીએ ધનખરને પોતાનો વિચાર બદલવા માટે મનાવવા જોઈએ. આ રાષ્ટ્રીય હિતમાં રહેશે. ખાસ કરીને ખેડૂત સમુદાયને ઘણી રાહત મળશે.

શિવસેના (UBT)ના નેતા આનંદ દુબેએ કહ્યું- સ્વાસ્થ્યના કારણોસર ઉપરાષ્ટ્રપતિના રાજીનામાના સમાચાર ચિંતાજનક છે. અમે તેમને શુભેચ્છા પાઠવીએ છીએ. ચોમાસુ સત્રનો પહેલો દિવસ હતો અને તે જ દિવસે તેમનું રાજીનામું આશ્ચર્યજનક છે. આ સરકારમાં શું ચાલી રહ્યું છે? જો સ્વાસ્થ્ય ચિંતાનો વિષય હોત, તો રાજીનામું સત્રના થોડા દિવસ પહેલા અથવા પછી આપી શકાયું હોત.સીપીઆઈ સાંસદ પી. સંધોષ કુમારે કહ્યું- આ ઘટનાક્રમ સંપૂર્ણપણે અણધાર્યો છે અને તેની પાછળના કારણો શું છે તે અમને ખબર નથી. મને નથી લાગતું કે ભારતના રાષ્ટ્રપતિ તેને સ્વીકારશે. ધનખર તરફથી શરૂઆતની પ્રતિક્રિયા હોઈ શકે છે. તેઓ કેટલીક ઘટનાઓથી નાખુશ હોઈ શકે છે.

જયરામ રમેશે કહ્યું- આજે (૨૧ જુલાઈ) સાંજે લગભગ ૫ વાગ્યા સુધી હું તેમની સાથે ઘણા અન્ય સાંસદો સાથે હતો. મેં સાંજે ૭.૩૦ વાગ્યે તેમની સાથે ફોન પર વાત કરી. એ સ્પષ્ટ છે કે તેમના રાજીનામા પાછળ દેખીતી વાત કરતાં કંઈક વિશેષ છે. જોકે, આ અટકળોનો સમય નથી.

રમેશે કહ્યું કે ધનખરે સરકાર અને વિપક્ષ બંનેને

અનુસંધાન પાના ૭ પર

# ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં વાદળ ફાટતા પૂરમાં ચાર લોકોનાં મોત

### એકાએક વિનાશક પુર આવતા ૧૫ લોકો ગુમ

નવી દિલ્હી, તા. ૨૧

કરાચી. ગિલગિટ-બાલ્ટિસ્તાન (GB) ના ડાયમર જિલ્લામાં સોમવારે મુશળધાર વરસાદ બાદ આવેલા પૂરમાં ભારે વિનાશ થયો. બાબુસર વિસ્તારમાં ચાર પ્રવાસીઓના મોત થયાના અહેવાલ છે. બે લોકો ઘાયલ થયા છે, જ્યારે ૧૫ લોકો ગુમ છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં હવામાન પરિવર્તનની વિનાશક અસરો જોવા મળી રહી છે, જયાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરથી સમગ્ર પ્રદેશમાં ભારે વિનાશ થયો છે.

ગિલગિટ-બાલ્ટિસ્તાન સરકારના પ્રવક્તા ફૈઝુલ્લાહ ફારાકે જણાવ્યું હતું કે થાક વિસ્તારમાં પૂરને કારણે આઠ પ્રવાસી વાહનો તણાઈ ગયા હતા.ફૈઝુલ્લાહ ફારાકે લગભગ ૧૫ પ્રવાસીઓના ગુમ થવાની પુષ્ટિ કરી છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળી આવ્યા છે. આ મૃતકોમાં એક મહિલા પણ છે, જે પંજાબના લોધરનની રહેવાસી હતી. ઘાયલો અને મૃતકોને સ્થાનિક હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# મુંબઈ સિરીયલ બ્લાસ્ટના ૧૨ આરોપીઓને છોડી દેવાના નિર્ણયને સુપ્રિમ કોર્ટમાં પડકાર

### ટ્રેન સીરિયલ બ્લાસ્ટ કેસમાં ટ્રાયલ કોર્ટે દોષિત ઠરાવેલા આરોપીઓને હાઈકોર્ટે નિદોર્ષ ઠરાવતા મામલો સુપ્રિમ કોર્ટમાં

નવી દિલ્હી, તા. ૨૧

મુંબઈ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં, બોમ્બે હાઈકોર્ટે પુરાવાના અભાવે ૧૯ વર્ષ પછી ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. હાઈકોર્ટના આ નિર્ણયથી દેશની ન્યાયિક અને રાજકીય વ્યવસ્થામાં ખળભળાટ મચી ગયો છે. કેન્દ્ર સરકાર વતી, સોલિસિટર જનરલ (SG) એ આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો.

સોલિસિટર જનરલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આ કેસમાં તાત્કાલિક સુનાવણીની જરૂર છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રની અપીલની નોંધ લેતા કહ્યું છે કે તે ગુરુવારે આ મામલાની સુનાવણી કરશે. કોર્ટ નક્કી કરશે કે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે આપવો કે નહીં અને કેસની આગળની સુનાવણી કઈ દિશામાં આગળ વધશે.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર સરકારના એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) એ પણ બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૦૬ માં મુંબઈ લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટના કેસમાં બોમ્બે હાઈકોર્ટે સોમવારે પોતાનો ચુકાદો આપ્યો હતો. આ કેસમાં, કોર્ટે ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે તેમને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પેશિયલ ટાડા કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આમાંથી ૫ આરોપીઓને મૃત્યુદંડ અને ૭ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હાઈકોર્ટે બધા આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે અને તેમને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

આ નિર્ણય ૧૯ વર્ષ પછી આવ્યો છે. ન્યાયાધીશ અનિલ કિલોર અને ન્યાયાધીશ એસ. ચાંડકની ડિવિઝન બેન્ચે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓનો કોઈ નક્કર

અનુસંધાન પાના ૭ પર

# રિલાયન્સ કોમ્યુ.સામે સ્ટેટ બેંક દ્વારા સીબીઆઈમાં ફરિયાદ

### ધીરાણ ફ્રોડ મુદ્દે ફરિયાદ નોંધાતા અનિલ અંબાણીની મુશ્કેલી વધી

નવી દિલ્હી, તા. ૨૧

ભારતીય ઔદ્યોગીક જગતમાં કમ બેક કિંગ તરીકે જાણીતા બની રહેલા એક સમયના ટોચના ઉદ્યોગપતિ અને રીલાયન્સ-અંબાણી પરિવારના સભ્યો અનીલ અંબાણીની મુશ્કેલી ફરી વધે તેવા સંકેત છે.દેશની ટોચની રાષ્ટ્રીયકૃત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ રીલાયન્સ કોમ્યુનિકેશન દ્વારા મેળવાયેલ ધીરાણને 'ફ્રોડ' જાહેર કરવાની સાથે સીબીઆઈ સમક્ષ ફરીયાદ નોંધાવી છે જેના કારણે અનીલ અંબાણી અને આ કંપનીના સાથે સંકળાયેલા તમામ સામે હવે ફોજદારી ધારા હેઠળ બેંક સાથે છેતરપીડી સહિતના કેસ દાખલ થશે.અગાઉ જ સ્ટેટ બેંકે રીઝર્વ બેંકના આદેશ મુજબ રીલાયન્સ ઈન્ડ.ના રૂપિયા ૨૨૨૭.૬૪ કરોડના ધીરાણને ફ્રોડ જાહેર કર્યુ હતું. આ ઉપરાંત રૂા.૭૮૬.૫૨ કરોડનું ધીરાણ જે બેંક ગેરંટી સ્વરૂપે આપવામાં આવ્યું હતુ તે પણ ફ્રોડ જાહેર થયું છે.તેમાં હવે તપાસ એજન્સી સીબીઆઈ સમક્ષ બેંકે ફરીયાદ નોંધાવી છે.

# રિફંડ માટે આઈટી રીટર્ન ફરજિયાત ભરવામાંથી મુકિત આપવા ભલામણ

### આવક વેરા ખરડામાં સંસદીય સમિતિએ મહત્વના સૂચનો કર્યા

નવી દિલ્હી, તા. ૨૧

દેશમાં લગભગ ૬૫ વર્ષ બાદ આવકવેરાના કાનૂનમાં ધરખમ ફેરફાર કરવા માટે સંસદમાં રજૂ થયેલા સંસદીય સમિતિના ૪૫૭૫ પાનાના રીપોર્ટમાં એક તરફ વિલંબથી આવકવેરા રીટર્ન ફાઈલ કરનારને પણ ડયુ રીફંડ મળે તે ભલામણ કરવામાં આવી છે.

તો સાથોસાથ નવા પ્રસ્તાવિત કાનૂનમાં જે રીતે નોન પ્રોફીટ ઓર્ગેનાઈઝેશન એટલે કે નફો નહી ધાર્મીક અને સામાજીક કામ કરતી સંસ્થાઓમાં તેમના મળતા ગુપ્ત દાનને પુરેપુરી રીતે આવકવેરા હેઠળ આવરી લેવાની જે ભલામણ છે તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

સંસદમાં રજુ થયેલ કમીટીના રીપોર્ટ પર હવે સંભવત આજથી ચર્ચા શરૂ થશે અને આગામી એક કે બે દિવસમાં ઈન્કમટેકસ એકટ ૧૯૬૧નું સ્થાન નવો ૨૦૨૫નો કાનૂન લઈ લેશે.સૌથી મહત્વનું છે કે, સંસદીય સમીતીએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું છે કે જો કોઈ કરદાતા નિશ્ચિત સમય સીમા પછી તેનું આવકવેરા રીટર્ન ફાઈલ કરે તો તેને ટેકસ રીફંડનો લાભ નહી આપવાની જે પ્રસ્તાવિત જોગવાઈ છે તે યોગ્ય નથી.

સમીતીએ વિલંબથી રીટર્ન ફાઈલ કરનારને તેનું ડયુ ટેકસ રીફંડ મળવું જોઈએ તેવી ભલામણ કરી છે. સૌથી મહત્વપૂર્ણ એ છે કે આ પ્રકારના કરદાતાઓ જે આવકવેરાની મર્યાદામાં આવતા નથી છતા પણ

અનુસંધાન પાના ૭ પર

# સીબીએસઈની તમામ શાળામાં સીસીટીવી કેમેરા ફરજીયાત

### વિદ્યાર્થીઓની સુરક્ષા માટે લેવાયેલા નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૧

શાળાઓમાં સલામતી અંગે CBSE એ એક મોટું પગલું ભર્યું છે. CBSE એ શાળાઓમાં સલામતી અંગેના તેના પેટા-નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે બધી શાળાઓ માટે ઉચ્ચ-રિઝોલ્યુશન CCTV કેમેરા લગાવવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે.

જેમાં ઑડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ સુવિધાનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ કેમેરા શાળાના પ્રવેશદ્વાર અને બહાર નીકળવાના દરવાજા, કોરિડોર, સીડી, બધા વર્ગખંડો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, કેન્ટીન, સ્ટોર રૂમ, રમતનું મેદાન અને અન્ય સામાન્ય વિસ્તારોમાં સ્થાપિત કરવામાં આવશે.

આ નિયમમાંથી ફક્ત શૌચાલયને બાકાત રાખવામાં આવ્યા છે. આ કેમેરા વાસ્તવિક સમયમાં રેકોર્ડ કરશે, જે શાળાઓમાં સુરક્ષામાં વધારો કરશે.

જારી કરાયેલ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, 'વિદ્યાર્થીઓની સલામતી એ કોઈપણ શાળાની સર્વોચ્ચ

અનુસંધાન પાના ૭ પર

# જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં ભુસ્ખલનમાં પાંચ લોકોનાં મોત

### ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર સહિત ૫ રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કરાયું

નવી દિલ્હી, તા. ૨૧

સોમવારે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં વરસાદ અને ભૂસ્ખલનને કારણે ૫ લોકોનાં મોત થયા હતા. મૃતકોમાં ૫ વર્ષનો બાળક પણ સામેલ છે. ભૂસ્ખલનની વિવિધ ઘટનાઓમાં ઘણા લોકો ઘાયલ પણ થયા છે.

જમ્મુના રિયાસીમાં વૈષ્ણો દેવી મંદિર જતા રસ્તામાં ભૂસ્ખલનમાં ૭૦ વર્ષીય એક શ્રદ્ધાળુનું મોત થયું હતું અને ૯ લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન હિમાચલના ચંબામાં એક નવપરિણીત યુગલના ઘર પર પથ્થર પડતાં તેનું મોત નીપજ્યું હતું. રાજ્યમાં ૪૦૧ રસ્તા બંધ છે.બીજી તરફ મધ્યપ્રદેશના મંડલા



જિલ્લામાં કાન્હા ટાઈગર રિઝર્વમાં પૂરમાં એક વાઘ વહી ગયો હતો. વાઘ બંજર નદીમાં તરતો જોવા મળ્યો હતો. જબલપુર સહિત રાજ્યના ૧૨ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,

અનુસંધાન પાના ૭ પર



# રિઝર્વેશન રદ કરવાનું આશ્વાસન નહિ તેને અમલ કરાવો નહિતર ફરીથી આંદોલન કરવા ચીમકી

## અસરગ્રસ્તો દ્વારા રિઝર્વેશન રદ કરવા મેયર, કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને રજુઆત

સુરત, તા.૨૨

કતારગામમાં પ્રિલિમનરી ટી.પી સ્કીમ નંબર-૪૯ (કતારગામ) ટીપી-૫૦ (વેડ-કતારગામ) ટીપી.-૫૧ (ડભોલી)ના રિઝર્વેશન પીડિત પરિવાર સમિતિ દ્વારા ઈરાદાપૂર્વક દાખલ કરેલ રિઝર્વેશનોને તાત્કાલિક ધોરણે રદ કરવા અંગે આજરોજ કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન ને રજૂઆત કરી હતી.

રિઝર્વેશન પીડિત પરિવાર સમિતિના ઉમેશભાઈ ઝડફિયાએ જણાવ્યું હતું કે, રિઝર્વેશન રદ કરવાનું આશ્વાસન નહિ તેને તાત્કાલિક રીતે અમલ કરાવો અને લીધેલ કબજા પરત કરવા અંગે મેયર, કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને આજરોજ રજુઆત કરવામાં આવી હતી. છેલ્લા ૨૦ થી ૭૫ વર્ષો જુની મિલકતમાં અને કતારગામની આશરે ૧.૫૦ લાખ (દોઢ લાખ) લોકોને અસર કરતી મિલકતો મકાન, ખુલ્લા પ્લોટ, સોસાયટીની વાડી અને રસ્તાઓ પર રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે અગાઉના વર્ષમાં મંજુર કરવામાં આવેલ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં રીઝર્વેશન હતા નહિ, અને રાતોરાત બેધડક રીતે રિઝર્વેશન મુકવામાં આવ્યા છે. આ રિઝર્વેશન વાળી મિલકતનો ઉપયોગ કતારગામ વિસ્તારમાં વસવાટ કરતા નાના-મધ્યમ પરિવારો ઘણા વર્ષો થી કરે છે તેમજ સરકારી રેકોર્ડની તપાસ કરાવ્યા બાદ આ મિલકતની ખરીદી કરી હતી ત્યારે ખરાઈ કરતી વખતે કોઈ રિઝર્વેશન દાખલ હતા નહી, જેથી સચોટપૂર્વક અને સરકારી કચેરી પર વિશ્વાસ રાખીને આ મિલકતની ખરીદી કરી હતી. સોસાયટીની વાડી, રહેઠાણ મકાનો, ખુલ્લા પ્લોટો અને રસ્તાઓ પર આડેધડ મનફાવે તે રીતે અને ઈરાદાપૂર્વક રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે. સોસાયટીના વાડીમાં સામાજિક, શૈક્ષણિક, રાજકીય કે ધાર્મિક તહેવારોની ઉજવણી કરતા હોય છે તેમજ લગ્ન પ્રસંગો પણ કરતા હોય છે. આ રીઝર્વેશન રદ ન થાય તો કતારગામની ૧.૫૦ લાખ લોકોના જીવનધોરણ પર

અનુસંધાન પાના ૭ પર

# વાળુકડની વિદ્યાર્થીની મનાલી પરમાર ઈન્ડિયા હેન્ડબોલ ટીમમાં સિલેક્ટ

## લોક વિદ્યાલય વાળુકડનું ગૌરવ વધારતી કુ.મનાલી

સુરત, તા.૨૨

શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત લોક ⌅ વિદ્યાલય વાળુકડના સ્થાપક નાનુભાઈ શિરોયાના માર્ગદર્શન નીચે ડી.એલ.એસ.એસ સ્પોર્ટ્સ સંકુલ વર્ષ: ૨૦૧૪-૧૫ થી કાર્યરત છે. એમાં હોકી અને હેન્ડબોલ રમત ચાલુ છે. અગાઉના વર્ષોમાં આ સંસ્થાની પ્રતિભાશાળી ખેલાડીઓ રાજ્ય કક્ષાએ તથા નેશનલ કક્ષાએ તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ અવ્વલ નંબરે રહી છે. પરંતુ આ વખતે ખુશીના સમાચાર છે. સંસ્થાની વિદ્યાર્થીની પરમાર મનાલીબેન રાજુભાઈ ધોરણ -૧૨ એ ઈન્ડિયન હેન્ડબોલ' ટીમમાં સિલેક્ટ થયેલ છે.



તેઓ વર્ષ: ૨૦૧૮ થી ડી.એલ.એસ.એસ. માં એડમિશન મેળવી ૭ વર્ષથી હેન્ડબોલ રમતમાં પ્રેક્ટીસ કરી રહી છે. તેઓ ચાઈનામાં ઈન્ટરનેશનલ લેવલે હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં હાલમાં રમી રહી છે. સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ તથા સંસ્થાના શુભેચ્છકોએ રાજીપો વ્યક્ત કર્યો છે. લોકો વિદ્યાલય વાળુકડનું ગૌરવ દેશના સીમાડા વટાવી ચાઈના સુધી પહોંચ્યું છે. સંસ્થા પરિવાર તેમને શુભકામનાઓ પાઠવે છે.



# સહકારી બેંકો તથા ક્રેડીટ સોસા. માટે બારડોલીમાં સેમિનાર યોજાયો

## સહકારી મંડળીઓએ વાર્ષિક રીટર્ન ફાઈલ કરવા ફરજીયાત છે : સીએ. મિતીશ એસ. મોદી



સુરત, તા.૨૨

સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) દ્વારા ૧૯ જુલાઈ ૨૦૨૫ના રોજ નાગરિક સહકારી બેંકો તથા અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઓના હોદ્દેદારો માટે વિશિષ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં સંઘના અધ્યક્ષશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ, સંઘના માનદમંત્રીશ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલ, સ્કોબાના ચેરમેનશ્રી ગૌતમભાઈ ઊમિયાશંકર વ્યાસ, સંઘના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ રામજીભાઈ લાઠીયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી મિતીશભાઈ મોદી, શ્રી સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી મુકેશભાઈ વનમાળીભાઈ પટેલએ પણ વિશિષ્ટ ઉપસ્થિતિ નોંધાવી હતી. આ સેમીનારમાં સમગ્ર સુરત શહેર અને જીલ્લામાંથી વિવિધ નાગરિક સહકારી બેન્કો અને કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઓના ૨૨૫ થી વધુ પ્રતિનિધીઓએ ભાગ લીધો હતો.

સેમિનારના શુભારંભમાં સ્વાગત પ્રવચન સંઘના ડિરેક્ટર શ્રી બાબુભાઈ વનમાળીભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલ અને સ્કોબાના ચેરમેન શ્રી ગૌતમભાઈ ઊમિયાશંકર વ્યાસ તથા સંઘના અધ્યક્ષશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું. જેમાં તેમણે સહકારી ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિ, ભાવિ દિશાઓ તથા નાની સહકારી સંસ્થાઓના સશક્તિકરણ પર ભાર આપ્યો હતો. સેમિનારમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતીશભાઈ મોદી દ્વારા ઈન્કમ ટેક્ષ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે

અનુસંધાન પાના ૭ પર



# ઓલ ઇન્ડિયા બિગ બોસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રામેશ્વર ઇલેવન ચેમ્પિયન

## ખેરગામ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન



ખેરગામ, તા.૨૨

ખેરગામના ભસ્તા ફળીયા ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ઓલ ઈન્ડિયા બીગ બોસ રબર ટુર્નામેન્ટનું ખેરગામના પ્રતિક પટેલ,અંકુર રાઠોડ, કિશન રાઠોડ,સુભાષ પટેલ દ્વારા ભવ્ય આયોજન આદિવાસીની પરંપરા મુજબ કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ ઉદ્ઘાટન ડૉ.નિરવ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.ટુર્નામેન્ટમાં બાર જેટલી ટીમે ભાગ લીધો હતો.ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલની અંતિમ મેચમાં રામેશ્વર ઈલેવન અને બિરસા ઈલેવન વચ્ચે રમાઈ હતી જેમાં પ્રથમ બેટિંગ બિરસા ઈલેવન એ કરી ૮ ઓવર માં ૯૦ રન નો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં રામેશ્વર ઈલેવને રન ચેસ કરી ચેમ્પિયન નો તાજ પોતાના શિરે કર્યો હતો. જેમાં બેસ્ટ બોલર સુરેશ વરથા બેસ્ટમેન જીતેશ રાઠોડ બેસ્ટ ફિલ્ડર યુવી તેમજ મેન ઓફ ધ સિરીઝ જીતેશ રાઠોડ રહ્યા હતા આ તમામ ખેલાડી મિત્રોને ઉપસ્થિત આદિવાસી ખેરગામના ડેપ્યુટી સરપંચ જગદીશભાઈ,આદિવાસી અગ્રણી ડૉ દેવેન્દ્ર માહાલા,સુમિત્રા બેન,આશિષ પટેલ,અનુરાગ પટેલ,મહિન્દ્ર પટેલ,પારડી ડુંગરીના સરપંચ રવીન્દ્ર પટેલ, ડૉ.પ્રદીપ ગરાસિયા,ખેરગામના ડેપ્યુટી સરપંચ જગદીશભાઈ પટેલ,પંકજ પટેલ,જીગ્નેશ પટેલ સહિતના અગ્રણીઓએ આદિવાસીની પરંપરા મુજબ આદિવાસી ખેલાડી મિત્રોને ટોપી પહેરાવી વિજેતા ટીમને તેમજ રનર્સ અપ ટીમને રોકડ તેમજ ટ્રોફીનું વિતરણ કરતા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.ખેરગામ ભસ્તા ફળિયા ક્રિકેટ

અનુસંધાન પાના ૭ પર

# આરપીઆઈ દ્વારા અડાજણમાં જનસંપર્ક મિટીંગનું આયોજન

સુરત, તા.૨૨

ભારત રત્ન ડો બાબાસાહેબ આંબેડકરજી ના પ્રૌત્ર ભીમરાવ યશ ંવતરાવ આંબેડકર સ્થાપિત રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા ના સંગઠન ને સુરત શહેર, જીલ્લા, ગુજરાત પ્રદેશ માં મજબુત કરવા ના ભાગરુપે રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા (ભીમરાવ આંબેડકર ) ગુજરાત પ્રદેશ મહીલા અધ્યક્ષ આશાબેન મંગળે ના અધ્યક્ષપદે,તેમજ રીપ્બલીકનપાટીના ગુજરાતપ્રદેશ અધ્યક્ષ દિલીપ કે સીરસાઠ,ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ હંસરાજભાઈ સંસાને ગુજરાત પ્રદેશ મહાસચિવ સુભાષભાઇ ઝાડે ના મુખ્ય મહેમાનપદે,સોમ ચિતામણી અડાજણ સુરત ખાતે સંગઠન ને મજબૂત કરવા હેતુ મિટીગ નું આયોજન કરેલ હતું આ પ્રસંગે રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા અડાજણ શાખા ના અધ્યક્ષપદે સપનાબેન તાયડે તેમજ ૧૧હોદદારો ની નિમણૂક કરવામાં આવી હતી આ પ્રસંગે રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ મહીલા મહામંત્રી સુંનંદા બેન નગરાળે,સુરત શહેર અધ્યક્ષ સંધ્યાબેન ભગત, મહાસચિવ સુષ્માબેન

અનુસંધાન પાના ૭ પર



# રાંદેર પીપલ્સ બેંકની ૧૦૨ મી વાર્ષિક સભા સંપન્ન

## મંત્રીશ્રી મુકેશ પટેલે સાંસદ મુકેશ દલાલ, કમલેશ સેલરની કામગીરીને બિરદાવી

સુરત, તા.૨૨

જહાંગીરપૂરા સ્થિત કોમ્યુનિટી હોલમાં ગત રવિવારે ધી રાંદેર પીપલ્સ કો.ઓ.બેંકની ૧૦૨ મી વાર્ષિક સાધારણ સભા ખુશનુમય માહોલ વચ્ચે સંપન્ન થઈ હતી.આમ તો પરંપરાગત ગત શૈલી વચ્ચે જ દર વર્ષે આ સભા રહે છે પણ આ વખતે દસ વર્ષના સમયની મર્યાદા પછી સહકારી બેંકોમાં ડીરેકટર્સ નહી રહી શકે તેવાં માન.રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને માન.કેન્દ્ર સરકારશ્રીના આદેશને દેશમાં સૌ પ્રથમ માન રાખી સ્વૈછિક રીતે રાજીનામુ આપનાર સાત ડીરેકટશ્રીઓની વિદાય અને તેમના સન્માન સાથે ભાવવહી દ્રશ્યો ખડા થયા હતા જેમણે બેંક ચેરમેન શ્રી કમલેશભાઈ સેલરના સુકાન હેઠળ બેંકને પ્રવાહિતા આપી બેંક ને પ્રગતિના માર્ગે મૂકી હતી, ઉપરાંત ડો. મુકુલ ચોક્સી પ્રેરિત "ખુશ્બુ રાંદેર કી"ના બાર આગેવાનોનું પણ સમોચિત સન્માન કરાયું હતું આ જ સભામાં દિપપ્રાગટય સાથે શોભાની અભિવૃદ્ધિ બનેલા ગુજરાત સરકારનાં મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે અને સુરતના સાંસદશ્રી મુકેશભાઈ દલાલે પણ બેંકને મર્જર થવાના કપરા સંજોગોમાંથી ચેરમેન કમલેશભાઈ સેલર અને ટીમ બેંકેને કેવી રીતે બહાર કાઢી તેનો ઉલ્લેખ કરી સૌની કામગીરીને વધાવી હતી. સભામાં સિદ્ધહસ્ત મહેમાન, સભ્યોના સન્માન વચ્ચે સ્વચ્છતા ક્ષેત્રે ભારતના અભિયાનને સાર્થક ઠેરવનાર સુરત મહાનગર પાલિકાનાં પશ્ચિમ ઝોનના કોર્પોરેટર શ્રીમતી ગૌરીબેન સાપરીયા અને કોર્પોરેટર કૃણાલ સેલરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ગત વર્ષની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને સેક્રેટરી શ્રીમતી હેનીબેન પટેલએ રજુ કરી હતી જેને શ્રી દિલીપભાઈ જરીવાલાએ ટેકો આપ્યો હતો, સને ૨૦૨૪-

અનુસંધાન પાના ૭ પર

# ડાયવર્ઝ માટે ખોલેલા અધુરા એક્સપ્રેસ હાઈ-વે પર ટોલ વસુલી બંધ કરવા માંગ

## પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા કલેક્ટરને રજૂઆત

સુરત, તા.૨૨

સુરત જિલ્લાના GJ -૧૯ અને GJ - ૦૫ ના વાહન ચાલકોને કામરેજ અને ભાટિયા ટોલનાકા ખાતે ટોલટેક્ષ માંથી મુક્તિ આપવા બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત જિલ્લા કલેક્ટર સમક્ષ માંગણી રજૂ કરી જણાવ્યું હતું કે, સુરત જિલ્લાનાં કામરેજ ખોલવાડ ખાતે ને.હા.નંબર ૪૮ પર અમદાવાદ થી મુંબઈ જતાં લેન પર બ્રિજ ક્ષતિજત હોવાથી રિપેરિંગ માટે સરકાર દ્વારા એક મહિનો બંધ કરીને વાહનોને ડાયવર્ઝન આપવા માટે કીમ થી એના સુધીનો એક્ષપ્રેસ હાઈવે ખુલ્લો કરી દેવામાં આવ્યો છે અને તેની ઉપર ટોલટેક્ષ ઉઘરાવવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. અમદાવાદ થી મુંબઈ જતાં લેન પર બ્રિજ બંધ કરવાને કારણે સ્થાનિક નાગરિકો,ખેડૂતો અને નોકરીયાતો રોજ રોજનો મોટો ફેરાવો કરવો પડી રહ્યો છે તેમજ એક્ષપ્રેસ હાઈવે નું કામ હજી સુધી પૂર્ણ થયેલ નથી તેમ છતાં બ્રિજ રિપેરિંગના કામ માટે ડાયવર્ઝન કરી ખોલેલ અધૂરા એક્ષપ્રેસ હાઈવે પર સમાચાર પત્રના દ્વારા મળેલ માહિતી મુજબ કારના એક તરફ ૯૫ રૂપિયા અને ટ્રક –બસના ૩૨૫ રૂપિયા ટોલટેક્ષ સ્થાનિક વાહનચાલકો પાસે વસૂલ કરવામાં આવી રહેલ છે.જેને કારણે સ્થાનિક નાગરિકોના એક બાજુ સમય અને બીજી બાય નાણાં ખોટી રીતે વ્યય થઈ રહેલ છે. જાગૃત નાગરિકો અને સ્થાનિક ખેડૂતો દ્વારા અમોને રજૂઆત કરવામાં આવી છે કે, હાલમાં એક્ષપ્રેસ હાઈવે કામ પૂર્ણ થયેલ નથી અને ટોલટેક્ષ સ્થાનિક વાહન ચાલકો પાસે પણ પૂરેપૂરો વસૂલ કરવામાં આવી રહેલ છે.

વધુમાં જણાવવાનું કે એક્ષપ્રેસ વે પરથી આવવા વાળા વાહન ચાલકો છે તેમણે કામરેજ ટોલનાકા ખાતે ટોલટેક્ષ આપ્યા બાદ પરત ફરતી સમયે ભાટિયા ટોલનાકા ખાતે પણ ટોલટેક્ષ ચુકવવો પડે તેમ છે. જે સ્થાનિક નાગરિકો સાથે અન્યાય થઈ રહ્યો હોય એવું લાગી રહ્યું છે.આપશ્રી મારી ઉપરોક્ત રજૂઆત ને ધ્યાને રાખી સુરત જિલ્લાનાં કામરેજ ખોલવાડ ખાતે ને.હા.નંબર

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજનો શૈક્ષણીક ઉત્કર્ષ કાર્યક્રમ યોજાયો

## ગુરૂ બ્રાહ્મણ સમાજની યુવા ટીમની કામગીરીને બિરદાવાઈ

સુરત, તા.૨૨

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ સૂરત ઘટક નો શૈક્ષણીક ઉત્કર્ષ રૂપી "વિનામૂલ્યે નોટબુક વિતરણ" નો કાર્યક્રમ વેડરોડ સ્થિત મેઘ મહાર ભવન ખાતે સૂરત શહેર પત્રકાર સંઘના પ્રમુખ અને પુર્વ બીજેપી સૂરત મહાનગર નાં ટ્રેઝરર શ્રી અશોકભાઈ ગોહિલના અધ્યક્ષપદે તથા મેઘ મહાર ભવન વેડરોડ નાં ઉપપ્રમુખ/ સ્થાપક ટ્રસટી શ્રી વિનયભાઈ રૂપવટે અને સોરઠીયા સમાજ યુવા અગ્રણી ને અખિલ ભારતીય કામદાર મજદૂર સંઘના શ્રી દિપકભાઈ સરવૈયા નાં અતિથિવિશેષ પદે યોજાયેલ.

જેમાં અધ્યક્ષપદે થી શ્રી અશોકભાઈ એ, કર્મકાંડ થી ઊપર ઊઠીને.. બ્રામણ સમાજની આ યુવા હોદ્દેદારોની દૂરદર્શી રૂપી શિક્ષણ. સવિધાન ને સમાજ કેળવણીનાં પ્રયાસ કાર્યક્રમના આયોજન સહિત. જો સમાજનાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં અમુક ટકાની ઉપર માર્ક સાથે પાસ થયેથી. ઊચ્ચ અભ્યાસ માટે તમામ શૈક્ષણિક ખર્ચ " કે. પી. ગ્રુપ"ને ભલામણ દ્વારા આપવામાં આવે તે માટે પ્રોત્સાહીત કર્યા હતા. અતિથિવિશેષ પદે શ્રી

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય સામ્યવાદી પક્ષ ગુજરાત રાજ્યનું સંમેલન વડોદરા ખાતે મળશે

## તા.૨૬મીએ સંમેલનને રાષ્ટ્રીય મંત્રી ડો. ભાલચંદ્ર કોંગો ખુલ્લુ મુકશે

સુરત, તા.૨૨

ભારતીય સામ્યવાદી પક્ષ ગુજરાત રાજ્યનું ત્રી વાર્ષિક સંમેલન વડોદરા મકરપુરા ખાતે બિરાદર ભગવાનજી વરુ નગર, કેરલા સમાજના હોલમાં તારીખ ૨૬ અને ૨૭મી જુલાઈના રોજ યોજવામાં આવ્યું છે. પક્ષના રાજ્ય મંત્રી બિરાદર વિજય શેણમારે પક્ષની અખબારી યાદીમાં જણાવ્યું છે.સંમેલનનું ઉદઘાટન તારીખ ૨૬મી બપોરે ૪-૦ વાગે પક્ષના રાષ્ટ્રીય મંત્રી બિરાદર ડો. ભાલચંદ્ર કાંગો કરશે. આ રાજ્ય સંમેલનમાં સેન્ટ્રલ પાર્ટી તરફથી નિરીક્ષક તરીકે પક્ષના રાષ્ટ્રીય મંત્રી તથા વિશ્વ શાંતિ સમિતિના અધ્યક્ષ બિરાદર પલ્લવ સેનગુપ્તા હાજર રહેશે.બીજા દિવસે રાજ્ય સંમેલનના ડેલિગેટોનું સેશન શરૂ થશે. જેમાં પક્ષના ગુજરાત રાજ્યમાંથી ડેલિગેટો ભાગ લેશે. રાજ્ય સંમેલનમાં બે મુખ્ય રિપોર્ટ રાજકીય ઠરાવ તથા સંગઠનાત્મક ઠરાવ પક્ષના રાજ્ય મંત્રી વિજય શેણમારે દ્વારા રજૂ કરવામાં આવશે. જેના ઉપર ડેલિગેટો ચર્ચા વિચારણા કરી પાસ કરવામાં આવશે. સંમેલનમાં લોકોની જવલંત સમસ્યાઓ અને માંગણીઓ બાબતે વિવિધ ઠરાવો કરવામાં આવશે. સંમેલનમાં ત્રણ વર્ષ માટે પક્ષના રાજ્ય સમિતિના હોદ્દેદારો, કારોબારી તથા કાઉન્સિલના સભ્યોની ચૂંટણી કરવામાં આવશે. વધુમાં પક્ષના રાજ્ય મંત્રી બિરાદર વિજય શેણમારેએ જણાવ્યું છે કે પક્ષનું ૨૫મું રાષ્ટ્રીય અધિવેશન આગામી તારીખ ૨૧ થી ૨૫ સપ્ટેમ્બર માં ચંડીગઢ (પંજાબ) ખાતે મળશે.

# સુરતના પાંચ મિત્રોએ લદાખમાં આવેલા દુનિયાના સૌથી ઊંચા ઉંમલિંગલા પાસને સર કર્યું

સુરત, તા.૨૨

સુરતથી પાંચ મિત્રોએ લદાખમાં આવેલ દુનિયાના સૌથી ઊંચા જ્યાંથી ગાડી લઈ શકાય એવા ઉંમલિંગલા પાસને સર કયું જેની ઊંચાઈ ૧૯૦૨૪ ફિટ એટલે કે ૫૭૯૯ મીટર ઊંચી છે. જ્યારે એવરેસ્ટ બેઝ કંપની ઊંચાઈ માત્ર ૧૭૫૯૮ ફીટ જ છે. આ મુશ્કેલીભરી મુસાફરી તેઓએ આઠ દિવસોમાં મોટર સાયકલ દ્વારા પૂરી કરી. જ્યાં માત્ર પચાસ ટકા જ ઓક્સિજન મળે છે.

સુરતથી પાંચ મિત્રો ડો. નિહાલ પટેલ જેઓ બાળરોગ નિષ્ણાત છે. આ સિવાય મોહિત નાકરાણી ટેક્સટાઈલ ઉદ્યોગ, અભય ચોક્સી શેર બજાર અને પિયુષ ધોરાજીયા અને દિનેશ નાથાણી જમીન વ્યવસાય સાથે સંકળાયેલ છે.

તેઓને આ મુસાફરી દરમ્યાન માઈનસ ડિગ્રીનું




તાપમાન, વરસાદ, તૂફાનનો અને એક્યુટ માઉન્ટેન સિકનેસનો સામનો કરવો પડ્યો હતો.

ઉમલિંગલા પાસથી ચીનની સીમા માત્ર ૨૪ કિલોમીટર જ દૂર છે. પાંચેય મિત્રોએ ત્યાં પહોંચીને નીતિન ગડકરીને અને બોર્ડર રોડ ઓર્ગનીઝેસનને આ સિદ્ધિ હાંસિલ કરવા માટે શુભેચ્છા આપી હતી. આ મુસાફરી દરમિયાન તેઓએ સાત મુશ્કેલ પાસની સફર કરી હતી જેમાં સિરસિર લા પાસ (૪૮૦૦ મીટર), સિંગે લા પાસ (૫૦૦૦ મીટર), નકીલા પાસ (૪૭૩૯ મીટર) શિંકુ લા પાસ (૫૦૯૧ મીટર) લા ચુંગ લા પાસ (૫૦૫૯ મીટર) ફોટીલા પાસ (૫૫૨૪ મીટર) અને ઉમલિંગલા પાસ (૫૭૯૯ મીટર) નો સમાવેશ થાય છે. જ્યારે એવરેસ્ટ બેઝ કેમ્પ ની ઊંચાઈ ૫૩૬૪ મીટર છે.

## પાંચ મિત્રોએ મોટર સાઇકલ પર આઠ દિવસની સાહસિક મુસાફરી કરી

# એલાયન્સ ક્લબ દ્વારા રિનોવેટ કરાયેલી ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ

## કસ્તુરબા અધ્યાપન મંદિરમાં વિવિધ સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ

સુરત, તા.૨૨

એલાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ, ડિસ્ટ્રિક્ટ-૧૪૧ માં આવેલ એલાયન્સ ક્લબ ઓફ સુરત સેવન સ્ટાર દ્વારા તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં અંતરિયાળ ભાગમાં બોરખડી ગામમાં આદિવાસી વિદ્યાર્થીનીઓ માટે ચાલતી ગર્લ્સ પીટીસી કોલેજ - "કસ્તુરબા અધ્યાપન મંદિર" માં રહીને અભ્યાસ કરતી છોકરીઓ માટે "૫




બાથરૂમ સાથેની હોસ્ટેલ"નુ રૂપિયા ૭.૫૦ લાખના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન તારીખ ૨૦-૦૭-૨૦૨૫ રવિવારને રોજ સવારે ડિસ્ટ્રીકટ ગવર્નર - એલાય નરેશભાઈ પારેખ, પાસ્ટ ઈન્ટરનેશનલ

અનુસંધાન પાના ૭ પર

# છુપા રુસ્તમ જેવો આ એડિસન રોગ શું છે?

**એડિસન નામ સાંભળવા મળે એટલે તમને તરત જ ઇલેક્ટ્રિક બલ્બ યાદ આવી જાય, ખરું ને? આનું કારણ એ કે આપણે એમના વિશે અને એમની અનેક શોધ વિશે ભણ્યા છીએ. એમનું નામ હતું થોમસ આલ્વા એડિસન, પરંતુ એક બીજા થોમસ એડિસન પણ છે, જેનું વિજ્ઞાનની દુનિયામાં બહુ મોટું નામ છે. આમ છતાં એમના વિશે આપણે ભાગ્યેજ જાણીએ છીએ.**

**અહીં આપણે એમના વિશે નહિં, પરંતુ એડિસન રોગ વિશે વાત કરીશું.**

**સૌથી પહેલાં તો જાણીએ કે આ એડિસન રોગ છે શું?**

એડિસન રોગ એ એક દુર્લભ સ્થિતિ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં કેટલાક હોર્મોન્સ બનાવતું નથી. એડિસન રોગનું બીજું પરિણામ એડ્રેનલ ગ્રંથિઓ કોર્ટિસોલ હોર્મોનનું ખૂબ ઓછું ઉત્પાદન કરે છે. ઘણીવાર એ એલ્ડોસ્ટેરોન નામના બીજા હોર્મોનનું પણ ખૂબ ઓછું ઉત્પાદન કરે છે.

તમારી એડ્રેનલ (મૂત્રપિંડ) ગ્રંથિઓ, જેને 'સુપ્રારેનલ ગ્રંથિ'ઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે નાની ત્રિકોણ આકારની ગ્રંથિઓ છે, જે તમારી બંને કિડનીની ટોચ પર ગોઠવાયેલી છે. તે તમારી અંતઃસ્ત્રાવી પ્રણાલીનો એક ભાગ છે. એ જાણવું જરૂરી છે કે કોર્ટિસોલ હોર્મોન શું કરે છે. કોર્ટિસોલ એક હોર્મોન તમારા શરીરને તણાવનો સામનો કરવામાં મદદ કરે છે, જેમાં બીમારી, ઈજા અથવા શસ્ત્રક્રિયાનો સમાવેશ થાય છે. તે તમારા બ્લડ પ્રેશર, હૃદય કાર્ય, રોગપ્રતિકારક શક્તિ અને લોહીમાં ગ્લુકોઝ (ખાંડ) ના સ્તરને જાળવવામાં પણ મદદ કરે છે માટે, કોર્ટિસોલ જીવન માટે જરૂરી છે. જ્યારે એલ્ડોસ્ટેરોન એ હોર્મોન છે જે તમારા લોહીમાં સોડિયમ (મીઠું) અને પોટેશિયમના સંતુલનને અસર કરે છે. બદલામાં તમારી કિડની પેશાબ (પેશાબ) તરીકે પ્રવાહીના જથ્થાને નિયંત્રિત કરે છે, જે લોહીના જથ્થા અને બ્લડ પ્રેશરને અસર કરે છે.

આ રોગનાં લક્ષણ શું છે?

એડિસન રોગનાં લક્ષણ ઘણીવાર મહિનાઓ સુધી ખબર પડતી નથી. આ રોગ એટલો ધીમે ધીમે જાણમાં આવે છે કે જે લોકોને તે હોય છે એ શરૂઆતમાં એનાં લક્ષણોને અવગણી કાઢે છે. એડિસન રોગના કેટલાક શરૂઆતનાં લક્ષણો અતિશય થાક, બેઠાં પછી કે સૂતાં પછી દર્દીને ઊભાં થતાં ચક્કર આવે કે અથવા બેભાન થઈ જાય. આ 'પોસ્ચરલ હાયપોટેન્શન' નામના લો બ્લડ પ્રેશરના એક પ્રકાર છે.

એ જે રીતે લો બ્લડ સુગરને કારણે પરસેવો થવો, જેને 'હાઈપોગ્લાયકેમિઆ' પણ કહેવાય છે. પેટ ખરાબ થવું, ઝાડા અથવા ઊલટી થવી. પેટના વિસ્તારમાં દુખાવો. સ્નાયુમાં ખેંચાણ, નબળાઈ, વ્યાપક દુખાવો અથવા સાંધાનો દુખાવો પણ થાય.

શરૂઆતનાં અન્ય લક્ષણોમાં વાળ ખરવા, ત્વચાના અમુક વિસ્તારો કાળા પડી જવા, ખાસ કરીને ડાઘ. ઓછી ભૂખને કારણે વજન ઘટવું. આ ઉપરાંત, મૂડ અને વર્તનમાં ફેરફાર, જેમ કે ચીડિયાપણું, હતાશા અને નબળી એકાગ્રતા તથા મીઠાવાળા ખોરાકની તૃષ્ણા પણ અગત્યનાં લક્ષણ છે.



એડિસન રોગ થવાનાં કારણ શું છે?

એડિસન રોગના લગભગ ૭૫% કેસો ઓટોઈમ્યુન (સ્વયંપ્રતિરક્ષા) હુમલાને કારણે થાય છે. ઓટોઈમ્યુન એડિસન રોગ પોતે જ અથવા દુર્લભ, વારસાગત સિન્ડ્રોમના ભાગ રૂપે થઈ શકે છે.

ભૂતકાળમાં, ક્ષય રોગ એડિસન રોગનું મુખ્ય કારણ હતું. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં તે આ માટેનું મુખ્ય કારણ રહ્યું છે.

રોગનું નિદાન કેવી રીતે થાય છે?

એડિસન રોગનાં લક્ષણો સામાન્ય રીતે સમય જતાં ધીમે ધીમે વિકસે છે એટલે એ અસ્પષ્ટ હોય છે. ડોક્ટરો ઘણીવાર આકસ્મિક રીતે આ એડિસન રોગ શોધી કાઢે છે જ્યારે નિયમિત રક્ત પરીક્ષણમાં મૂળભૂત મેટાબોલિક પેનલ, સોડિયમનું ઓછું સ્તર અથવા પોટેશિયમનું ઉચ્ચ સ્તર દર્શાવે છે.

જો ડોક્ટરને એવી આશંકા હોય કે તમને એડિસન રોગ હોઈ શકે, તો એ તમને વધુ પરીક્ષણો કરવાની સલાહ આપીને પછી તેની પુષ્ટિ કરે છે. એડિસન રોગની સારવાર ગુમ થયેલ હોર્મોન્સ, કોર્ટિસોલ અને એલ્ડોસ્ટેરોનને તેમના કૃત્રિમ સંસ્કરણોથી બદલીને કરવામાં આવે છે.

એડિસન રોગનું નામ બ્રિટિશ ચિકિત્સક થોમસ એડિસનના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે સૌ પ્રથમ ૧૮૫૫માં આ પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો. એમની પાસે આવેલા ૬ રોગી એડ્રેનલ ટ્યુબરક્યુલોસિસથી પીડાતા હતા. એ સમયે એડ્રેનલ ગ્રંથિઓ વિશે ત્યારે બહુ જાણકારી નહોતી. પણ ડો. એડિસને તેનો જે અભ્યાસ કર્યો તે આગળ જતાં ખૂબ ઉપયોગી સાબિત થયો. તેથી એમના યોગદાનના માનમાં આ રોગને એમનું નામ આપવામાં આવ્યું. યુએસ પ્રમુખ જોન એફ. કેનેડી (૧૯૧૭-૧૯૬૩) એમના સમગ્ર જીવન દરમિયાન એડિસન રોગની ગૂંચવણોથી પીડાયા હતા.

# મંગળવારે શેરબજારની મંગળ શરૂઆત, જાણો ટોપ ગેઈનર્સ-લૂઝર્સ

મંગળવારે ભારતીય શેરબજારની મંગળ શરૂઆત થઈ હતી. સેન્સેક્સ અને નિફ્ટી લીલા નિશાનમાં ખૂલ્યા હતા. પ્રારંભિક કારોબારમાં સેન્સેક્સ ૩૩૭.૮૩ પોઈન્ટ વધીને ૮૨,૫૩૮.૧૭ પર પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી ૯૧.૩ પોઈન્ટ ઉછળીને ૨૫,૧૮૨ પોઈન્ટ પર આવ્યો હતો.જોકે માર્કેટ ખૂલ્યાની ગણતરીની મિનિટોમાં જ ઘટાડો થયો હતો. હાલ સેન્સેક્સ ૧૧૫.૮૭ પોઈન્ટના વધારા સાથે ૮૨૩૨૪.૯૦ પર કારોબાર કરી રહ્યો છે.

**વધનારા શેર્સ**

ટાઈટન, આઈસીઆઈસીઆઈ બેંક , ટ્રેન્ટ, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, ટાટા સ્ટીલ, ટીસીએસ

**ઘટનારા શેર્સ**

એચસીએલ ટેક, એનટીપીસી, હિન્દુસ્તાન યુનિલીવર, કોટક બેંક, પાવરગ્રિડ, મારુતિ

# મોદી ૨૦૨૯ સુધી વડાપ્રધાન પદે રહેવા જોઈએ

વડાપ્રધાન મોદી સારી કામગીરી કરી રહ્યા છે. દેશ વિદેશમાં ભારત અને ભારતીયોનો ડંકો ફ્વાગી રહ્યો છે. અત્યાર સુધી મોદી સૌથી વધુ ઈન્ટરનેશનલ એવોર્ડ વિજેતા વડાપ્રધાન છે. જો મોદી બેરોજગારી અને મોઘવારીને કાબુમા લઈ શકે તો મોદી અત્યાર સુધીના શ્રેષ્ઠ વડાપ્રધાન બની શકે એમ છે.



મોદી સમર્થકોએ ચિંતા કરવાની કોઈ જરૂર જ નથી. મોદી ૨૦૨૯ સુધી તો વડાપ્રધાન પદે રહેશે જ રહેશે. મોદીનો વિકલ્પ કોઈ દુર દુર સુધી પક્ષ વિપક્ષમાં દેખાતો નથી નીતિન ગડકરી યોગી આદિત્યનાથ શિવરાજસિંહ ચૌહાણ કોઈ દિવસ મોદીની પ્રતિભા અને ઊંચાઈને આંબી શકવાના નથી. આ નેતાઓનો પનો ટુંકો પડે છે.

જો ૨૦૨૯ પછી કદાચ મોદી હટે તો પણ અમિત શાહ વડાપ્રધાન બની શકે છે અમિત શાહ અત્યારે ૬૦ વરસના છે બીજી ૩ ટર્મ સુધી વડા પ્રધાન પદે રહી શકે છે.

મોદી અત્યારે પણ એકદમ ફિટ છે એમને ચાલવામાં કોઈ તકલીફ નથી કોઈનો સહારો લેવો પડતો નથી. રોજેરોજ બરાબર કામગીરી કરે છે. ક્યાક બીજા નેતા જેમ રૂટિન તપાસ માટે હોસ્પિટલમાં દાખલ થયા નથી. આંતરરાષ્ટ્રીય પ્રવાસ પણ બરાબર કરે છે. વિદેશોમાં પણ ભારતનું નામ રોશન કરી રહ્યા છે અમેરિકા જરા ટેરિફ મુદ્દે ગડબડ છે પણ મોદી નમતું જોખવાના મૂડમાં નથી મોદી જો આઝાદ કાશ્મીરને ભારતના કાશ્મીર સાથે ભેગું કરે એટલો સમય તો મોદીને આપવો જોઈએ. કારણ કે બીજી કોઈ વડાપ્રધાન પાસે આટલુ જીગર અને હિંમત નહી હોય આ કામ માત્ર ને માત્ર મોદી જ કરી શકે એમ છે.નોબેલ પુરસ્કાર ટ્રમ્પને નહી મોદીને મળવો જોઈએ એમ તમને નથી લાગતુ?

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

## રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ત્રિ માસિક નફામાં ધરખમ વધારો, મુકેશ અંબાણીએ કહ્યું વર્ષની સારી શરૂઆત

દેશની દિગ્ગજ કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ત્રિ માસિક નફામાં ધરખમ વધારો નોંધાયો છે. જેમાં વર્ષના પ્રથમ ક્વાર્ટર એપ્રિલ-જૂન ૨૦૨૫ માં રૂપિયા ૨૬,૯૯૪ કરોડનો સૌથી વધુ ત્રિમાસિક નફો નોંધાવ્યો હતો. જે ગત વર્ષમાં આ સમયગાળા દરમિયાન એપ્રિલ-જૂન ૨૦૨૫ માં રૂ. ૨૬,૯૯૪ કરોડ રૂપિયા હતો. જે ગત વર્ષની સરખામણીમાં ૭૮ ટકાનો વધારો દર્શાવે છે.

### ગત વર્ષ કરતા આવકમાં વધારો

આ અંગે કંપનીએ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે સતત નફામાં વધારો થઈ રહ્યો છે. જેમાં ૩૧ માર્ચે પૂરા થયેલા છેલ્લા ત્રણ મહિનામાં રૂપિયા ૧૯,૪૦૭ કરોડની આવક કરતાં ૩૯ ટકા વધુ હતો. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં કામગીરીમાંથી આવક ૫.૨૬ ટકા વધીને રૂપિયા ૨.૪૮ લાખ કરોડ થઈ હતી. જે લિસ્ટેડ રોકાણોના વેચાણમાંથી મળેલો ફાયદો છે.

### જીઓના વધતા કસ્ટમર બેઝનો પણ મોટો ફાળો

મુકેશ અંબાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમની કંપની કન્ઝ્યુમર પ્રોડક્ટ અને ટેલીકોમ સહિતના ક્ષેત્રોમાં સતત વૃદ્ધિ કરી રહી છે. તેમજ આ વધારાના જીઓના વધતા કસ્ટમર બેઝનો પણ મોટો ફાળો છે. જેમાં સ્ટોર નેટવર્ક વિસ્તરણથી છુટક વેપારે પણ સ્થિર પ્રદર્શન કર્યું છે.

આ ઉપરાંત રિલાયન્સ મુખ્ય પેટ્રોકેમિકલ્સ વ્યવસાયના ઘટાડાએ પણ નફામાં સીધી અસર કરી છે. જેમાં ક્રુડ ઓઈલના ઘટતા ભાવ અને વોલ્યુમમાં ઘટાડાના કારણે રીફાઈનરી વ્યવસાયમાં વાર્ષિક ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે,આ દરમિયાન જીયો -બીપીના જોડાણના કારણે ફ્યુઅલ બિઝનેસ સેગ્મેન્ટમાં ટેકો મળ્યો હતો. જ્યારે રિલાયન્સ ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે રિલાયન્સે વર્ષની શરૂઆત મજબૂત ઓપરેશનલ અને નાણાકીય કામગીરી સાથે કરી છે.

# વિશ્વ બજારમાં ડોલર અને સ્થાનિકમાં રૂપિયો નબળો પડતાં સોનામાં રૂ. ૫૪૮નો ચમકારો, ચાંદી રૂ. ૬૦ વધી

આગામી પહેલી ઑગસ્ટની અમેરિકાના ટૅરિફ વધારાના અમલ પૂર્વે વેપારી ભાગીદાર દેશો સાથેનાં કરારની સ્પષ્ટતાની રાહમાં રોકાણકારોએ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નબળો ક્વૉટ થઈ રહ્યો હોવાથી આયાત પડતરોમાં પણ વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં મધ્યસત્ર દરમિયાન સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૫થી ૫૪૮નો ચમકારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૦નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મધ્યસત્ર દરમિયાન ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૦ના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૧૨,૭૬૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે મધ્યસત્ર દરમિયાન સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં આયાત પડતરો વધવાથી વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૫ વધીને રૂ. ૯૮,૩૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૮ વધીને રૂ. ૯૮,૭૯૧ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાની વેપારી ભાગીદાર દેશો સાથે ટ્રેડ ડીલની સ્પષ્ટતાના અભાવ વચ્ચે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવા છતાં નડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૬૫.૪૯ ડૉલર અને ૩૩૭૩.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૮૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકી ટૅરિફના અમલની મુદત નજીક આવી રહી હોવાથી રોકાણકારોની નજર ટ્રેડ ડીલ પર મંડાયેલી છે. હવે અમેરિકી પ્રમુખ ટ્રેડ ડીલની જાહેરાત કરશે કે ટૅરિફનો અમલ કરશે એ અંગે રોકાણકારો અવઢવમાં છે. આવી સ્થિતિમાં સોનાને નબળા ડૉલરનો ટેકો મળી રહ્યો હોવાનું યુબીએસ કૉમૉડિટીનાં વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યો હતો.

ગઈકાલે અમેરિકી વાણિજ્ય સચિવ હાવર્ડ લ્યુટનિકે યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, પરંતુ પહેલી ટૅરિફ માટેની પહેલી ઑગસ્ટની મુદત મુશ્કેલ હોવાનું જણાવ્યું હતું.

ઉલ્લેખનીય બાબત એ છે કે આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતી હોય છે.એકંદરે ફુગાવામાં વધારો અને મજબૂત આર્થિક ડેટાઓ ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાતની શક્યતાઓ દબાણ હેઠળ લાવી રહી છે. તેમ જ વર્ષ દરમિયાન ઓછી વખત વ્યાજદરમાં કપાત જોવા મળે તેમ હોવાથી રોકાણકારો સોનામા ઘટ્યા મથાળેથી ખરીદી કરી રહ્યા હોવાનું એએનઝેડનાં વિશ્લેષકો જણાવે છે. જોકે, ગત સપ્તાહે ફેડરલના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે આગામી ૨૯-૩૦ જુલાઈની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.



# આચમન : માનવતાનો સ્તંભઃ સમભાવ

શિષ્ય તો નીકળી પડયો એવા શખ્સની તલાશમાં જે સૌથ વધુ સુખી હોય !

—પણ હાય રે કિસ્મત !

દરેક માણસને મોંએ તેને એમ જ સાંભળવા મળતું કે, મારા કરતાં તો ફલાણો વધારે સુખી છે. ઘણા દિવસો -વરસો સુધી આમ ભટકયા પછી તે કોઈના કહેવાથી એક ભિક્ષુક-ફકીર પાસે પહોંચ્યો.

મોં પર અંગૂઠો નાખી તે ખજૂરીના ઝાડ નીચે બેઠો હતો.

શિષ્યે એને પૂછતાં ફકીરે કહ્યું.

'હા, હું સહુથી સુખી છું.'

શિષ્યે તો તેને દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી કે, 'મને તમારું પહેરણ આપો.!'

ફકીર હસ્યોપ પણ જો, ભાઇ. મારા શરીર પર પહેરણ કયાં છે?

તેણે મુખ આડે મૂકેલો અંગૂઠો ખસેડયો તો એ જ ગુરુ હતા, જે ખુલ્લા શરીરે બેઠા હતા.

શિષ્યના અંદરનાં નેત્ર ખુલી ગયા. તેણે લજાઇને પૂછયું.

પણ ગુરુજી, આ વાત તમે મને પહેલાં કેમ કહી નહી?

ગુરુએ કહ્યું : 'તને ગળે ન ઊતરત! વચ્ચેની મહેનતને અંતે હવે તું સત્ય પચાવી શકે તેવો થયો છેપ!

ભિતરના ભેદ જાણે તે ભાગ્યવાન !

પારકા ભાણાના લાડવા હંમેશાં મોટા લાગે. આ અને આવી કહેવતો પાછળ ઘણો મોટો બોધ સમાયેલો હોય છે તે સનાતન સત્યને સમજવો રહ્યો.

ચિંતન વાણીઃ

દરેક જણ સુખની ઇચ્છા રાખે છે, પણ ધર્મ સિવાય મનુષ્યોચિત સુખ કદી પણ મળી શકયું નથી એ વાત તમે કદી ભૂલશો નહી.

એકબીજાને માટે એકબીજાએ સહન કર્યા વગર માનવી-જીવન ચાલવું અશક્ય છે.

સદ્ભાવનાથી, ઉદ્દાત બુદ્ધિથી અને સંતોષથી સહન કરવામાં ખરો ધર્મ છે. જીવનમાં આપણે વિકારવશતાથી લોભ કે અહંકારથી જેટલું આચરણ કરીએ કે સહન કરીએ તે બધું અધર્મ છે.

આપણે જે કંઇ કર્તવ્ય તરીકે કરીએ, અને બીજા માટે સહન કરીએ તેમાં આપણને અહંકાર થવો જોઇએ નહી, કારણકે એ અહંકાર જેને માટે આપણે સહન કર્યું હશે તેને દુઃખ દેશે. તેને પસ્તાવો કરાવશે અને એકબીજાના સંબંધમાં કડવાશ પેદા કરશે, દરાર ઊભી કરશે.

અહંકાર કદી પણ બીજા દોષોથી અલિપ્ત રહી શકતો નથી. આપણે બીજા ઉપર ઉપકાર કર્યાની ભાવના અહંકાર સાથે હોવાની. ઉપકારની ભાવના પાછળ લોભ હોવાનો જ અને લોભના મૂળમાં બદલાની ઓછામાં ઓછું સ્તુતિની ઇચ્છા તો સહેજે જ હોવાની.

વ્હાલા વાચક બિરાદરો! અહંકાર સાથે રહેનારા આવા અનેક દોષોને લીધે ધર્મનું તેજ નાશ પામે છે. માટે આપણે ઉન્નત થવું હોય, ધર્મનિષ્ઠ રહેવું હોય તો કેવળ સદ્ગુણોના અને માનવતાના ઉપાસક બનવું જોઇએ.

### બોધ :

પોતાની જરૂરિયાતો અને ઇચ્છાઓની માફક મનુષ્ય બીજાઓની જરૂરિયાતો અને ઇચ્છાઓનો વિચાર કરવા લાગે અને એ માટે પોતાની ઇચ્છાઓને રોકીને સંતોષપૂર્વક બીજાઓ માટે સહન કરવા માંડે એટલે તે માનવતાને માર્ગે લાગ્યો એમ કહી શકાય.

# મલ્ટિનેશનલ કંપનીની જોબ માટે જરૂરી આ ઈઊ શું છે?




મલ્ટિનેશનલ કંપનીઓમાં નોકરી મેળવવી હોય તો ઈઊ એટલે કે ઈમોશનલ ઇન્ટેલિજેન્સ ખૂબ અગત્યનું છે. તમને સવાલ થશે કે આખરે આ ઈમોશનલ ઇન્ટેલિજેન્સ એટલું કેમ જરૂરી છે? અને આ ઈઊ શું છે? નિષ્ણાંતો મુજબ કોર્પોરેટ કંપનીમાં કામ કરવા માટે માત્ર ટેક્નિકલ જ્ઞાન જ પૂરતું નથી. લાંબા સમય સુધી સફળતા, નેતૃત્વ ક્ષમતા, ટીમ સહયોગ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે ઈમોશનલ ઇન્ટેલિજેન્સ ખૂબ જરૂરી છે. આજ કારણ છે કે કોર્પોરેટ જગતમાૈઁઊ કરતાં ઈઊ ને મહત્ત્વ આપવામાં આવે છે.

મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરતાં લોકો માત્ર કોઈ એક દેશનાં નથી હોતાં, તેઓ વિવિધ દેશોમાંથી આવતા હોય છે. એવામાં તેમની સાથે પરસ્પર સહયોગ, સહનશીલતા અને ભાવનાત્મક સમજ વગર સફળ ટીમ બનાવવી શક્ય નથી. એવામાં મલ્ટિનેશનલ કંપનીઓને ટીમ લીડર પણ એવો જોઈએ છે જેનોૈઁઊ કરતાં ઈઊ વધુ અગત્યનો હોય છે. જેથી કરીને કર્મચારીઓની વચ્ચે ગેરસમજ ઊભી ન થાય એનું તેને ધ્યાન રાખવાનું હોય છે. તે તમામ કર્મચારીઓ વચ્ચે તાલમેળ બેસાડે છે. આજ કારણ છે કે મલ્ટિનેશનલ કંપનીઓ એવા ગ્લોબલ લીડર પર પસંદગી ઉતારે છે જેનો ઈઊ વધુ સશક્ત હોય.

મલ્ટિનેશનલ કંપનીઓમાં કામનું પ્રેશર વધારે હોય છે, ટાર્ગેટ પૂરા કરવાની સાથે તેમને ક્વોલિટી વર્ક પણ કરવાનું હોય છે. એવામાં તેમને પ્રોત્સાહનની પણ જરૂર હોય છે. એથી ટીમ લીડરની પસંદગી વખતે સારો ઈઊ ધરાવતા વ્યક્તિને પસંદ કરે છે.

આજે સ્ટ્રીક્ટ અને કડક આદેશ આપતા લીડરની કંપનીને જરૂર નથી. કંપનીને એવા લીડરની જરૂર છે જે પોતાના કર્મચારીઓ સાથે સખત વર્તન ન કરતાં શાંતિથી કામ કઢાવે અને માર્ગદર્શન પણ કરે. દરેકને પ્રોત્સાહન આપવાની સાથે તે સ્થિતિમાં સંતુલન પણ જાળવી શકે.

કસ્ટમરને હેન્ડલ કરવા, ક્લાઈન્ટ સાથે સારા સંબંધો બનાવી રાખવા વગેરેમાૈઁઊ કરતાં ઈઊ ને મહત્ત્વ અપાયું છે. વર્તમાનમાં કસ્ટમરની જરૂરતો અને તેમની લાગણીને સમજવા માટે ઈઊ અગત્યની ભૂમિકા ભજવે છે, કેમ કે નારાજગી અને ફરિયાદને સંવેદનશીલતા સાથે હેન્ડલ કરવાની હોય છે. એનાથી જ ગ્રાહકો સાથે લાંબા સમય સુધી સંબંધો ટકી રહે છે. એથી ઈમોશનલ ઇન્ટેલિજેન્સવાળી વ્યક્તિના સ્વભાવ તરફ લોકો આકર્ષિત પણ થાય છે.

આજે દરેક ક્ષેત્રમાં છૈં નું આગમન થઇ ચુક્યું છે. એથી આવા પરિવર્તનથી ઈમોશનલ ઇન્ટેલિજેન્સ વ્યક્તિ સરળતાથી એને અનુકૂળ થઇ જાય છે. સાથે પોતાની સાથે જોડાયેલા લોકોને પણ તે એમાં ઢાળી દે છે.

કોઈપણ ટીમમાં વાદ - વિવાદ થાય એ સામાન્ય બાબત છે. એવામાં ઈઊ ધરાવતી વ્યક્તિ આવા વિવાદને નિર્માણ થવા નથી દેતી. વિવાદ શરૂ થાય એ પહેલાં જ એનો ઉકેલ લાવી દે છે. એનાથી વર્ક કલ્ચર પણ સકારાત્મક બને છે.

ૈઁઊ લેવલ ઉચ્ચ હોવાથી સારી નોકરી મળી શકે છે, પરંતુ પ્રમોશન અને કાયમી સફળતા તો ત્યારે મળી શકે જયારે ઈઊ લેવલ સારો હોય. ગ્રૂપ ડિસ્કશન, રોલ પ્લે, જેવા ઈઊ ટેસ્ટ આજકાલ પસંદગીનું માધ્યમ બની ગયું છે. સાથે જ કંપનીઓ સાઇકોમેટ્રિક ટેસ્ટનો પણ ઉપયોગ કરે છે.

આ બધા કારણોસર મલ્ટિનેશનલ કંપનીઓમાં નોકરી મેળવવી હોય તો ઈમોશનલ ઇન્ટેલિજેન્સની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

તંત્રી લેખ...-

મંગળવાર, તા.૨૨ જુલાઈ ૨૦૨૫

## કેર યોરસેલ્ફ : દાંત, હાડકાને પણ કેલ્શિયમ મજબુત કરે છે

શરીરને ફિટ રાખવામાં મિનરલ્સની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે અને કેલ્શિયમ એવા જ એક જરૂરી તત્વ તરીકે છે. તે સ્વસ્થ દાંત, હાડકા અને મસલ્સ માટે ખુ ઉપયોગી સાબિત થાય છે. હાર્વર્ડ યુનિવર્સિટીના નિષ્ણાંતો દ્વારા હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરને દરરોજ ૧૦૦૦થી લઇને ૧૨૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે. આ જરૂરિયાતને સપ્લિમેન્ટસ અથવા તો ડાયટથી પૂર્ણ કરી શકાય છે. અમારા શરીરમાં કેટલાક પ્રકારના કામ માટે કેલ્શિયમ ખુબ જરૂરી છે. દાંત અને હાડકાને વધારે મજબુત કરવા માટે તેની ભૂમિકા છે. સાથે સાથે હાર્ટના ધબકારાને નિયમિત રાખવામાં પણ તેની ભૂમિકા રહેલી છે. કેલ્શિયમ જ નહી બલ્કે વિટામિન ડી, ફાસ્ફોરસ અને મેગ્નેશિયમ જેવા તત્વો પણ કેલ્શિયમ અવશોષણમાં ભૂમિકા અદા કરે છે. વય વધવાની સાથે સાથે દવાના વધારે ઉપયોગના કારણે તેની કમી ઉભી થવા લાગી જાય છે. બોન ડેન્સિટી ઘટનાના લક્ષણ પણ આના કારણે દેખાવવા લાગી જાય છે. કેટલીક વખત હાઇ બ્લડ પ્રેશર જેવી સમસ્યા પણ સપાટી પર આવવા લાગી જાય છે. કીવીમાં ૬૦ મિલીગ્રામ કેલ્શિયમ ની સાથે સાથે વિટામીનનુ પણ પ્રમાણ પણ હોય છે. જે ફાયદાકારક રહે છે. બેરીજ પણ ઉપયોગી છે. જેમાં સ્ટ્રોબરી, રસબેરી, બ્લેકેરીમાં પણ કેલ્શિયમ મોટા પ્રમાણમાં હોય છે. સંતરામાં વિટામિન સીની સાથે કેલ્શિયમનુ પ્રમાણ સારી રીતે હોય છે. અનાનાસમાં પણ કેલ્શિયમ ભરપુર પ્રમાણમાં હોય છે. તેમાં કેટલાક પ્રકારના મિનરલ્સ પણ હોય છે. જો કે ડાયબિટિક પેશન્ટને તેનો ઉપયોગ કરવો જોઇએ નહી. પપીતા, બાદામ ફણ ઉપયોગી સાબિત થાય છે. પ્રતિ ૧૦૦ ગ્રામ પપીતાતી ૨૦ મિલિગ્રામ કેલ્શમય મેળવી શકાય છે. સ્વસ્થ રાખવા માટે કેલ્શિયમ મહત્વપૂર્ણ છે. આનાથી શરીરની ઘણી જરૂરિયાતો પરિપૂર્ણ થાય છે. હાડકાંઓને મજબૂત કરવામાં પણ કેલ્શિયમની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. દરરોજ શરીરને કેટલા પ્રમાણમાં કેલ્શિયમની જરૂર હોય છે તેને લઈને માહિતી મેળવવી અતિ જરૂરી હોય છે. કેલ્શિયમ બાળપણમાં શરીરને મજબૂત અને હાડકાંઓને મજબૂત કરવામાં ભૂમિકા ભજવે છે. વૃદ્ધાવસ્થામાં કેલ્શિયમ હાડકાંઓને મજબૂત જાળવી રાખવામાં ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટિયોપોરોસિસમાં હાડકાઓ નબળાં પડી જાય છે. સગર્ભા મહિલાઓ માટે પણ કેલ્શિયમ ખૂબ જ જરૂરી છે. ગર્ભમાં રહેલા બાળકોના વિકાસમાં પણ કેલ્શિયમ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પોતાની માતાના કારણે બાળકને કેલ્શિયમ મળે છે. વૃદ્ધાવસ્થા તરફ વધી રહેલી મહિલાઓમાં કેલ્શિયમની કમી હોવાની સ્થિતિમાં બિમારીના ખતરા રહે છે. શરીરમાં આશરે ૯૦ ટકા કેલ્શિયમ હાડકાં અને દાંતમાં જમા થાય છે. બાકીનું કેલ્શિયમનું પ્રમાણ લોહી અને સ્નાયુઓમાં પ્રવાહી સ્વરૂપે હોય છે. સ્નાયુ અને કોશિકાઓને ફેલાવવામાં પણ તેની ભૂમિકા હોય છે. હાર્મોન અને એન્જોઈમના ફેલાવા માટે પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ભોજનમાં કેલ્શિયમની કમી હોવાથી તેની આરોગ્ય ઉપર અસર થાય છે. આના માટે રોગને આમંત્રણ મળે છે. ભોજન મારફતે કેલ્શિયમની અછત દૂર કરવામાં આવે તે અતિ જરૂરી છે. કેલ્શિયમ કાર્બોનેટ પૂરતા પ્રમાણમાં લેવા માટે ઘણી જરૂરિયાતો હોય છે. આરોગ્ય પ્રત્યે સાવધાન રહેલા લોકોને કેલ્શિયમને લઈને સાવધાની જરૂરી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં કેલ્શિયમના મહત્વ ઉપર ફરી એકવાર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

## ગ્રહોની વિપરીત ચાલ કર્મનું ફળ પણ વિલંબમાં મૂકે

ગ્રહોના ગોચરમાં જોઈએ તો વર્તમાન સમયે ગુરુ વૃષભ રાશિમાં બિરાજમાન છે, શનિ મહારાજ પોતાની રાશિ કુંભમાં અને રાહુ મીન રાશિમાં વિચરણ કરે છે. આ ત્રણ ગ્રહો કુંડળીમાં પ્રભઆવી બની રહે છે, કારણ કે આ ત્રણેય ગ્રહો કુંડળીના જે-તે ભાવમાં વધારે સમય સુધી રહે છે. અન્ય ગ્રહો મહિને-દોઢ મહિને બીજી રાશિમાં પ્રવેશ કરી લે છે.

જાતકોને કહેતા સાંભળ્યા છે કે આ ત્રણ મહિના કે આ છ મહિના ખૂબ સરસ રહ્યા. આ વર્ષ મારા માટે ફળદાયી નીવડ્યું. ગત વર્ષે ખૂબ હેરાન થઈ ગયો. કોણ જાણે ક્યાંથી તકલીફ આવી ગઈ અને દોડતા કરી મૂક્યા. વગેરે-વગેરે. પણ સારો-નરસો સમય ગ્રહોના ગોચર પર આધાર રાખે છે. જેમ કે ગુરુ વૃષભ રાશિમાં અત્યારે છે પણ જાતકની કુંડળીમાં વૃષભ રાશિનું સ્થાન ક્યાં છે તે પર જાતકની સ્થિતિ નિર્ભર રહે છે. ગુરુ બળવાન હોય, ત્રિકોણ ભાવમાં હોય, ઉચ્ચનો ગુરુ હોય, કેન્દ્રમાં સ્થિત હોય તો ગુરુ ગોચરનું આ ભ્રમણ જાતક માટે ફળદાયી નીવડે છે. કોઈને કોઈ લાભ મળે છે. પરંતુ ગુરુ નીચનો હોય, કુંડળીમાં અશુભ સ્થાનમાં સ્થિત હોય, પાપગ્રહોની સાથે યુતિમાં હોય, પાપગ્રહોની દૃષ્ટિમાં હોય, અંશમાં નબળો હોય તો ગુરુ ગોચરનો આ સમય જાતક માટે કષ્ટદાયી નીવડે છે. ગુરુનું ગોચર સામાન્ય રીતે ૯ થી ૧૨ મહિના સુધીનું એક રાશિમાં હોય છે.

એ જ રીતે શનિનું કુંભ રાશિમાં પરિભ્રમણ એ મકર-કુંભ અને મીન રાશિના જાતકો માટે પનોતીનો સમય ગણાય છે. તો એ જાતકોને તકલીફ-પીડા કોઈને કોઈ સમસ્યાનો સામનો થઈ રહ્યો હોય. એ જ રીતે શનિ જે સ્થાનમાં છે ત્યાંથી છઠ્ઠી કે દસમી દૃષ્ટિથી જાતકને ઢૈયાનો સામનો કરવો પડે છે. હવે વાત એ છે કે કુંભ રાશિમાં શનિ મહારાજ છે પણ જાતકની કુંડળીમાં કુંભ રાશિનું સ્થાન ક્યાં છે? કેન્દ્ર સ્થાને હોય અને ત્યાં શનિ મહારાજ હોય તો એ 'શશયોગ'નું નિર્માણ કરે છે. જે જાતક માટે ફળદાયી નીવડે છે. પણ દા.ત. છઠ્ઠા ભાવમાં હોય તો એ અશુભ સ્થાન છે અને ત્યાંથી છઠ્ઠી દૃષ્ટિ લાભ ભાવ પર પડતાં એ રાશિના જાતકો માટે નાની પનોતી ગણાય છે.બીજો ભાવ એટલે આર્થિક ભાવ. આ ભાવમાં શનિ આર્થિક તકલીફ આપી જાય. ત્યાંથી છઠ્ઠી દૃષ્ટિ સપ્તમ ભાવ પર, દાંપત્ય જીવનમાં હલચલ ઊભી કરે, દસમી દૃષ્ટિ જાતકના લાભ અટકાવે. આવો સમય અઢી વર્ષ સુધી રહે! પરિણામે જાતક થાકી જાય, કંટાળી જાય અને હારી જાય. પરંતુ જો તેને ગ્રહોના ગોચરની સ્થિતિનો ખ્યાલ હોય તો એ ધૈર્યપૂર્વક આ સમયને પસાર કરી લે અને પછી આગળ વધે!એ જ રીતે રાહુનું પરિભ્રમણ સીધું નહિ, પરંતુ ઉલટું થાય છે. રાહુ ઊંધી દિશામાં આગળ વધે છે. સમજી લો કે બારમા સ્થાને રાહુ છે તો એ વ્યયભાવ છે. જાતકને ધનવ્યય કરાવશે. ખોટા ખર્ચ કરાવશે. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઊભા થાય, પછી તે લાભ ભાવમાં આવશે. અહં પણ જાતક માટે મુશ્કેલ ીજ લઈને આવશે. મતલબ કે રાહુ ગોચરના ત્રણ વર્ષ (બે ભાવમાં) જાતક માટે અસહ્ય પૂરવાર થાય. દસમે રાહુ સામાન્ય રીતે ફળે છે પરંતુ જાતકની કુંડળી બળવાન હોય તો, નહીંતર ઠનઠન ગોપાલ! આ દોઢ વર્ષ સારું રહે અને વળી પાછું ભાગ્યભાવમાં રાહુનો પ્રવેશ જાતક માટે બાધક બનીને આવે છે. આમ, ગ્રહોનું ગોચર જાતક માટે, કુટુંબ માટે, રાજ્ય કે દેશ માટે સારું-નરસું ફળ લાવે છે. ટૂંકમાં દરેક જાતકો માટે સતત સારોસ મય કે સતત નરસો સમય હોતો નથી. આપનો અત્યારે કેવો સમય ચાલી રહ્યો છે?

### ભારતના હુમલાથી બઘવાયેલા પાકિસ્તાને નાકલીટી તાણીને યુદ્ધવિરામની આજીજી કરી

# કૉંગ્રેસને ટ્રમ્પ-પાકિસ્તાન સાચાં લાગે છે

### કૉંગ્રેસ ટ્રમ્પ અને પાકિસ્તાનના દાવા સાચા હોવાનું માનીને સરકારને સવાલ કરી રહી છે.

કૉંગ્રેસ હકારાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવાના બદલે પાણીમાંથી પોરા કાઢીને વાહિયાત મુદ્દા ઉઠાવવામાં માને છે તેથી છાસવારે એવી વાતો કર્યા કરે છે કે જે સાંભળીને કોંગ્રેસના નેતાઓની બુદ્ધિક્ષમતા સામે શંકા જાગે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને હુમલો કરેલો એ મુદ્દે કૉંગ્રેસે કરેલા સવાલ તેનો તાજો પુરાવો છે. કૉંગ્રેસની લાંબા સમયથી પિન પહલગામ હુમલા પછી થયેલા ભારત-પાકિસ્તાન યુદ્ધ પર અટકેલી છે. આ યુદ્ધ અંગે સાચી-ખોટી જે પણ વાતો આવે તેને પકડી લઈને કૉંગ્રેસ વાહિયાત સવાલો કરે છે અને આ વખતે પણ એવું જ થયું છે.ભારતના હુમલાથી બઘવાયેલા પાકિસ્તાને નાકલીટી તાણીને યુદ્ધવિરામની આજીજી કરી પછી ભારતે યુધ્ધવિરામ સ્વીકારેલો પણ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કરેલો કે, પોતાના કહેવાથી યુદ્ધવિરામ અટક્યો છે. યોગાનુયોગ બે દિવસ પહેલાં ટ્રમ્પે પાછું આ જ વાજું વગાડ્યું એટલે કૉંગ્રેસ હરખપદૂડી થઈને કૂદી પડી છે. સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે પણ કૉંગ્રેસ પાસે મોદી સરકારને ભીડાવવા નક્કર વ્યૂહરચના નથી એટલે કૉંગ્રેસે ભારત-પાકિસ્તાન યુદ્ધ અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના દાવા અંગે કેન્દ્ર સરકારને ત્રણ સવાલ પૂછી નાંખ્યા છે.કૉંગ્રેસનો પહેલો સવાલ એ છે કે, ટ્રમ્પે ૨૪ વખત પોતે ભારત-પાકિસ્તાન યુધ્ધ રોક્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે તો ટ્રમ્પે ખરેખર યુદ્ધવિરામ કરાવ્યો હતો? બીજો સવાલ એ છે કે, ટ્રમ્પે ભારત સાથેનો વ્યાપાર બંધ કરવાની ધમકી આપીને યુદ્ધ બંધ કરાવ્યું હતું? ત્રીજો સવાલ એ છે કે, આ યુદ્ધમાં પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યાં હતાં એ કોનાં હતાં ? સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે ત્યારે કૉંગ્રેસે આ ત્રણેય સવાલો સંસદમાં ઉઠાવવાનું એલાન પણ કર્યું છે.કૉંગ્રેસની માગણી એવી પણ છે કે, સંસદમાં વડા પ્રધાને પોતાનું મૌન તોડવું જોઈએ અને જવાબ આપવો જોઈએ. વિપક્ષો ખાસ ચર્ચા ઈચ્છે છે ને તેમાં જવાબ આપવા અમને કોઈ અવેજી બેટ્સમેન નથી જોઈતો પણ માત્ર ને માત્ર વડા પ્રધાને જ જવાબ આપવો પડશે. વિપક્ષ તરીકે કૉંગ્રેસ વડા પ્રધાન પાસે જવાબ માગી શકે પણ બીજું કોઈ કહે તેને સાચું માનીને જવાબ માગવો એ બુદ્ધિનું પ્રદર્શન છે.કૉંગ્રેસના ત્રણેય સવાલો ટ્રમ્પના દાવાઓ પર આધારિત છે. ટ્રમ્પ યુદ્ધવિરામ થયો ત્યારથી એક જ વાજું વગાડ્યા કરે છે કે મારા કારણે યુદ્ધવિરામ થયો છે. પહલગામ આતંકી હુમલા પછી ભારતે ૭ મેએ પાકિસ્તાનમાં ઘૂસીને નવ આતંકવાદી ઠેકાણાંનો નાશ કર્યો હતો પણ બે દિવસમાં પાકિસ્તાન હાંફી જતાં ૧૦ મેએ યુદ્ધવિરામ થયો હતો.ટ્રમ્પે સૌથી પહેલાં ભારત અને પાકિસ્તાનના યુદ્ધવિરામની સોશ્યલ મીડિયા પર જાહેરાત કરેલી એ સાચું છે પણ અમેરિકન ઈન્ટેલિજન્સ એજન્સીઓનું નેટવર્ક બહુ મોટું છે તેથી ટ્રમ્પને સત્તાવાર જાહેરાત પહેલાં ખબર પડી ગઈ હોય એ શક્ય છે. ભારત અને પાકિસ્તાન બંનેની આર્મીમાં કે સંરક્ષણ મંત્રાલયોમાં અમેરિકાના જાસૂસો છે જ તેથી ટ્રમ્પને યુદ્ધવિરામની આગોતરી જાણ થઈ આ એ મોટો ચમત્કાર નથી. સ્માર્ટ ટ્રમ્પે સત્તાવાર જાહેરાત થાય એ પહેલાં સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને જશ ખાટી લીધો.ટ્રમ્પ એ પછી સતત આ વાત કહ્યા કરે છે. છેલ્લે ટ્રમ્પે શનિવારે વાઈટ હાઉસમાં રિપબ્લિકન સાંસદો સાથે ડિનર દરમિયાન ફરી એ જ રેકર્ડ વગાડી અને કૉંગ્રેસે એ વાતને પકડી લીધી. આ વાતચીત દરમિયાન ટ્રમ્પે પાંચ ફાઈટર જેટ તૂટ્યાં હોવાનો પણ દાવો કર્યો. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાને પણ આવો જ દાવો કર્યો છે. ૭ મેએ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સંસદમાં દાવો કરેલો કે, અમે ભારતના હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો તેમાં ભારતના પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હતા. આ પાંચ વિમાનમાં ત્રણ રાફેલ હતાં.પાકિસ્તાને પછીથી આંકડો સુધારીને છ ભારતીય વિમાનને તોડી પાડવાનો દાવો કરવાનું શરૂ કર્યું. ૧૧ જુલાઈએ પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા શફકત અલી ખાને મીડિયા સામે બોલતાં કહેલું કે, ભારતે યુદ્ધમાં પોતાનાં છ ફાઈટર જેટ ગુમાવ્યાં છે તેની કબૂલાત કરી લેવી જોઈએ. અલી ખાનનો દાવો હતો કે, ભારતે કાલ્પનિક વાર્તાઓ કરવાને બદલે સ્વીકારવું જોઈએ કે તેનાં છ ફાઈટર પ્લેનને તોડી પાડવામાં આવ્યાં હતાં અને અન્ય લશ્કરી ઠેકાણાંને ગંભીર નુકસાન થયું હતું.ભારતે પોતાનું કોઈ વિમાન તૂટ્યું નથી એવો દાવો કર્યો છે. ટ્રમ્પે પણ કોનાં ફાઈટર જેટ તોડી પડાયાં તેનો ઉલ્લેખ કર્યો નથી પણ એ પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે એ સ્પષ્ટ છે. કૉંગ્રેસ ટ્રમ્પ અને પાકિસ્તાનના દાવા સાચા હોવાનું માનીને સરકારને સવાલ કરી રહી છે.ટ્રમ્પ રાજા હરિશ્ર્ચંદ્રના અવતાર નથી કે સાચું જ બોલતા હોય. મહાલબાડ ટ્રમ્પનો ઈતિહાસ જ જૂઠાણાંથી ભરેલો છે પણ કોંગ્રેસને એ માણસ સાચો લાગે છે એ આઘાતજનક કહેવાય. પાકિસ્તાનના શાસકો તો ટ્રમ્પથી પણ ચાર ચાસણી ચડે એવા છે તેથી એ બોલે તેમાં સત્ય કેટલું હોય એ મોટો સવાલ હોય છતાં કૉંગ્રેસને તેની વાત પણ સાચી લાગી રહી છે.કૉંગ્રેસ મોદી સરકારને સવાલો કરી રહી છે પણ એક બેઝિક મુદ્દાને અવગણી રહી છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે. યુદ્ધમાં પાંચ ભારતીય વિમાનને તોડી પાડ્યાં હતાં. પાકિસ્તાને આ વિમાન ક્યાં તોડી પાડ્યાં તેની કોઈ વિગતો આપી નથી કે કોઈ પુરાવા આપ્યા નથી. ભારતનાં વિમાનો પાકિસ્તાનમાં ઘૂસ્યાં ત્યારે તેમને તોડી પડાયાં હોય તો તેનો કાટમાળ પાકિસ્તાનમાં જ પડ્યો હોય. ભારતનાં ફાઈટર જેટનો કાટમાળ પાકિસ્તાનમાં પડે ને પાકિસ્તાન એવી તક ચૂકે ખરું ?મીડિયામાં ને સોશ્યલ મીડિયામાં તેના ફોટા ક્યારનાય ફરતા થઈ ગયા હોત. પાકિસ્તાન આર્મીએ પ્રેસ કોન્ફરન્સ કરીને વટભેર પુરાવા સાથે આ વાત કરી હોત પણ એવું કશું થયું નથી તેનો મતલબ એ કે, પાકિસ્તાન ટાઢા પહોરનાં ગપ્પાં હાંકે છે. પાકિસ્તાને ભારતમાં ઘૂસીને ભારતનાં વિમાનો તોડી પાડ્યાં હોય ને તેનો કાટમાળ ભારતમાં પડ્યો હોય તો એ વાત પણ છૂપી ના રહે. ભારતમાં મીડિયાએ વિશ્વસનિયતા ગુમાવી દીધી છે પણ સોશ્યલ મીડિયા ઝાલ્યું રહેતા નથી એ જોતાં આ વાત છુપાવી જ ના શકાય.કૉંગ્રેસે ટ્રમ્પની વ્યાપાર અટકાવી દેવાની ધમકીનો ઉલ્લેખ કર્યો છે પણ ટ્રમ્પ આવી ધમકી આપવાની સ્થિતિમાં જ નથી. ટ્રમ્પ ભારત સાથે ટ્રેડ ડીલ કરવા હવાતિયાં મારી રહ્યા છે છતાં કૉંગ્રેસને તેમની આ વાત સાચી લાગતી હોય તો ભગવાન જ કૉંગ્રેસને બચાવે

### લડાઈમાં નુકસાનના પ્રશ્નોના જવાબ જાહેરમાં માગવામાં આવી રહ્યા છે.

# સંસદમાં વડાપ્રધાનનાં નિવેદનનો આગ્રહ શા માટે ?

• ટેરિફ મુદ્દે આપણે મક્કમ છીએ અને ટ્રમ્પ સ્વીકારે છે, ત્યારે એમને શા માટે છંછેડવા ? આપણા વિરોધ પક્ષો મોદીને નિશાન બનાવવા માગે છે અને મોદી વિપક્ષી દબાણ આગળ ઝૂકે તો કહી શકાય કે મોદીને હરાવ્યા ! પીછેહઠ કરાવી એમ કહીને બિહારની ચૂંટણીમાં પ્રચાર થાય.

ભારતીય સંસદમાં વિપક્ષી સભ્યો પહેલગામમાં સરકારી એજન્સીઓની નિષ્ફળતાના આક્ષેપ કરીને સરકાર પાસે ખુલાસા માગી રહ્યા છે, ત્યારે અમેરિકી સરકારે લશ્કર-એ-તોયબાના મુખવટા - ટીઆરએફને (ધ રેઝિસ્ટંસ ફ્રન્ટ) પાકિસ્તાની આતંકવાદી સંગઠન જાહેર કરીને કહ્યું છે કે, નાગરિકોની હત્યા કરનારાઓને છોડી શકાય નહીં. પાકિસ્તાનને અમેરિકાએ આ બીજો ઝટકો આપ્યો છે. હવે દુનિયાના અન્ય દેશો પણ પાકિસ્તાનનો બચાવ નહીં કરી શકે. ચીને પાકિસ્તાનનું નામ આપ્યા વિના પ્રાદેશિક આતંકી પ્રવૃત્તિની ટીકા કરી છે, પણ હવે પાકિસ્તાનનું નામ છૂપું રહ્યું નથી. ભારતમાં વિરોધી નેતાઓ કહે છે કે, મોદી સરકારે વિદેશોમાં પાકિસ્તાની આતંકનો વિરોધ કરવા પ્રતિનિધિ મંડળો મોકલ્યાં, પણ કોઈ દેશે ભારતને સમર્થન આપ્યું નથી. દાદ મળી નથી - હવે આ ટીકાકારોને પ્રેસિડેન્ટ ટ્રમ્પની સરકારે જવાબ આપીને ચૂપ કર્યા છે. ટ્રમ્પનાં નિવેદનો અને મધ્યસ્થીના દાવા પછી હવે છેલ્લાં નિવેદનથી પાકિસ્તાનને ઝટકો લાગ્યો હશે, પણ ભારતમાં વિરોધ પક્ષોને યોગ્ય સંદેશ મળ્યો છે. છતાં આપણા કેટલાં વિમાન પાકિસ્તાને તોડી પાડયાં - તેનો ખુલાસો માગી રહ્યા છે. આ પ્રશ્ન પાછળ વિપક્ષી રાજકારણ છે અને વડાપ્રધાન નમતું નહીં જોખે. એનડીએના ભાગીદાર પક્ષો સંસદમાં ભારતીય સેનાની સફળતા બતાવીને ઊણપના આક્ષેપોને રદિયો આપશે. દેશની સંરક્ષણ બાબતમાં રાજકારણ ક્યાં સુધી ચલાવાશે? સંસદનું વર્ષા સત્ર શરૂ થયું છે ત્યારે વિપક્ષની એકતા બતાવવા માટે કોંગ્રેસે આગ્રહ રાખ્યો છે કે, ઓપરેશન સિંદૂર તથા પ્રેસિડેન્ટ ટ્રમ્પનો દાવો-ભારત-પાક યુદ્ધ બંધ કરાવવા એમણે જ દબાણ કર્યું - આ બન્ને બાબતોમાં વડાપ્રધાન મોદી જ સંસદમાં નિવેદન કરે. આવા આગ્રહને સંસદીય ચર્ચામાં વિવાદનો મુદ્દો શા માટે બનાવાયો તે વિચારવું જોઈએ. વર્ષા સત્ર હોય કે શિયાળુ - શીતકાલીન સત્ર હોય મહત્ત્વના વિષયોમાં સંબંધિત ખાતાંના પ્રધાન નિવેદન કરે અને તે પછી ચર્ચા થાય તેમાં જવાબ પણ આપે. સામાન્ય રીતે કોઈ વિશેષ વિષયની ચર્ચા હોય અથવા સભા મોકૂફ કે સરકાર સામે અવિશ્વાસના ઠરાવની ચર્ચા હોય ત્યારે વડાપ્રધાન જવાબ આપતા હોય છે. (પહેલગામ હત્યાકાંડ અને ઓપરેશન સિંદૂર અંગે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ નિવેદન કરે અને વિપક્ષના પ્રશ્નોના જવાબ આપે એવો નિયમ અને શિરસ્તો પણ છે. છતાં વડાપ્રધાન જ જવાબ આપે - નિવેદન કરે એવો આગ્રહ શા માટે રખાય છે?) હકીકતમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઓપરેશન સિંદૂરમાં આપણા કેટલાં રાફેલ વિમાન તોડી પાડવામાં આવ્યાં? એ પ્રશ્ન પહેલા દિવસથી જ વારંવાર ઉઠાવી રહ્યા છે. શક્ય છે કે, એમને ચીન અથવા ફ્રાન્સના હરીફ દેશો પાસેથી આવી માહિતી મળી હોય અને રાહુલ ગાંધી તો પહેલેથી જ રાફેલ વિમાનોની ખરીદી પાછળ 'તપાસ' કરી રહ્યા છે. આ એક અવસર છે જ્યારે તેઓ રાફેલની 'નાકામિયાબી' પુરવાર કરી શકે. સામાન્ય રીતે લડાઈ ચાલતી હોય ત્યારે કોઈ દેશ પોતાની નુકસાની જાહેર કરીને ઢંઢેરો પીટે નહીં. કારણ કે, એમ કરવાથી સેના અને સામાન્ય નાગરિકોનો જુસ્સો તૂટી શકે. ઓપરેશન સિંદૂરના કેસમાં પાકિસ્તાનનાં કેટલાં વિમાન આપણે તોડી પાડયાં કે કેટલું નુકસાન કર્યું - તેવો પ્રશ્ન રાહુલ ગાંધીએ ક્યારેય પૂછ્યો નથી. તેનું આશ્ચર્ય છે છતાં આપણે જે નુકસાન પાકિસ્તાનને કર્યું તે તો જગજાહેર છે. આજે પણ વિમાન મથકો ખંડેર હાલતમાં દેખાય છે. આપણી સેનાના સિનિયર અફસરોએ સ્પષ્ટતા કરી હતી કે લડાઈમાં નુકસાન તો થાય જ, પણ તેની છાપરે ચડીને પોક મુકાય નહીં. આ વાત સામાન્ય નાગરિકો પણ સમજી શકે છે. આમ છતાં પહેલગામમાં આપણી ગુપ્તચર સંસ્થાઓની 'નિષ્ફળતા' અને લડાઈમાં નુકસાનના પ્રશ્નોના જવાબ જાહેરમાં માગવામાં આવી રહ્યા છે. સૌથી ગંભીર પ્રશ્ન ટ્રમ્પના દાવા બાબત છે. યુદ્ધવિરામ કરવા માટે ટ્રમ્પે પાકિસ્તાનને સલાહ આપી કે - તમે જ ભારતની સેનાને સફેદ ઝંડી બતાવો. આ પછી અમેરિકનો અને દુનિયાને બતાવવા માટે એમણે દાવો કર્યો ! ભારતીય સેના અને વડાપ્રધાને વારંવાર રદિયો આપ્યો. કોઈની મધ્યસ્થીનો પ્રશ્ન જ નથી એમ પણ કહી દીધું. છતાં હવે - ભારતીય સંસદનું સત્ર શરૂ થયું તેની પૂર્વ સંધ્યાએ ફરીથી પાંચ વિમાન તૂટયાં હોવાનો 'ધડાકો' કર્યો. અલબત્ત, - ભારતનાં રાફેલ વિમાનોનું નામ આપ્યું નહીં તેટલી મર્યાદા જાળવી છે! હવે વડાપ્રધાન મોદી સંસદમાં પ્રમુખ ટ્રમ્પને ફરીથી રદિયો આપે, પડકારે એમ કોંગ્રેસ ઈચ્છે છે. ટ્રમ્પને આખી દુનિયા ઓળખે છે, ત્યારે એમનું સ્વમાન-ગુમાન ઘવાય એવું શા માટે કરવું ? અને આપણે રાષ્ટ્રહિતનો પણ વિચાર કરવાનો છે. ટેરિફ મુદ્દે આપણે મક્કમ છીએ અને ટ્રમ્પ સ્વીકારે છે, ત્યારે એમને શા માટે છંછેડવા ? આપણા વિરોધ પક્ષો મોદીને નિશાન બનાવવા માગે છે અને મોદી વિપક્ષી દબાણ આગળ ઝૂકે તો કહી શકાય કે મોદીને હરાવ્યા ! પીછેહઠ કરાવી એમ કહીને બિહારની ચૂંટણીમાં પ્રચાર થાય. મોદીએ સર્વપક્ષી પ્રતિનિધિ મંડળો વિશ્વ પ્રવાસે મોકલીને આતંકવાદ સામે સૌની આંખો ખોલી તે વિપક્ષો જોઈ શકતા નથી - પચાવી શક્તા નથી ! પ્રશ્ન એ છે કે, વિરોધ પક્ષોને દેશની ઈમેજની પડી નથી ? ઓપરેશન સિંદૂરમાં આપણા સુરક્ષા દળોની બહાદૂરી અને સચોટતાની ચર્ચા થવી જોઇએ. શૌર્ય પ્રકરણને બિદાવવા જોઇએ એને બદલે પાકિસ્તાનને ગમતી ભાષા બોલાઇ રહી છે. નિઃસંદેહ વિરોધ પક્ષને પ્રશ્નકાળનો અધિકાર છે, પરંતુ એ અધિકાર ભોગવવામાં દેશહિતને નુકસાન થાય એ અસ્વીકાર્ય છે. સંસદના બંને ગૃહમાં ઓપરેશન સિંદૂર મુદ્દે ચર્ચા થવાની છે, ત્યારે એનું સ્તર જળવાઇ રહે એ વિરોધ પક્ષની ફરજ છે. બિહારમાં મતદારયાદીની ફેરતપાસમાં કોઈ જ ગોટાળા- ગોલમાલ નથી - છતાં વિરોધ પક્ષો કાગારોળ કરે છે. કારણ કે, 'ફરજી-તરકટી' મતદારોનાં નામ નીકળી રહ્યાં છે. આ વિષયની ચર્ચામાં આક્ષેપો થશે મોદી જવાબ આપશે .

### દિગ્વિજય નહીં સુધરે

# કાવડ યાત્રાના બહાને મુસ્લિમ તુષ્ટિકરણ

### કાવડ યાત્રાનું સૌથી મોટું સ્થાન હરિદ્વાર છે. મોટા ભાગના કાવડિયા ગંગાજળ લેવા માટે હરિદ્વારમાં ઊમટે છે

લાંબા સમયની શાંતિ પછી કૉંગ્રેસના ઓરિજિનલ બડફા સરદાર દિગ્વિજયસિંહ પાછા વરતાયા છે. ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનો બેસી ગયો છે તેથી શ્રાવણ મહિનાના પહેલા દિવસથી શરૂ થતી કાવડ યાત્રા પણ શરૂ થઈ ગઈ છે. દિગ્વિજયસિંહે કાવડ યાત્રાના બહાને પાછો મુસ્લિમ તુષ્ટિકરણનો ખેલ માંડી દીધો છે અને કાવડ યાત્રા ટાણે જ તેમણે વખારમાંથી કાઢીને એક તસવીર મૂકી દીધી છે કે જેમાં રસ્તા પર નમાઝ પઢી રહેલા એક મુસ્લિમને એક પોલીસવાળો લાત મારી રહ્યો છે.

દિગ્વિજયે આ તસવીરની સાથે રોડ પર મુકાયેલી કાવડોની તસવીર પણ મૂકી છે. 'એક દેશ, બે કાયદા' હેડિંગ હેઠળ મુકાયેલી બે તસવીરો દ્વારા દિગ્વિજયસિંહે આક્ષેપ કર્યો છે કે, યોગી આદિત્યનાથ સરકાર બેવડાં ધોરણો બતાવી રહી છે કેમ કે કાવડ યાત્રા માટે રસ્તા ખોલી દેવાયા છે જ્યારે રસ્તા પર નમાઝ પઢી રહેલા મુસ્લિમો પર અત્યાચારો કરાય છે.દિગ્વિજયસિંહની આ સોશ્યલ મીડિયા પોસ્ટ એ વાતનો પુરાવો છે કે, કૂતરાની પૂંછડી વાંકી વાંકી ને વરસો લગી પાઈપમાં રાખો તોય સીધી ના જ થાય. સાથે સાથે દિગ્વિજય સહિતના નેતાઓને મુસ્લિમ તુષ્ટિકરણ માટે હિંદુઓની લાગણી પર પ્રહાર કરવામાં ને જૂઠાણાં ચલાવવામાં પણ કોઈ છોછ નથી નડતો એ પણ સાબિત થયું છે.દિગ્વિજયે મૂકેલી મુસ્લિમને લાત મારતી પોલીસની તસવીર દિલ્હીના ઈન્દ્રલોક વિસ્તારની છે અને ચાર મહિના જૂની છે. આ વર્ષના માર્ચમાં આ ઘટના બની પછી આ પોલીસને સસ્પેન્ડ કરી દેવાયો હતો. દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે ને કેન્દ્રમાં ભાજપની સરકાર છે.મુસ્લિમ શ્રદ્ધાળુ સાથે ખરાબ વ્યવહાર કરનારા પોલીસને ભાજપની રકારે જ સજા આપી હતી પણ દિગ્વિજયે એ વાત ગુપચાવીને મુસ્લિમો પ ભાજપ શાસનમાં અત્યાચારો થાય છે એવું સદંતર જૂઠાણું ચલાવ્યું છે.દિગ્વિજયે રોડ પર કાવડો મુકાયેલી હોવાની તસવીર મૂકી છે એ પણ વિકૃત માનસિકતાનો પરચો છે. રસ્તા પર નમાઝ પઢવાથી ટ્રાફિક જામ થાય છે અને લોકોને તકલીફ પડે છે તેથી તેનો વિરોધ થાય છે પણ કાવડ યાત્રાના કારણે પણ એવું જ થાય છે છતાં કોઈ પગલાં નથી લેવાતાં એવું દિગ્વિજય સ્થાપિત કરવા મથે છે પણ આ પણ મોટું જૂઠાણું છે.કાવડ યાત્રાના કારણે કોઈને તકલીફ નથી પડી રહી અને વાહનવ્યવહાર શાંતિથી ચાલી રહ્યો છે એવું દિગ્વિજયે મૂકેલી તસવીરમાં જ દેખાય છે એ જોતાં રસ્તા પર નમાઝ પઢવાથી થતી તકલીફો સાથે તેને સરખાવી ના શકાય. બીજું એ કે કાવડ યાત્રાનો રૂટ વરસોથી નક્કી જ છે અને આ રૂટ સાથે હિંદુઓની ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે તેથી તેને બદલી ના શકાય. લોકોને આ વાતની ખબર જ હોય છે તેથી લોકો વૈકલ્પિક રૂટ પસંદ કરે છે. તેના કારણે પણ તકલીફ નથી પડતી. બીજું એ કે, મુસ્લિમોના તાજિયા વખતનાં જુલૂસ કે બીજા કાર્યક્રમોના કારણે પણ આ પ્રકારની સ્થિતિ સર્જાય જ છે. આ દેશના હિંદુઓ સહિષ્ણુ છે તેથી મુસ્લિમોની શ્રદ્ધાને લગતી બાબતોને કારણે પડતી તકલીફો સહન કરે જ છે ને?ઉત્તર ભારતમાં કાવડ યાત્રાની પરંપરા બહુ જૂની છે અને કરોડો હિંદુઓની શ્રદ્ધા તેની સાથે જોડાયેલી છે. તેની વિરુદ્ધ બોલવાથી હિંદુઓ રાજી થાય ખરા ? કાવડ યાત્રા સાથે હજારો ગામો જોડાયેલાં છે. મહાદેવ એટલે કે ભગવાન શિવની કાવડ યાત્રા શ્રાવણ મહિનાના પહેલા દિવસથી શરૂ થાય છે. ૧૫ દિવસ સુધી ચાલતી કાવડ યાત્રા દરમિયાન કાવડિયા તરીકે ઓળખાતા લોકો પગપાળા ઉત્તરાખંડના હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી સહિતનાં ગંગા નદીના કિનારે આવેલાં તીર્થસ્થાનોમાં આવે છે. હિંદુઓનાં આ ધર્મસ્થાનોમાંથી કાવડિયા મોટા કળશોમાં ગંગાજળ ભરીને તેને કાવડમાં લટકાવીને પોતપોતાનાં ગામ જાય છે.ગંગા નદીના જળથી કાવડિયાના ગામ તથા આસપાસના શિવમંદિરમાં અભિષેક કરે છે. કાવડ યાત્રાનું સૌથી મોટું સ્થાન હરિદ્વાર છે. મોટા ભાગના કાવડિયા ગંગાજળ લેવા માટે હરિદ્વારમાં ઊમટે છે કેમ કે હરિદ્વાર ઉત્તર ભારતની ચાર ધામ યાત્રાનું એક તીર્થસ્થાન છે અને હિંદુઓમાં હરિદ્વાર માટે સૌથી વધારે ભક્તિભાવ છે.કાવડ યાત્રાનું કેન્દ્રસ્થાન ઉત્તરાખંડ હોવાથી ભલે ઉત્તરાખંડમાં લાખો કાવડિયા ઊમટતા પણ તેની અસર સૌથી વધારે ઉત્તર પ્રદેશને થાય છે. ઉત્તરાખંડની સરહદ હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશ એ બે રાજ્યોને અડકે છે તેથી હિમાચલ પ્રદેશથી પણ કાવડિયા ઉત્તરાખંડમાં પ્રવેશે છે પણ વધારે કાવડિયા ઉત્તર પ્રદેશની સરહદેથી પ્રવેશે છે. છેક મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાનથી કાવડિયા આવે છે.આ બધા કાવડિયા ઉત્તર પ્રદેશની સરહદેથી પ્રવેશે છે તેથી સૌથી વધારે હલચલ ઉત્તર પ્રદેશમાં જોવા મળે છે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની સરહદ બહુ લાંબી છે. યુપીના બિજનૌર, સહારનપુર, મુઝફ્ફરનગર અને મેરઠ એ ચાર જિલ્લામાંથી ઉત્તરાખંડમાં ઘૂસી શકાય છે. આ વિસ્તાર મેદાની પ્રદેશ છે તેથી ઠેર ઠેર કાવડિયાઓ છાવણીઓ નાંખીને પડ્યા હોય છે. લાખોની સંખ્યામાં આવતા આ કાવડિયાઓ ઉત્તર ભારતનાં ગામેગામના પ્રતિનિધિ છે ત્યારે તેમની વિરૂધ્ધ બોલવામાં કોઈ ફાયદો જ નથી.દિગ્વિજયની હરકત એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસીઓ ભૂતકાળમાંથી કશું શીખ્યા નથી અને હિંદુઓની લાગણી દુભાવવામાં ને દુભાવવામાં પતી ગયા તોય સાન ઠેકાણે આવતી નથી. તેમને હજુય એવું જ લાગે છે કે, હિંદુઓને ગાળો દેવાથી ને મુસ્લિમોના પગોમાં આળોટવાથી પાછી સત્તા મળશે.દિગ્વિજયસિંહ કૉંગ્રેસના ઓરિજિનલ બડફા સરદાર છે. કૉંગ્રેસની મુસ્લિમ પાર્ટી તરીકેની ઈમેજ પડી ગઈ અને હિંદુઓ કૉંગ્રેસથી દૂર ભાગવા માંડ્યા તેના મૂળમાં દિગ્વિજયસિંહ સહિતના નેતાઓ છે. આ નેતાઓને મુસ્લિમો માટે ખરેખર પ્રેમ છે કે નહીં એની તેમને ખબર પણ પોતાની જાતને મુસ્લિમોના હમદર્દ તરીકે સ્થાપિત કરવાની એક તક આ નેતા છોડતા નથી. એ લોકો મુસ્લિમોના હમદર્દ બને તેમાં પણ આપણને વાંધો નથી પણ તકલીફ એ છે કે, હિંદુઓને ગાળો દેવાથી મુસ્લિમો રાજી થાય છે એવા ભ્રમમાં એ લોકો જીવે છે. તેના કારણે હિંદુઓની લાગણી દુભાય એવા લવારા કર્યા કરે છે ને તેમાં ને તેમાં કૉંગ્રેસ મુસ્લિમ પાર્ટી તરીકે ચિતરાઈ ગઈ છે





# પ્રિયંકાની ઘટના આજે ગ્લોબલ આઇકોન અને હોલીવુડ સુપરસ્ટાર પ્રિયંકા ચોપરા જોનાસના જન્મદિવસની ઉજવણી

હેડ્સ ઓફ સ્ટેટની સફળતાને તાજગી આપતી વખતે, જ્યાં તેણી જોન સીના અને ઈદ્રીસ એલ્બા સાથે ખભે ખભા મિલાવીને ઉભી રહી હતી, ગ્લોબલ આઈકોન અને હોલીવુડ સુપરસ્ટાર પ્રિયંકા ચોપરા જોનાસ પહેલા કરતા વધુ તેજસ્વી રીતે ચમકી રહી છે - અને આજે, અમે તેણીની ઉજવણી કરીએ છીએ.

હોલીવુડમાં કમાન્ડિંગ હાજરી સાથે MI6 એજન્ટની ભૂમિકા ભજવવી હોય કે એસ્કવાયર ઈન્ડિયાના કવર પર ચમકનારી પ્રથમ મહિલા તરીકે ઈતિહાસ રચવો હોય, પ્રિયંકા ચોપરા જોનાસ એક એવી શક્તિ છે જે બીજા કોઈથી અલગ નથી. તેની સફર ફક્ત પ્રેરણાદાયક નથી - તે પરિવર્તનશીલ છે.

તે અમેરિકન નેટવર્ક શ્રેણી (ક્વોન્ટિકો) ને હેડલાઇન કરનારી પ્રથમ ભારતીય અભિનેત્રી છે, સિટાડેલ અને હેડ્સ ઓફ સ્ટેટ જેવી વૈશ્વિક ફ્રેન્ચાઇઝીમાં સોલો પોસ્ટર ધરાવતા એકમાત્ર દક્ષિણ એશિયન, અને એક અગ્રણી મહિલા જેણે ક્યારેય બીજા સ્થાને ભૂમિકા ભજવી નથી - ભારતમાં નહીં, અને ચોક્કસપણે હોલીવુડમાં પણ નહી.

પડદાની બહાર, તે એક અગ્રણી ઉદ્યોગસાહસિક અને નિર્માતા છે. તેણીનું પ્રોડક્શન હાઉસ, પર્પલ પેબલ પિક્ચર્સ, હવે "ધ વ્હાઈટ ટાઈગર", "ટુ કિલ અ ટાઈગર" અને ૨૦૨૫ ની ટૂંકી ફિલ્મ "અનુજા" માટે ત્રણ ઓસ્કાર નોમિનેશન ઉજવી રહ્યું છે - જે વૈશ્વિક ફિલ્મ નિર્માણમાં એક નોંધપાત્ર સિદ્ધિ છે. તેણીની રેડ કાર્પેટ હાજરી એટલી જ પ્રતિષ્ઠિત છે, MET ગાલાની ક્વીન બીનો તાજ પહેરાવવાથી લઈને Bvlgari ના વૈશ્વિક અભિયાનોનો ચહેરો બનવા સુધી.

TIME ૧૦૦, ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલા અને આ વર્ષના ગોલ્ડ ગાલામાં ગ્લોબલ વાનગાર્ડ એવોર્ડ જેવા સન્માનો સાથે, પ્રિયંકા ફક્ત એક નામ નથી - તે એક ચળવળ છે. ભારતીય પ્રતિભાની સાચી રાજદૂત, તે હોલીવુડ સુપરસ્ટાર, યુનિસેફ ગુડવિલ એમ્બેસેડર અને વિશ્વભરની યુવતીઓ માટે શક્તિ અને પ્રેરણાનું પ્રતીક છે.આજે તેણી પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે, ત્યારે પ્રિયંકા ચોપરા જોનાસ મહત્વાકાંક્ષા, ગ્રેસ અને સાંસ્કૃતિક પ્રભાવના જીવંત મૂર્ત સ્વરૂપ તરીકે ઉભી છે. તે ફક્ત રમત જ નથી રમતી - તે નિયમો ફરીથી લખે છે.



## ‘કિંગ’ના સેટ પર શાહરુખ ઘાયલ, અમેરિકામાં સારવાર

શાહરુખ ખાનને ઈન્ડસ્ટ્રીનો સૌથી મહેનતુ કલાકાર માનવામાં આવે છે, જેણે દર્શકોને મનોરંજન આપવામાં પોતાના જીવનનાં ૩૦ વર્ષ સમર્પિત કરી દીધાં છે. ૬૦ વર્ષનો શાહરુખ હાલ દિકરી સુહાનાને લોંચ કરવા માટે ‘કિંગ’ ફિલ્મમાં કામ કરી રહ્યો છે, તે દરમિયાન ગોલ્ડ ટોબેકો સ્ટુડિયોમાં શૂટિંગ ચાલતું હતું. ત્યારે એક એકસ્માતમાં શાહરુખ ખાનને ઈજા થઈ છે.આ ઘટના અંગે વાત કરતા શાહરુખે કહ્યું, ‘‘ઈજા અંગેની કોઈ ચોક્કસ માહિતી તો જાહેર કરવામાં આવી નથી પરંતુ શાહરુખ તેની ટીમ સાથે અમેરિકા પહોંચ્યો છે, જ્યાં તેની તાત્કાલિક સારવારની જરૂર હતી. આ ઈજા ખાસ ગંભીર નથી, પરંતુ મોટા ભાગે તેને સ્નાયુમાં કોઈ ઈજા થઈ છે, કારણ કે શાહરુખે આટલા વર્ષોના કામ દરમિયાન સ્ટંટ કરતાં ઘણી વખત ઈજાઓ થઈ છે.’’સુત્રએ આગળ જણાવ્યું કે શાહરુખને એક મહિના માટે આરામ કરવાની સલાહ અપાઈ છે, ‘‘હવે કિંગનું આગળનું શૂટ સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં શરૂ થશે કારણ કે શાહરુખને કામમાંથી વિરામ લેવાની સલાહ આપવામાં આવી છે. તે ઈજામાંથી સંપુર્ણ સારો થાય પછી જ તે સેટ પર જઈને પૂર જોશમાં કામ કરી શકશે.’’એવા પણ અહેવાલો છે કે કિંગના શૂટ માટે જુલાઈથીઓ ઓગસ્ટ દરમિયાન ફિલ્મ સિટી, ગોલ્ડન ટોબેકો અને યશરાજ ફિલ્મ સ્ટુડિયોમાં જે બૂકિંગ કરાવાયા હતા એ બધાં હવે કેન્સલ થઈ રહ્યાં છે. કિંગનું શૂટિંગ ભારતમાં થયા પછી યુરોપમાં થવાનું છે.

# ‘ડેવિલ વેર્સ ઝૂમખા’ મેરિલ સ્ટ્રીના ઝુમખાએ સોશિયલ મીડિયા પર ચર્ચા જગાવી છે

## એક તરફ સિક્વલ આવી રહી છે, ત્યારે જૂની ફિલ્મની ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ

અમેરિકા કે બ્રિટનની વેબ સિરીઝ હોય કે પછી હોલિવૂડ ફિલ્મ, ઈન્ડિયન હેન્ડિક્રાફ્ટના કપડાં અને જ્વેલરી છેલ્લાં ઘણા સમયથી લોકોનું ધ્યાન ખેંચી રહ્યાં છે. તેઓ ભારતીય ડિઝાઈનર પાસેથી પ્રેરણા પણ લઈ રહ્યા છે અને ભારતીય હસ્તકળાને પણ માન સાથે અપનાવી રહ્યા છે. પછી તે બ્રાડ પિટનો કચ્છી ટાંગલિયાનો શર્ટ હોય, પ્રાડાના કોલ્હાપુરી ચપ્પલ હોય, લૂઈ વિટોંની રિક્શા હોય કે પછી ‘વ્હીલ ઓફ ટાઈમ’ જેવી જગવિખ્યાત વેબ સિરીઝમાં ઈન્ડિયન જ્વેલરી હોય, ઈન્ડિયન ફેશન પર હવે દુનિયાનું ધ્યાન જઈ રહ્યું છે. ત્યારે એક જુની ફિલ્મનો વીડિયો સોશિયલ મીડિયા પર થોડાં સમયથી વાયરલ થઈ રહ્યો છે, તે દર્શાવે છે કે ‘ડેવિલ વેર્સ પ્રાડા’ ફિલ્મ તેના સમયથી કેટલી આગળ હતી, ખાસ કરીને ફેશન બાબતે.



૨૦૦૬માં આવેલી ફિલ્મ ‘ડેવિલ વેર્સ પ્રાડા’માં મેરિલ સ્ટ્રીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે મિરાન્ડા પ્રિસ્ટ્લીનનું ખુબ લોકપ્રિય પાત્ર કર્યું હતું. આ ફિલ્મના એક સીનમાં તે ઉત્તર ભારતમાં પહેરાતી કાનની ચાંદબાલી પ્રકારની ઈઅરિંગ્ઝ પહેરેલી દેખાય છે. આ એ જાણીતો સીન છે, જેમાં મિરાન્ડા પોતાની દિકરીના પર્ફોર્મન્સમાં ન પહોંચી શકવા પર, તે જેને ‘ધ સ્માર્ટ ફેટ ગર્લ’ તરીકે ઓળખે છે એવી એન હેથવેને નોકરી પર રાખવા પર પસ્તાવો વ્યક્ત કરે છે. આ સીનમાં મીરાન્ડા એક બ્લેક ડ્રેસ અને બ્લેક સ્ટોકિંગ્ઝ પહેરેલી દેખાય છે, તેમાં તેણે કમરમાં એક ડિઝાઈનર બેલ્ટ પહેર્યો છે અને કાનમાં ટ્રેડિશનલ ચાંદ બાલી પહેરી છે.

તાજેતરમાં જ લોકોના ધ્યાનમાં આ બાબત આવી અને સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઘણા લોકોએ કહ્યું હતું કે, તેમણે આ ફિલ્મ ૧૦૦ વાર જોઈ છે, પણ તેમનું ક્યારેય આ વાત પર ધ્યાન ગયું નહી.

ચાંદબાલી એક એવા પ્રકારની ઈઅરિંગ્ઝ છે, જેમાં અર્ધગોળ આકારમાં ચંદ્રનો આકાર આપવામાં આવ્યો હોય છે, હિન્દી શબ્દ ચાંદ બાલીનો અર્થ જ ચંદ્રના આકારની કળી એવો થાય છે. તે મોટા ભાગે સોના કે ચાંદીની બનેલી હોય છે, જેમાં મોતી, ઘુઘરી, રત્નો, કુંદન, મીનાકારી કે પોલ્કી જેવું ઘડામણ કરેલું હોય છે. તે મુઘલકાળથી વધુ લોકપ્રિય થઈ હોવાનું માનવામાં આવે છે, જ્યારે મુગલ બેગમો આ પ્રકારની બાલી પહેરતી હતી. રાજસ્થાન, કાશ્મીર અને પંજાબ સહિતના રાજ્યોમાં આ પ્રકારની ચાંદબાલી વધુ લોકપ્રિય છે, જે ઉચ્ચ ઘરાનાની સ્ત્રીઓ પહેરે છે. ત્યારે મેરીલ સ્ટ્રીપની આ વીડિયોથી ‘ડેવિલ વેર્સ ઝુમખા’ ટ્રેન્ડ થયું હતું.



## ‘ગલ્લી બોય ૨’માં ઇશાન ખટ્ટર જોવા મળશે – સિદ્ધાંત ચતુર્વેદીએ ઇન્ટરવ્યુમાં ખુલાસો કર્યો

સિદ્ધાંત ચતુર્વેદી અને ઈશાન ખટ્ટર બંને આ જનરેશનના ટેલેન્ટેડ કલાકારો છે, બંનેની દોસ્તી પણ જાણીતી છે. તાજેતરમાં તે બંને એક જાહેરખબરમાં પણ સાથે દેખાયા છે. પરંતુ તેમનો અન્ય એક વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે, જેમાં તેણે એક એવો ધડાકો કર્યો છે, જેની કોઈને કલ્પના પણ નહોતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં અચાનક પરંતુ ઈરાદાપૂર્વક એવું કહ્યું કે, ઈશાન ખટ્ટર ‘ગલી બોય ૨’માં જોવા મળશે. આવી સિક્વલ કે ક્રોસ ઓવરની કોઈને આશા નહોતી.

સિદ્ધાંત ચતુર્વેદીની ‘ધડક ૨’ આવી રહી છે, તેના સંદર્ભે આ ઈન્ટરવ્યૂ હતું. તેણે કહ્યું કે તેણે ફિલ્મ સાઈન કરી ત્યાં સુધી એને ખબર નહોતી કે તેની ફિલ્મનું નામ ‘ધડક ૨’ છે. સિદ્ધાંતે કહ્યું, ‘‘ખરેખર શરૂઆતમાં એવું થયું હતું, મેં એક ફિલ્મ સાઈન કરી હતી, એ વખતે એ ફિલ્મનું નામ નક્કી થયું નહોતું, અમને એ પણ ખબર નહોતી કે આ ફિલ્મનું નામ ‘ધડક ૨’ હશે.’’

આગળ તેણે જણાવ્યું કે ઈશાને આ વાતનો ભાંડો ફોડ્યો હતો, ‘‘હું ઈશાનને એક ફિલ્મના સ્ક્રીનિંગમાં મળ્યો હતો, એ ઝોયાએ એક ફિલ્મ માટે રાખ્યું હતું. તેમાં ઈશાને કહ્યું, ‘‘ઓહ, તો તું ધડક ૨ કરે છે, અને મને થયું, ‘‘તને કઈ રીતે ખબર, મને જ ખબર નથી.’’ આમ એને કોઈ રીતે પહેલા ખબર પડી ગઈ હતી, પછી મને એની વાતમાંથી ખબર પડી હતી. પછી બધાને ધીરે ધીરે ખબર પડી હતી. એ વખતે અડધી સ્ક્રિપ્ટનું શૂટિંગ થઈ ચૂક્યું હતું. મને ખબર નહોતી અને એને ખબર હતી.’’

સિદ્ધાંતે ધડક માટેનું શ્રેય ઈશાનને આપતા કહ્યું, ‘‘એ બરાબર પણ છે, એણે આ ફ્રેન્ચાઈઝી શરુ કરી હતી અને તેણે બહુ જ સારુ કામ કર્યું હતું. મને એટલું ખબર છે કે આ ફિલ્મ કમ સે કમ એ અપેક્ષાઓ પર તો ખરી ઉતરશે.’’ પછી સિદ્ધાંતે બોમ્બ ફોડ્યો હતો. તેણે કહ્યું, ‘‘અમારો એક અંદરનો જોક છે, તમને ખબર છે અજનબીનો અક્ષય કુમાર? ૦૦૦



# બોયકોટ કલ્ચરથી વાણી કપૂર દુઃખી, નફરતનું ઝેર બધે પ્રસરી રહ્યું છે

પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન સાથેની વાણી કપૂરની ફિલ્મ ‘અબીર ગુલાલ’ ભારતમાં રિલીઝ માટે તૈયાર હતી અને પ્રમોશન પણ ચાલી રહ્યું હતું. દરમિયાન પાકિસ્તાને પહેલગામમાં આતંકવાદી હુમલો કરાવ્યો અને ‘અબીર ગુલાલ’ પર પ્રતિબંધ મૂકાઈ ગયો. ભારતીય ઓડિયન્સ પણ આ ફિલ્મ જોવા ખાસ ઉત્સુક નથી. ‘અબીર ગુલાલ’ને મળેલો ઝાકારો વાણી કપૂરને હજુ વિસરાતો નથી. વાણી કપૂરનું માનવું છે કે, બૉયકોટ અને કેન્સલ કલ્ચર વકરવાની સાથે નફરતનું ઝેર બધે પ્રસરી રહ્યું છે.

ભારતમાં ‘અબીર ગુલાલ’ની રિલીઝ પર સત્તાવાર પ્રતિબંધ મૂકાયો હોવાથી વાણીએ આ મામલે સીધો વિરોધ નોંધાવ્યો ન હતો અને સેન્સરશિપને મર્યાદિત રાખવાની જરૂરિયાત જણાવી હતી. વાણીએ કહ્યં હતું કે, સેન્સર બોર્ડ દ્વારા એક તરફ સર્ટિફિકેટ અપાય છે અને બીજી બાજુ સેન્સરશિપની કોઈ મર્યાદા નથી.

આર્ટિસ્ટ તરીકે નવા ક્ષેત્રોમાં ખેડાણ કરવાનું શક્ય નથી બનતું કારણ કે દર વખતે બંધનો લાદી દેવાય છે. દેશમાં વધી રહેલું બૉયકોટ અને કેન્સલ કલ્ચર પણ વાણીને દુઃખી કરી રહ્યું છે. એકાદ વસ્તુ ખોટી બોલાઈ જાય તો સીધું બૉયકોટ અને કેન્સલ કરી દેવાની વાતો થાય છે. આ ખોટું છે અને આ પ્રકારની હરકતોના કારણે પરસ્પર નફરતનું ઝેર બધે પ્રસરી રહ્યું છે.

## પાકિસ્તાની એક્ટર ફવાદ સાથેની ‘અબીર ગુલાલ’ પર મૂકાયેલો પ્રતિબંધ વાણીને વિસરાતો નથી




વિશ્વ ગુરુ ટીમ સુરત મા બુધવાર ૨૩ તારીખે ભગવાન મહાવીર કોલેજ વનિતા વિશ્રામ ગર્લ્સ હોસ્ટેલ જહાંગીરપુરીમાં અમિકુંજ વાડી તેમજ મોટા વરાછા માં રોડ શો નુ આયોજન કરશે તેમજ હરેકુષ્ણ ડાયમંડ જ્વેલર્સ ની મુલાકાત લેશે આપણા સુરત માટે ગૌરવની વાત છે કે આ દિવસે વિશ્વગુરુ ફિલ્મ ના મુખ્ય કલાકાર ભિષ્મપિતામહ શકિતમાન મુકેશ ખન્નાજી નો જન્મ દિવસ પણ છે અને તમામ સુરતીઓ એમની સતાંયું સેવામય સનાતની જીવન માટે પ્રાર્થના કરશે !

# બુમરાહ માન્ચેસ્ટર ટેસ્ટ રમશે : ઇંગ્લેન્ડમાંથી બશીર બહાર

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ માન્ચેસ્ટર ટેસ્ટમાં રમશે કે નહીં? આ પ્રશ્ન છેલ્લા ઘણા દિવસોથી પરેશાન કરી રહ્યો હતો. જો કે, ટીમના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાઝે પુષ્ટિ કરી છે કે, જસપ્રીત બુમરાહ ૨૩ જુલાઈથી શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ મેચમાં રમશે. માન્ચેસ્ટર ટેસ્ટમાં બુમરાહનું રમવું ચર્ચાનો વિષય રહ્યું છે કારણ કે ટીમ મેનેજમેન્ટે કહ્યું હતું કે, બુમરાહ આ શ્રેણીમાં ફક્ત ત્રણ મેચ રમશે. બુમરાહ પ્રથમ અને ત્રીજી ટેસ્ટ માટે ઉપલબ્ધ હતો, જ્યારે વર્કલોડ મેનેજમેન્ટને કારણે તેને બીજી ટેસ્ટમાંથી આરામ આપવામાં આવ્યો હતો. ચોથી ટેસ્ટની સાથે સાથે શ્રેણી જીતવા માટે ઈંગ્લેન્ડની ટીમ પણ સજ્જ છે. જો કે, ટીમે સ્પીનર શોએબ બશીરને આરામ આપીને તેની જગ્યાએ લિયામ ડોસનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કર્યો છે.

ક્રિકેટ ફેન્સ અને અનિલ કુંબલે સહિત કેટલાક ભૂતપૂર્વ ક્રિકેટરો માને છે કે બુમરાહને માન્ચેસ્ટર ટેસ્ટમાં રમવું જોઈએ. ભારત હાલમાં પાંચ મેચની આ શ્રેણીમાં ૧-૨થી પાછળ છે અને શ્રેણીમાં ટકી રહેવા માટે ચોથી ટેસ્ટ મેચ જીતવી જરૂરી છે. આવી સ્થિતિમાં, બુમરાહ માટે આ ટેસ્ટ મેચમાં રમવું ખૂબ જ મહત્વનું છે.



સિરાઝે કહ્યું કે, 'જ્યાં સુધી મને ખબર છે, બુમરાહ ભાઈ રમશે.' મેચ માટે ટીમ કોમ્બિનેશન વિશે પૂછવામાં આવતા, સિરાઝે કહ્યું કે, 'જે પણ લાઈનઅપ પસંદ કરવામાં આવશે તે ટીમના હિતમાં હશે. મને કોમ્બિનેશન વિશે વધુ ખબર નથી. જે પણ પસંદ કરવામાં આવશે તે ટીમ માટે શ્રેષ્ઠ રહેશે.' બુમરાહે અત્યાર સુધી રમાયેલી બે મેચમાં ૧૨ વિકેટ લીધી છે, જેમાં તેણે બે વાર એક ઈનિંગમાં પાંચ વિકેટ પણ લીધી છે.

ભારતીય ટીમ માનચેસ્ટર ટેસ્ટ જીતવાની સાથે શ્રેણીમાં વાપસી કરવા માટે ઉત્સુક રહેશે. જોકે, માન્ચેસ્ટરનો પડકાર ભારત માટે સરળ રહેશે નહીં. ભારતે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે અત્યાર સુધીમાં કુલ નવ ટેસ્ટ રમી છે. ઈંગ્લેન્ડ આમાંથી ચાર ટેસ્ટ જીતવામાં સફળ રહ્યું છે, જ્યારે પાંચ ટેસ્ટ ડ્રો રહી છે. ટીમ ઈન્ડિયા પાસે હાર અને ડ્રોની આ શ્રેણી તોડવાની શાનદાર તક છે અને એક જીત શ્રેણીને રસપ્રદ બનાવશે.

અર્શદીપ સિંહ હાથની ઈજાને કારણે માન્ચેસ્ટર ટેસ્ટમાંથી બહાર થઈ ગયા બાદ ભારતે સીમર અંશુલ કંબોજને ટીમમાં સામેલ કર્યો છે. નીતિશ રેડ્ડી પણ ઘૂંટણની ઈજાને કારણે આખી શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે, જેના કારણે ટીમને તેના સંયોજનમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. એટલું જ નહીં, ઈજાથી પીડાતો આકાશ દીપ પણ નેટ્સમાં બોલિંગ પ્રેક્ટિસ કરી શક્યો નહોતો. સિરાજે કહ્યું કે, ફિઝિયો આકાશદીપની તપાસ કરી રહ્યા છે. અર્શદીપ ઘાયલ થયા પછી અંશુલ ટીમમાં સામેલ કરાયો છે. તેને શુભકામનાઓ.'

માન્ચેસ્ટરઃ ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ ઓવર ફેંક્યા બાદ મોહમ્મદ સિરાઝ ભારતીય ક્રિકેટમાં વારંવાર વપરાતા વર્કલોડ મેનેજમેન્ટ શબ્દ વિશે વધુ પડતી ચિંતા કરતા નથી. સિરાઝ ભારતીય આક્રમણમાં એકમાત્ર ઝડપી બોલર છે જે અત્યાર સુધીની બધી રમતોનો ભાગ રહ્યો છે અને જો તે સફળ રહેશે, તો તે પાંચેય ટેસ્ટમાં રમશે. ૩૧ વર્ષીય ખેલાડીએ શ્રેણીમાં અથાક બોલિંગ કરી છે, ૧૦૯ ઓવર સુધી પોતાનો હાથ ફેરવ્યો છે. તેણે કહ્યું કે, 'ભગવાનનો આભાર, હું અત્યાર સુધી ફિટ અને સ્વસ્થ છું. મારી માનસિકતા તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો અને ભારત માટે રમતો જીતવાનો છે.'

માન્ચેસ્ટરઃ ઈંગ્લેન્ડે ભારત સામેની ચોથી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનમાં એકમાત્ર ફેરફાર તરીકે ઓફ સ્પિનર શોએબ બશીરની જગ્યાએ સ્લો લેફ્ટ આર્મ ઓર્થોડોક્સ બોલર લિયામ ડોસનને સામેલ કર્યો છે. ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવનમાં ઝેક ક્રોલી, બેન ડકેટ, ઓલી પોપ (વાઈસ કેપ્ટન), જો રૂટ, હેરી બ્રુક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), લિયામ ડોસન, ક્રિસ વોક્સ, બ્રાઈડન કાર્સ, જોફ્રા આર્ચરનો સમાવેશ થાય છે.

# નેપાળ ક્રિકેટ ટીમને BCCI ટી૨૦ વર્લ્ડ કપની તૈયારીઓમાં મદદ કરશે



નેપાળની પુરુષ ક્રિકેટ ટીમ T૨૦ વર્લ્ડ કપ ક્વોલિફાયરની તૈયારી માટે ૨૦ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી બેંગલુરુમાં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તાલીમ લેશે. બંને દેશોના યુવાનોને જોડવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર સાથે મળીને આ પગલું લેવામાં આવ્યું છે.

આ વર્ષે ઓક્ટોબરમાં ૨૦ વર્લ્ડ કપ ક્વોલિફાયર યોજાવાનું છે. મુખ્ય ટુર્નામેન્ટ ભારત અને શ્રીલંકામાં યોજાશે. ભારતે ગયા વર્ષે ઓગસ્ટમાં આ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે નેપાળ ટીમની તાલીમમાં પણ ટેકો આપ્યો હતો. ગયા વર્ષે જૂનમાં યોજાયેલા T૨૦ વર્લ્ડ કપ પહેલા નેપાળે બરોડા અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનની ટીમો સાથે ત્રિકોણીય T૨૦ પ્રેક્ટિસ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો હતો.

એક વરિષ્ઠ ભારતીય સરકારી અધિકારીએ જણાવ્યું કે. ભારત અને નેપાળ વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક સંબંધોમાં ક્રિકેટ સહયોગે એક નવું પરિમાણ ઉમેર્યું છે, જેમાં બંને દેશોના યુવાનો ક્રિકેટ પ્રત્યેના તેમના સહિયારા જુસ્સા દ્વારા એકબીજા સાથે જોડાઈ રહ્યા છે. આ ભાવના રમતગમત દ્વારા તેમના સંબંધોને મજબૂત કરવા માટે વ્યાપક રાજદ્વારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ભારત સરકારે આ વર્ષે માર્ચમાં નેપાળમાં નેપાળ U ૧૯ ટીમો અને દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશનની ટીમ વચ્ચે પ્રેક્ટિસ ટુર્નામેન્ટના આયોજનને પણ ટેકો આપ્યો હતો. નેપાળની મહિલા ટીમે મે મહિનામાં થાઈલેન્ડમાં યોજાનારી એશિયન વર્લ્ડ કપ ક્વોલિફાયર્સની તૈયારી માટે એપ્રિલ અને મે મહિનામાં દિલ્હીમાં એક તૈયારી શિબિરમાં પણ ભાગ લીધો હતો.



# ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટી૨૦માં વિન્ડિઝને ૩ વિકેટથી હરાવ્યું

જમૈકાના કિંગ્સ્ટનમાં રમાયેલી પ્રથમ ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ત્રણ વિકેટથી હરાવ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝે પહેલા બેટિંગ કરીને ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૮૯ રન બનાવ્યા હતા. જવાબમાં, કેમેરોન ગ્રીન અને મિશેલ ઓવેનની અડધી સદીની મદદથી ઓસ્ટ્રેલિયાએ ૧૮.૫ ઓવરમાં જીત મેળવી લીધી હતી. ઓવેનની આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ મેચ હતી. તેણે એક વિકેટ પણ લીધી હતી. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ પર ૧-૦થી લીડ મેળવી લીધી છે. શ્રેણીની આગામી મેચ ૨૨ જુલાઈએ આ જ મેદાન પર રમાશે.

ઓવેને ૨૭ બોલમાં છ છગ્ગાની મદદથી ૫૦ રન બનાવ્યા હતા. તેણે કેમેરોન ગ્રીન સાથે પાંચમી વિકેટ માટે ૪૦ બોલમાં ૮૦ રનની ભાગીદારી કરતા ઓસ્ટ્રેલિયાને લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળી હતી. ગ્રીને ૨૬ બોલમાં બે ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૫૧ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે ૧૭ છગ્ગા અને ૬ ચોગ્ગાની સાથે ૧૨૬ રન તો બાઉન્ડ્રી ફટકારીને જ બનાવ્યા હતા. ૩-૦થી ટેસ્ટ શ્રેણી જીતીને ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટી-૨૦ શ્રેણીમાં પણ શરૂઆતમાં જ સરસાઈ મેળવી લીધી છે.

વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત સારી હતી, પરંતુ તે ૨૦૦ રનનો આંકડો પાર કરી શકી ન હતી કારણ કે તેણે છેલ્લા નવ બોલમાં પાંચ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર બેન દ્વારશુઈસે ૩૬ રનમાં ચાર વિકેટ લઈને પોતાના કરિયરનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. આ દરમિયાન તેણે ચાર બોલમાં ત્રણ વિકેટ લીધી. જોકે, જેસન હોલ્ડરે તેને હેટ્રિક લેવા દીધી નહીં, પરંતુ તે બીજા બોલ પર આઉટ થઈ ગયો હતો.

# ભારત ઓક્ટોબર-નવેમ્બરમાં ચેસ વર્લ્ડ કપની યજમાની કરશે



ભારત આ વર્ષે ૩૦ ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર દરમિયાન ચેસ વર્લ્ડ કપનું આયોજન કરશે. ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન એ જાહેરાત કરી કે, આ ઈવેન્ટ માટે યજમાન શહેરની જાહેરાત યોગ્ય સમયે કરવામાં આવશે. ટુર્નામેન્ટમાં ૨૦૬ ખેલાડીઓ ટુર્નામેન્ટ માટે પ્રતિષ્ઠિત ટાઈટલ અને ક્વોલિફિકેશન સ્થાનો માટે સ્પર્ધા કરશે. ભારતે છેલ્લે ૨૦૦૨માં હૈદરાબાદમાં ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. તે સમયે વિશ્વનાથન આનંદે ટાઈટલ જીત્યું હતું.

આગામી સ્પર્ધામાં ખેલાડીઓ નોકઆઉટ ફોર્મેટમાં ભાગ લેશે, જ્યાં દરેક રાઉન્ડમાં હારનાર ખેલાડી બહાર થઈ જશે. FIDEએ જણાવ્યું હતું કે, આ ઈવેન્ટમાં વર્ષોથી અનેક ફોર્મેટનો ઉપયોગ થતો આવ્યો છે, પરંતુ ૨૦૨૧થી સિંગલ-એલિમિનેશન ફોર્મેટનું પાલન થઈ રહ્યું છે. દરેક રાઉન્ડ ત્રણ દિવસનો હોય છે. પહેલા બે દિવસે બે ક્લાસિકલ રમતો, ત્યારબાદ જો જરૂરી હોય તો ત્રીજા દિવસે ટાઈ-બ્રેક માટે હોય છે. વર્લ્ડ કપમાં ટોચના ત્રણ ક્રમાંકિત ખેલાડીઓ ૨૦૨૬ કેન્ડિડેટ ટુર્નામેન્ટ માટે સીધા ક્વોલિફાય થશે.આ ઈવેન્ટમાં ભાગ લેનારા સ્ટાર ખેલાડીઓમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ, વર્લ્ડ કપ ૨૦૨૩ના રનર-અપ આર પ્રજ્ઞાનંધ અને વર્તમાન વિશ્વ નંબર પાંચ અર્જુન એરિગાઈસીનો સમાવેશ થાય છે. ભારતે તાજેતરમાં ૨૦૨૨ ચેસ ઓલિમ્પિયાડ, ટાટા સ્ટીલ ચેસ ઈન્ડિયા, ૨૦૨૪ વર્લ્ડ જુનિયર ૨૦ ચેમ્પિયનશિપ ૨૦૨૪ અને આ વર્ષે એપ્રિલમાં FIDE મહિલા ગ્રાન્ડ પ્રિકસના ૫મા તબક્કા સહિતની મોટી ઈવેન્ટ્સનું આયોજન કર્યું હતું.FIDEના CEO એમિલ સુતોવસ્કીએ જણાવ્યું હતું કે, વર્લ્ડ કપ ૨૦૨૫ ભારતમાં લાવવાનો અમને ખૂબ જ આનંદ છે, આ એક એવો દેશ છે જ્યાં ચેસ પ્રત્યે ઊંડો જુસ્સો છે. ભારતીય ચેસ ચાહકોનો ઉત્સાહ હંમેશા નોંધપાત્ર રહ્યો છે અને અમે સ્થાનિક ચેસ પ્રેમીઓથી એવી અપેક્ષા રાખીએ છીએ કે, તેઓ ઓન-સાઈટ અને ઓનલાઈન, બંનેમાં ખૂબ જ રસ ધરાવશે.

# ભારત છ પુરુષ હોકી ટીમનો યુરોપ પ્રવાસ હાર સાથે સમાપ્ત

ઈન્ડિયા છ મેન્સ હોકી ટીમે યુરોપ પ્રવાસમાં પોતાના અભિયાનનો અંત નેધરલેન્ડ્સ સામે ૨-૮થી કર્યો હતો. રવિવારે રમાયેલી યુરોપ પ્રવાસની અંતિમ મેચમાં ભારતીય ટીમ માટે યુવા મિડફિલ્ડર રાજિન્દર સિંહ અને ફોરવર્ડ સેલ્વમ કાર્તિએ ગોલ કર્યા હતા. ઈન્ડિયા છ ટીમ ગયા અઠવાડિયે નેધરલેન્ડ્સ સામે પોતાની પાછલી મેચ ૦-૩થી હારી ગઈ હતી.

ઈન્ડિયા છ ટીમે ૮ જુલાઈના રોજ પ્રવાસ શરૂ કર્યો હતો અને પાંચ યુરોપિયન ટીમો સામે કુલ આઠ મેચ રમી હતી. ભારતીય ટીમે નેધરલેન્ડ અને બેલ્જિયમ જેવી ટોચની ટીમો સાથે સ્પર્ધા કરવા માટે ત્રણ શહેરોમાં પ્રવાસ કર્યો હતો. ટૂર દરમિયાન ઈન્ડિયા એ ટીમે આયર્લેન્ડ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, બેલ્જિયમ અને નેધરલેન્ડ સામે રમી હતી અને તેમની આઠ મેચમાંથી ત્રણ મેચ જીતી હતી.કોચ શિવેન્દ્ર સિંહે કહ્યું કે, 'આ યુરોપિયન પ્રવાસ દરમિયાન અમને જીત કરતાં વધુ હાર મળી હોવા છતાં અમારું મુખ્ય લક્ષ્ય અનુકૂળ પરિણામો પ્રાપ્ત કરવાનો ન હતો, પરંતુ એક ટીમ તરીકે શીખવાનો અને અનુભવ મેળવવાનો હતો જેનો ભવિષ્યમાં આ ખેલાડીઓને ફાયદો થશે.'તેમણે ઉમેર્યું કે, ભારત છના ભાગ રૂપે અમારી પાસે સિનિયર અને જુનિયર ખેલાડીઓનું મિશ્રણ હતું અને તેઓએ છેલ્લા બે અઠવાડિયા દરમિયાન ખૂબ જ મૂલ્યવાન અનુભવ મેળવ્યો છે. મને વિશ્વાસ છે કે બધા ખેલાડીઓ આ મૂલ્યવાન અનુભવનો ઉપયોગ કરશે અને તેમની ભવિષ્યની બધી મેચો માટે તેમની રમતને વધુ સારી બનાવવા માટે તેનો ઉપયોગ કરશે.



# પાકિસ્તાનને ભારત આવવાનો 'ડર' લાગે છે

## PAK હોકીએ એશિયા કપ માટે ટીમ મોકલવાનો ઇનકાર કર્યો, કહ્યું- અમને ત્યાં રમવામાં જોખમ છે

પાકિસ્તાન હોકી ટીમ ભારતમાં યોજાનારા એશિયા કપમાં ભાગ લેવા નહીં આવે. અગાઉ ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન રમવા ગઈ ન હતી. ભારતે તેની બધી મેચ દુબઈમાં રમી હતી.પાકિસ્તાન હોકી ફેડરેશનએ ઈન્ટરનેશનલ હોકી ફેડરેશનને જાણ કરી છે કે તે આવતા મહિને ભારતમાં યોજાનારા એશિયા કપમાં તેની ટીમ મોકલી શકશે નહીં.

હોકી એશિયા કપ ૨૭ ઑગસ્ટથી બિહારના નાલંદામાં રમાશે, જે ૭ સપ્ટેમ્બર સુધી રમાશે. ૐહ્વ પ્રમુખ તારીક બુગતીએ જણાવ્યું હતું કે તેમણે FIH અને એશિયન હોકી ફેડરેશનને પત્ર લખીને પોતાની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું હતું કે અમે તેમને જણાવ્યું હતું કે હાલના સંજોગોમાં અમારી ટીમ ભારતમાં રમતી વખતે સુરક્ષા જોખમોનો સામનો કરી શકે છે .તેમણે આગળ કહ્યું હતું કે અમારા ખેલાડીઓ ભારતમાં યોજાનારા એશિયા કપમાં ભાગ લેવા માટે પણ ઉત્સુક નથી. આ ટુર્નામેન્ટ વર્લ્ડ કપ માટે ક્વોલિફિકેશન પણ છે.

PHFના વડાએ એવો પણ પ્રશ્ન કર્યો કે ભારતમાં તેમની ટીમની સલામતીની શું ગેરંટી છે. તેમણે કહ્યું હતું કે અમે તેમને જણાવ્યું કે અમારા ખેલાડીઓની સલામતી કેવી રીતે સુનિશ્ચિત કરવામાં આવશે અને તેઓ ટુર્નામેન્ટ પર કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

પાકિસ્તાન સરકારે હજુ સુધી આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, પરંતુ તાજેતરમાં એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું હતું કે ટીમ ભારતની યાત્રા કરશે નહીં.ભારતીય રમત મંત્રાલયે પાકિસ્તાન હોકી ટીમને ભારતમાં એશિયા કપ રમવાની મંજૂરી આપી દીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રમત મંત્રાલયે કહ્યું હતું કે અમે કોઈપણ ટીમને ભારતમાં બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવા વિરુદ્ધમાં નથી, પરંતુ દ્વિપક્ષીય શ્રેણી અલગ છે .ભારતે આ ટુર્નામેન્ટ પાંચ વખત જીતી છે. આ ટુર્નામેન્ટ ૨૦૧૧માં શરૂ થઈ હતી. પાકિસ્તાને ત્રણ વખત જીત મેળવી છે અને સાઉથ કોરિયાએ



૨૦૨૧માં ઢાકામાં એક વખત ટાઈટલ જીત્યું હતું.

આ વર્ષે ઓક્ટોબરમાં ભારતમાં યોજાનારા મહિલા ODI વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે પાકિસ્તાન ટીમ આવશે નહિ. પાકિસ્તાનની બધી મેચ શ્રીલંકામાં રમાશે.વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લીજેન્ડ્સ (WCL)ના આયોજકોએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રદ કરી દીધી, કારણ કે ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાન સાથે રમવાનો ઈનકાર કર્યો હતો.

આયોજકોએ લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ માફી પણ માગી હતી. આ મેચ ૨૦ જુલાઈએ બર્મિંગહામમાં રમાવાની હતી. ભારતીય ખેલાડીઓ સુરેશ રૈના અને શિખર ધવન, હરભજન સિંહ, ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણે આ મેચમાં રમવાનો ઈનકાર કર્યો હતો. સંપૂર્ણ સમાચાર વાંચો...ભારતીય વોલીબોલ ટીમ સેન્ટ્રલ એશિયન વોલીબોલ ટુર્નામેન્ટમાંથી ખસી ગયા પછી ટુર્નામેન્ટ પાકિસ્તાનથી ઉઝબેકિસ્તાનમાં ખસેડવામાં આવી હતી.

# સુરતી મોઢ વણિક હિત વર્ધક મંડળ ની સામાન્ય સભા મળી

## જરૂરીયાતમંદ પરિવારોને સહાય કરવા પ્રમુખ હસમુખ લાલવાળાની જાહેરાત



સુરત, તા.૨૨

સૂ. મો. વણિક હિત વર્ધક મંડળ ની સામાન્ય સભા નાનપુરા પંચ પ્રેરિત વૃદ્ધાશ્રમ માં મળી. સભા ની શરૂઆત અમદાવાદ ખાતે ગોઝારા પ્લેન અક્સ્માત ના મૃતકો ને મૌનરૂપી શ્રદ્ધાંજલિ આપી કરવામાં આવી. પ્રમુખ હસમુખ લાલવાળા એ સ્વાગત પ્રવચન કર્યું, સભાનું સંચાલન મંત્રી મનહર લાપસીવાળા એ કર્યું. ગત મિનિટસ નું વાંચન શ્રીવાસ ઘી વાળા એ કર્યું. વાર્ષિક હિસાબો ખજાનચી અશોક સોપારીવાળા એ રજૂ કર્યા. સભા માં વિવિધ કમિટી ના નામો અને તેના કન્વીનર, સહ કન્વીનર અને સભ્યો ના નામો જાહેર કરવામાં આવ્યા. થઈ ગયેલ ડાયાબીટીસ અને ફીજીયોથેરાપી સેમિનાર નો અહેવાલ રજૂ કર્યો. આ મંડળ દ્વારા સમાજ ના આર્થિક રીતે નબળા પરિવારો ને દર મહિને અન્ન સહાય, વાર તહેવારે વિશેષ સહાય ની વીગત અને તે અંગે થતા ખર્ચા ઓ અને આવક ના શ્રૌતની વીગત રજૂ કરવામાં આવી. પ્રમુખ હસમુખ ભાઈ લાલવાળા એ આર્થિક રીતે નબળા પરિવાર પરિવાર ના સભ્ય નું મરણ પ્રસંગે અંતેષ્ટીનો સામાન વિના મૂલ્યે તેમના તરફથી આપવા માટે ની જાહેરાત કરી . અનેક વિધ સેવાકીય સંસ્થાઓ અને પ્રવૃત્તિ કરતા મોઢ વણિક સમાજ ના સપૂત સીએ મીતેશ મોદી નું શાલ અને પુષ્પ ગુચ્છ થી સન્માન કરવામાં આવ્યું. અંતે આભાર વિધિ શ્રીવાસ ઘી વાળા એ કરી અને ઈશ્વર લાપસી વાળા એ સભાનું સમાપન જાહેર કર્યું.

# ખેરગામની સરકારી કોલેજમાં ત્રિવિધ તાલીમ કાર્યક્રમનો આરંભ કરાયો

## આચાર્ય ડો.એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને તાલીમ

ખેરગામ, તા.૨૨

ખેરગામ સરસીયા ખાતે આવેલી સરકારી વિનયન,વાણિજય અને વિજ્ઞાન કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૫ -૨૬ દરમિયાન સંસ્થાના વડા આચાર્ય ડો.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ IQAC NSS ,રૂસા અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ફિનિશિંગ સ્કૂલ,યુવક-યુવતી સહકારી શિક્ષણ તાલિમ વર્ગ અને કોમ્પ્યુટર ઓપરેટરની તાલિમની શરુઆત તા: ૨૧-૦૭-૨૦૨૫થી કરવામાં આવી. આમ કોલેજ ખાતે ત્રિવિધ તાલીમોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમા ફિનિશિંગ સ્કૂલ તા.૨૧/૦૭/૨૦૨૫ થી ૧૩/૦૮/૨૦૨૫ પ્રથમ, દ્વિતીય,તૃતીય અને ચોથા તબક્કાની ફિનિશિંગ સ્કૂલની ૨૦ દિવસની તાલીમ માટે અમદાવાદથી પ્રકાશકુમાર દેત્રોજી ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમનો ઉદ્દેશ્ય ગુજરાત રાજયના વિદ્યાર્થીઓને સોફ્ટસ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે.યુવક-યુવતી સહકારી શિક્ષણ તાલીમ વર્ગ તા.૨૧/૦૭/૨૦૨૫ થી ૨૬/૦૭/ ૨૦૨૫ યુવક-યુવતી સહકારી ૬ દિવસની તાલીમ માટે વલસાડથી રાજેશભાઈ બાગુલ અને ગીતાબેન પટેલ આવ્યા હતા. આ કાર્યક્રમાં વિદ્યાર્થીઓ સહકારી પ્રવુત્તિને સમજે અને તેના ફાયદાઓ જાણે તે હેતુને દયાનમાં રાખી આ તાલીમ યોજવામાં આવી છે. કોમ્પ્યુટર ઓપરેટરની તાલીમ રૂસા કોમ્પોનંટ૧૨ અંતર્ગત તા.૨૧/૦૭/૨૦૨૫ થી ૩૧/૦૭/ ૨૦૨૫ કોમ્પ્યુટર ઓપરેટરની ૧૦ દિવસની તાલીમ, માટે રાજકોટથી ટ્રેનર વિરાજભાઈ હીરપરા ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રિવિધ તાલીમમાં કુલ ૧૨૧ વિદ્યાર્થીઓ ટ્રેનિંગ માટે સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગર વી.પરમારે કર્યું હતું.



# મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ કોલેજમાં બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

## ગર્લ્સ તથા બોયઝ ટીમ માટે ચેમ્પીયનશીપ



સુરત, તા.૨૨

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાવીર વિદ્યામંદિર બી.એડ. કૉલેજ, વી. ટી. પોદ્દાર બીસીએ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૧૮/૦૭/૨૦૨૫ શુક્રવાર અને ૧૯/૦૭/૨૦૨૫ શનિવાર એમ બે દિવસીય બોક્સ ક્રિકેટ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી નીરજભાઈ પટેલ, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બી.એડ્. કૉલેજના પ્રધાનાચાર્યા ડૉ. જયશ્રીબેન કાનાણી, બીસીએ કૉલેજના પ્રધાનાચાર્ય ડૉ. ચેતન રાઠોડ, બીકોમ કોલેજના પ્રધાનાચાર્ય પ્રા. અજય પાટીલ, તેમજ શૈક્ષણીક, બિનશૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ સંસ્થામાં મંત્રીશ્રી નીરજભાઈ પટેલ દ્વારા રીબીન કાપી અને શ્રીફળ ફોડી કરવામાં આવ્યો હતો.

બે દિવસ સુધી બોક્ષ ક્રિકેટમાં સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ગર્લ્સ અને બોયઝની અલગ અલગ ટીમ બનાવી ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગર્લ્સમાં બી.એડ. વિભાગની એજ્યુકેટર ટીમ વિજેતા થઈ હતી. વોરિયર ગર્લ્સ બીકોમની ટીમ રનરઅપ રહી હતી. જ્યારે બોયઝમાં એવોર્ડ અંશુમન ટીમ વિજેતા થઈ હતી. વીટીપી કિંગ રનર અપ રહી હતી. બોક્ષ ક્રિકેટમાં ભાગ લેનાર તેમજ વિજેતા ટીમને સંસ્થા પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

# ચેમ્બર અને સનબો ડાઈઝના સંયુક્ત ઉપક્રમે હાસ્ય કવિ સમેલન યોજાયું

## સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે....થી લઈને મમ્મી કા પપ્પુ.....હાસ્ય કવિઓએ એક એકથી ચઢે એવી કૃતિ રજૂ કરી

સુરત, તા.૨૨

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સનબો ડાઈઝ એન્ડ કેમિકલ એલએલપીના સંયુક્ત ઉપક્રમે રવિવારે, તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ ના રોજ સાંજે ૦૭:૦૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ભવ્ય ‘હાસ્ય કવિ સંમેલન’ યોજાયું હતું. આ કાર્યક્રમમાં દેશભરના પ્રખ્યાત હાસ્ય કવિઓએ પોતાની રમૂજી અને વ્યંગાત્મક રજૂઆતોથી ઉપસ્થિત પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ’ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વ્યસ્ત ઉદ્યોગ જગત અને નાગરિક જીવનશૈલી વચ્ચે હાસ્ય અને સાહિત્યના સ્પર્શથી તેઓને સુખદ અનુભવ કરાવવાનો છે. જીવનની દોડધામમાં થોડી પળો હાસ્યથી ભરેલી બનાવવાનો ચેમ્બરનો આ પ્રયાસ છે.’ વધુમાં તેમણે ચેમ્બર દ્વારા આગામી સમયમાં કરવામાં આવનાર કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. આ હાસ્ય કવિ સંમેલનમાં અલીગઢના ડો. વિષ્ણુ સકસેના, જોનપુરના શ્રી શશિકાંત યાદવ, ભોપાલના ડો. અનુ સપન, દિલ્હીના શ્રી સુદિપ ભોલા, મુંબઇના શ્રી દિનેશ બાવરા અને કવયિત્રી સુશ્રી અંકિતા સિંહે તેમની હાસ્યથી ભરપૂર શાયરી, જોક્સ, અને તાજી ઘટનાઓ પર આધારિત વ્યંગાત્મક રજૂઆતોથી પ્રેક્ષકોને હસાવ્યા.

તેમની એક એકથી ચઢિયાતી કૃતિઓ અને વ્યંગ પર પ્લેટિનમ હોલમાં જાણે હાસ્યનું બુલડોઝર ફરી વળ્યું હતું અને કલાકો સુધી અટકવાનું નામ લેતું ન હતું.

સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે....થી લઈને મમ્મી કા પપ્પુ.....હાસ્ય કવિઓએ એક એકથી ચઢે એવી કૃતિ રજૂ કરી

હાસ્ય કવિઓએ કરદાતા, શેરબજાર, વેપાર, રાજનીતિ, ભાષા વિવાદ, જીએસટી, યુવાઓની રીલની ઘેલછા અને સાંપ્રત ઘટનાઓ પર ખૂબ સરસ વ્યંગ રજૂ કરીને પ્રેક્ષકોનું ભરપૂર મનોરંજન કર્યું.

શશીકાંત યાદવે ઓપરેશન સિંદૂર માટે મોદીની પ્રશંસા કરતા વ્યંગાત્મક રીતે કહ્યું કે મોદીએ પાકિસ્તાનની ઉંઘ હરામ કરી દીધી, અમેરિકા પણ ટેન્શનમાં છે, મોદીએ શશી થરૂરને અમેરિકા મોકલ્યા તો અમેરિકી પ્રમુખે પત્ની માટે ચાર ગાર્ડ્સ વધારી દીધા, શું ભરોસો, સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે!!!

એક કવિએ કહ્યું: નમો નમો કે નારે.... ખૂબ હુએ જયકારે, હરિયાણા-યુપી વાલોં ને ખોલ દિયે ભંડારે...

સારે મોદી કે વિરોધી એક હો ગયે, ઉસ કે બાદ ભી મમ્મી કા પપ્પુ ફેલ હો ગયે...

આગળ તેમણે કહ્યું: મોદી બોલે કેમ છે, રાહુલ બોલે સેમ છે સેમ છે સીટ નહીં આતી ચુનાવોં મે,

મોદી બોલે યહી તો ગેમ છે, ગેમ છે!!

યુવા પેઢી પર કટાક્ષ કરતી કવિતા હતી બાકી સબ ખુલ્લંખુલ્લા પર મોબાઈલ લૉક લગાતી હૈ...

સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોટ, ડીજીજીઆઈના એડિશનલ ડિરેક્ટર શ્રી પંકજ ત્રિવેદી, ચેમ્બરના માજી પ્રમુખશ્રીઓ, ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ આભારવિધી કરી હતી, જ્યારે મહેમાનોનું સ્વાગત સનબો ડાઈઝ એન્ડ કેમિકલ એલએલપીના ડિરેક્ટર શ્રી કુંજ પનસારીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.



# ચંદી સ્પોર્ટ્સ ટ્રસ્ટ દ્વારા ચેસ અને કેરમ ટુર્નામેન્ટનું આયોજન

## ચેસ ટુર્નામેન્ટમાં ઓપન કેટેગરીમાં મીરલ ચેવલી વિજેતા

સુરત, તા.૨૨

ચંદી સ્પોર્ટ્સ ટ્રસ્ટ દ્વારા ૭૦માં ઈન્ટરનેશનલ ચેસ ડે ની ઉજવણી નિમિત્તે તા. ૨૦-૦૭-૨૦૨૫ને રવિવારના રોજ સલાબતપુરા, સુરત મુકામે ચેસ અને કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું.જેમાં ચેસમાં કુલ ૩૦ ખેલાડીઓએ અને કેરમમાં કુલ ૩૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને મુખ્ય મેહમાન યોગેશભાઈ રિબિનવાલા, સુરત ક્ષત્રિય મહિલા મંડળના પ્રમુખ આશાબેન કાપડિયા, ચંદી સ્પોર્ટ્સ ટ્રસ્ટના પ્રમુખ શ્રી શૈલેષભાઈ ગોનાવાલા, તેમજ કમિટી સભ્યો નીતિન ભરૂચા, કિરીટ ભાણાભાગવાનવાલા, ભરતભાઈ મશરૂવાલા, ધર્મેશભાઈ ફીટવાલા, લલિતભાઈ વખારિયાના વરદ હસ્તે વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ચેસ ટુર્નામેન્ટમાં ઓપન કેટેગરીમાં મીરલ ચેવલી વિજેતા,રિંકેશ કાપડિયા રનર્સ અપ તેમજ વિનીત જરીવાલા સેકેન્ડ રનર્સ અપ રહ્યા હતા. ઉપરાંત -૧૯માં પ્રિયાંશ ભગતવાલા વિજેતા, શુભમ રૂપાવાલા રનર્સ અપ તેમજ રાઘવ ફીટવાળા સેકેન્ડ રનર્સ અપ રહ્યા હતા. કેરમ ટુર્નામેન્ટમાં ઓપન કેટેગરીમાં ધર્મેશ ફીટવાલા વિજેતા અને જિજ્ઞેશ ગોનાવાલા રનર્સ અપ રહ્યા હતા.ઉપરાંત -૧૯માં જાગ્રવ પેંગાવાલા વિજેતા અને કાવીશ જરીવાલા રનર્સ અપ રહ્યા હતા. મનીષભાઈ બરોડાવાલાનું આરબીરેટર તરીકે સેવા બજાવી હતી અને ઉપ-પ્રમુખ શ્રી અલ્પેશ ઘંટીવાલાએ આભારવિધિ કરી હતી.

# સુરતના મોહસિન અલી મોહમ્મદ શેઠને એશિયન પાવર લિફ્ટિંગમાં બે ગોલ્ડ મેડલ

## આંતરરાષ્ટ્રીય સ્તરે મોહસિને ભારતનું નામ રોશન કર્યું



સુરત, તા.૨૨

સુરતના રહેવાસી અને વ્યવસાયથી બિઝનેસમેન મોહસિન અલીમોહમ્મદ શેઠએ વિયતનામ ખાતે યોજાયેલી એશિયન પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૫માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને શાનદાર સફળતા હાંસલ કરી. મોહસિન શેઠે Master-1 કેટેગરીમાં કુલ ૪૯૫ કિલોગ્રામ વજન ઊંચકી પાવરલિફ્ટિંગમાં અને ડેડલિફ્ટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચીન, જાપાન, ભારત, સિંગાપુર, કૂવૈત, બહેરિન, થાઈલેન્ડ, વિયતનામ, દક્ષિણ કોરિયા, નેપાળ, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. મોહસિનભાઈ છેલ્લા પાંચ વર્ષથી પાવરલિફ્ટિંગની દુનિયામાં સક્રિય છે અને પોતાની મહેનત, નિષ્ઠા અને અનોખી તૈયારીથી આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, “આ મેડલ સખત મહેનતનું પરિણામ છે, પણ આ જીત મારા દેશ ભારતને સમર્પિત છે. મારા પરિવાર અને મિત્રોનો ટેકો હંમેશા મારા સાથે રહ્યો છે.” આ સિદ્ધિથી તેમણે સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે.

### ઉપરાષ્ટ્રપતિ
### પહેલા પાનાનું ચાલુ

બીએસીની આગામી બેઠક આજે બપોરે ૧ વાગ્યા સુધી મુલતવી રાખી.એ સ્પષ્ટ છે કે ગઈકાલે બપોરે ૧ વાગ્યાથી ૪:૩૦ વાગ્યાની વચ્ચે કંઈક ગંભીર ઘટના બની હશે, જેના કારણે જેપી નડ્ડા અને કિરણ રિજિજુ જાણી જોઈને સાંજની બેઠકમાં હાજર રહ્યા ન હતા.હવે ખૂબ જ ચોંકાવનારુ પગલું ભરતા, શ્રી જગદીપ ધનખડે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે આનું કારણ પોતાનિં નાદુરસ્ત તબિયતને ગણાવ્યું છે. આપણે આનું સન્માન કરવું જોઈએ. પરંતુ સત્ય એ છે કે આની પાછળ કેટલાક મોટા કારણો છે.

### બિહારમાં
### પહેલા પાનાનું ચાલુ

તેની સામે ચૂંટણીપંચે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામુ દાખલ કરીને જણાવ્યું હતું કે તે આધાર પર આધાર રાખી શકે નહીં તે ફકત એક ઓળખપત્ર છે.દેશભરમાં મોટી સંખ્યામાં બોગસ રાશનકાર્ડ પણ ફરી રહ્યા છે અને જયારે વોટર આઈડીને માન્ય રાખવામાં આવે તો સમગ્ર કવાયતનો કોઈ હેતુ રહેશે નહીં.જોકે પંચે સ્વીકાર્યુ હતું કે, ફકત મતદાર યાદીના આધારે કોઈને કોઈની નાગરીકતાને અમાન્ય ગણી શકાશે નહીં. પંચે આ અંગે ગઈકાલે જ સુપ્રીમ કોર્ટમાં પોતાનું સોગંદનામુ દાખલ કરી દીધુ છે.હવે સર્વોચ્ચ અદાલત તેના પર કેવુ વલણ અપનાવે છે તે મહત્વનું બની જશે. ચૂંટણીપંચે જે ૧૧ માન્ય દસ્તાવેજો નિશ્ચિત રાખ્યા છે તેને જ વળગી રહેવા નિર્ણય લીધો છે.

### આઠમાં પગાર
### પહેલા પાનાનું ચાલુ

સરકારે નવું પગારપંચ રચવા નિર્ણય લીધો છે; પરંતુ તેમાં હજુ સરકારના જ વિવિધ મંત્રાલય પાસેથી તેમના અભિપ્રાય અને સુચનો માંગવામાં આવ્યા છે.

તેમણે આ અંગે કોઈ ટાઈપલાઈન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. સાતમા પગારપંચની રચના ૨૦૧૬માં કરવામાં આવી હતી અને તેની મુદત ૧૦ વર્ષની હતી. જેથી આગામી વર્ષથી નવા પગારપંચની રચના ડયુ થઈ ગઈ છે.

### ધનખરના
### પહેલા પાનાનું ચાલુ

સમાન રીતે આડે હાથ લીધા છે. તેમણે મંગળવારે બપોરે ૧ વાગ્યે બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકનું આયોજન કર્યું હતું. ન્યાયતંત્રને લગતી કેટલીક મોટી જાહેરાતો પણ થવાની હતી.રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે ધનખરને દેશભક્ત ગણાવ્યા. તેમણે કહ્યું- ધનખડે પોતાના રાજીનામા પાછળ સ્વાસ્થ્ય કારણો આપ્યા છે, તેથી તેને સ્વીકારીને આગળ વધારવું જોઈએ. આ અંગે વધુ ચર્ચા થવી જોઈએ નહીં.સિબ્બલે કહ્યું- હું વ્યક્તિગત રીતે તેમના રાજીનામાથી ખુશ નથી, કારણ કે હવે જ્યારે હું સંસદમાં જઈશ, ત્યારે હું તેમને મળી શકીશ નહીં. વ્યક્તિગત રીતે, મને તે ગમશે નહીં. મારા તેમની સાથે ખૂબ સારા સંબંધો હતા. તેઓ પોતાનો મુદ્દો કહેતા હતા અને કંઈપણ પોતાના હૃદયમાં રાખતા નહોતા. જ્યારે હું રાજ્યસભામાં બોલવા માટે વધુ સમય માંગતો હતો, ત્યારે તેઓ મને વધુ સમય આપતા હતા.

### ગિલટિ-બાલ્ટિસ્તાનમાં
### પહેલા પાનાનું ચાલુ

પ્રવક્તાએ જણાવ્યું હતું કે પૂરને કારણે બાબુસર હાઈવે પણ બંધ થઈ ગયો છે. વિસ્તારમાં સંદેશાવ્યવહાર અને વીજળી પુરવઠો ખરાબ રીતે પ્રભાવિત થયો છે.

સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (SSP) અબ્દુલ હમીદે પાકિસ્તાનના અગ્રણી અખબાર ’ડોન’ને જણાવ્યું હતું કે ભયાનક પૂરને કારણે પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. લગભગ સાત કિલોમીટરનો વિસ્તાર પૂરથી પ્રભાવિત થયો છે.

ગિલગિટ-બાલ્ટિસ્તાનના મુખ્યમંત્રીએ અધિકારીઓને લોકોને બચાવવા અને મદદ કરવા માટે ઉપલબ્ધ તમામ સંસાધનોનો ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ભયંકર પૂરથી ખેતીની જમીન, પાક, વૃક્ષો અને જાહેર અને ખાનગી સંપત્તિને ભારે નુકસાન થયું છે.

SSP અબ્દુલ હમીદનો અંદાજ છે કે દેશના વિવિધ ભાગોમાંથી ૨૦ થી ૩૦ પ્રવાસીઓ હાલમાં ગુમ હોઈ શકે છે. બચાવ ટીમો તેમની શોધમાં રોકાયેલી છે, જોકે સતત વરસાદને કારણે બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યો છે. આ પૂરથી કારાકોરમ હાઈવેના એક ભાગને પણ નુકસાન થયું છે. આ કારણે, બંને બાજુ સેંકડો પ્રવાસીઓ ફસાયેલા છે.

### મુંબઈ સિરીયલ
### પહેલા પાનાનું ચાલુ

આધાર નથી. કોર્ટે શંકાનો લાભ આપીને તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા.

આ કેસ ૧૧ જુલાઈ ૨૦૦૬નો છે, જ્યારે સાંજે માત્ર ૧૧ મિનિટમાં મુંબઈ લોકલ ટ્રેનોમાં સાત અલગ અલગ સ્થળોએ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટોમાં ૧૮૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૮૨૭ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાએ આખા દેશને હચમચાવી નાખ્યો હતો. નવેમ્બર ૨૦૦૬માં આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ પછી, ૨૦૧૫માં, ટ્રાયલ કોર્ટે ૧૨ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા, જેમાં ૫ આરોપીઓને મૃત્યુદંડ અને ૭ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ પછી, આરોપીઓએ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

### રિફંડ માટે
### પહેલા પાનાનું ચાલુ

તેઓ પાસેથી ટીડીએસ વસુલાયો છે તો તેણે આ ટીડીએસનું રીફંડ લેવા માટે આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની જે જોગવાઈ છે તેના સ્થાને ફકત એક સરળ ફોર્મ ભરીને તેને રીફંડ મળે તેવી જોગવાઈ કરવાની ભલામણ કરી છે.

આ ઉપરાંત નવા આવકવેરા ધારામાં અગાઉના આઈટી એકટની કલમ ૮૦એ નો સમાવેશ કરાયો નથી. જેમાં કંપની દ્વારા ઈન્ટર કોર્પોરેટ ડીવીડન્ડ એટલે કે એક કંપની બીજી કંપનીને ડીવીડન્ડ આપે તો તેને ડીવીડન્ડ ફંડની છુટની જે અત્યાર સુધી જોગવાઈ હતી તેને ફરી અમલી બનાવવા માંગણી કરી છે.

સૌથી મહત્વનું કમીટીએ વિલંબથી રીટર્ન ફાઈલ કરનારને ટીડીએસ કે તેનું અન્ય રીફંડ કોઈ પેનલ્ટી વગર પરત અપાઈ તે માટે ભલામણ કરી છે. સંસદીય સમીતીએ સૌથી મહત્વપૂર્ણ રીતે આવકવેરા ધારાની કલમ ૧૧૫ બીબીસી હેઠળ નોન પ્રોફીટ ઓર્ગેનાઈઝર અને તેની તમામ ગુપ્તદાનને આવકવેરામાં આવરી લેવાની જોગવાઈ છે તેમાં ધાર્મિક ટ્રસ્ટો કે સંસ્થાઓની સાથે સામાજીક ચેરીટેબલ સંસ્થાઓને પણ જોડવા માંગણી કરી છે.

ખાસ કરીને ધાર્મિક સંસ્થાઓ-સામાજીક અને સખાવતી કામ પણ કરતી હોય છે અને તેથી ફક્ત ધાર્મિક સંસ્થાઓને મુકિત આપવાથી ચેરીટેબલ ટ્રસ્ટો પર બીનજરૂરી રીતે કરનો બોજો આવી જશે.

ખાસ કરીને શૈક્ષણિક, મેડીકલ તેમજ અન્ય સામાજીક સેવાઓમાં રોકાયેલી સંસ્થાઓને તેની વર્તમાન મુકિત ચાલુ રહે તે ભલામણ કરાઈ છે. આમ ધાર્મિક અને ચેરીટેબલ ટ્રસ્ટોને ગુપ્તદાનમાંથી કરમુકિત મળવી જોઈએ. નવા ખરડામાં ગુપ્તદાન પર ૩૦ ટકા ટેકસની જોગવાઈ છે તેનો કમીટીએ વિરોધ કર્યો છે.

### સીબીએસઈ
### પહેલા પાનાનું ચાલુ

જવાબદારીઓમાંની એક છે અને તે સુનિશ્ચિત કરવી કે વિદ્યાર્થીઓને શાળામાં સલામત અને સુમેળભર્યું વાતાવરણ મળે.

સલામતીના બે પાસાં છે: (૧) તોફાની અસામાજિક તત્વોથી સલામતી (૨) બાળકોની એકંદર સુખાકારી માટે સલામતી, પછી ભલે તેઓ ગુંડાગીરીનો ભોગ બને કે અન્ય સ્વાભાવિક જોખમોનો ભોગ બને. આવી બધી શક્યતાઓને સતર્ક અને સંવેદનશીલ સ્ટાફ અને નવીનતમ ટેકનોલોજીના ઉપયોગથી અટકાવી શકાય છે.

શાળાઓમાં બાળકોની સલામતી અંગેના NCPCR માર્ગદર્શિકાના વિભાગ ૧(૮) મુજબ, "શાળાઓમાં CCTV નું નિયમિત નિરીક્ષણ અને જાળવણી કરવી જોઈએ. શાળાઓ શાળા પરિસરમાં વિવિધ ઓળખાયેલા સ્થળોએ CCTV કેમેરા સ્થાપિત કરીને તેમના સમગ્ર પરિસરનું સતત નિરીક્ષણ કરી શકે છે."

નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બધી સંલગ્ન શાળાઓએ શાળાના બાળકોની સલામતી માટે આ જોગવાઈનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ.

### જમ્મુ-કાશ્મીર
### પહેલા પાનાનું ચાલુ

મંગળવારે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને તેલંગાણામાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. બિહારના ૨૭ જિલ્લાઓ અને રાજસ્થાનના ૪ જિલ્લાઓમાં ભારે વરસાદ પડી શકે છે.૨૪ જુલાઈની આસપાસ બંગાળની ખાડીના ઉત્તરીય ભાગમાં એક નવું નીચા દબાણનું ક્ષેત્ર બનવાની શક્યતા છે, જેના કારણે આગામી દિવસોમાં દેશના ઘણા રાજ્યોમાં ફરી ભારે વરસાદની શક્યતા છે.

### રિઝર્વેશન રદ
### પેજ-૨ પાનાનું ચાલુ

અસર થઈ શકે તેમ છે આ રીઝર્વેશન મુકવામાં આવતા ઘણી સમસ્યાઓ ઉભી થઈ છે. ઉમેશભાઈ ઝડફિયાએ જણાવ્યું હતું કે, ટીપી ૪૯,૫૦,૫૧ માં રિઝર્વેશનના મકાન, ખુલ્લા પ્લોટ, સોસાયટીની વાડી અને રસ્તાના કતારગામ ઝોન દ્વારા લીધેલ કબજાઓ અગાઉ મેયર તેમજ ડેપ્યુટી મેયરે પરત અપાવવાની વાત કરી હતી તે આજદિન સુધી પરત થયા નથી જેથી તેને તાત્કાલિક ધોરણે પરત કરવામાં આવે અને રિઝર્વેશન તાત્કાલિક ધોરણે રદ કરવાની જે તે વિભાગની સરકારી કચેરીને જાણ કરીને અમલ કરાવવામાં આવે, આ રિઝર્વેશનો દુર કરવા અંગે આજદિન સુધીમાં કોઈ સરકારી કચેરી કે મનપાએ કોઈ સ્પષ્ટતા કે લેખિતમાં કોઈ પત્ર જાહેર કરવામાં આવ્યો નથી કે રિઝર્વેશન મિલકત ધારકોને દુર કરવા અંગે કોઈ સુચના મળેલ નથી જેથી આ રિઝર્વેશન તાત્કાલિક ધોરણે રદ કરવામાં નહિ આવે તો આંદોલન ફરીથી સક્રીય થશે.

### ઓલ ઇન્ડિયા બીગ
### પેજ-૨ પાનાનું ચાલુ

ગ્રાઉન્ડ ઉપર પ્રથમ વખત ઓલ ઈન્ડિયા આદિવાસી બિગ બોસ રબ્બર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરનારા આદિવાસી યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા.આ કલ્પેશ ગુબાડે અને અઝીઝ બોડીયાતે કોમેન્ટ્રીની સેવા બજાવી હતી.તેમજ આ ટૂર્નામેન્ટનું ડી.એક્ષ સ્પોર્ટ્સના ઓનર્સ દક્ષેશ પટેલ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી.

### આરપીઆઈ
### પેજ-૨ પાનાનું ચાલુ

પવાર, સંગઠન અધ્યક્ષ સપનાબેન પવાર,દક્ષિણ ગુજરાત યુવા અધ્યક્ષ સુભાષભાઈ આહીરે,સુરત શહેર ઉપાધ્યક્ષ ગોતમભાઈ સુરવાડે,સંતોષ ભગત અન્ય કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા ડો આંબેડકર ના પરિવાર સાથે જોડાઈ રીપ્બલીકન પાટી ને મજબૂત કરવા હાકલ કરી હતી મિટીંગ નું સંચાલન રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ગોતમભાઈ ઈંગળે ક્યુ હતુ,

### સહકારી બેંકો
### પેજ-૨ પાનાનું ચાલુ

સહકારી સંસ્થાઓ માટે લાગુ પડતી વિવિધ કલમો – જેવી કે કલમ ૮૦, વાર્ષિક રીટર્ન તેમજ ટી.ડી.એસ. ને લગતી કલમો, ઓડીટને લગતી કલમ ૪૪છ઼ તેમજ સહકારી બેન્કોને અન્ય કલમો હેઠળ મળતાં લાભો વગેરે વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરી સભાને સમજુતી આપી હતી. તેમની પ્રસ્તુતિ સહકારી સંસ્થાઓના કાર્યકર્તાઓ માટે ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થશે, સેમિનાર દરમિયાન સહકારી ક્ષેત્રની નીતિઓ, સંચાલન પ્રક્રિયાઓ, ટેકનોલોજી અપગ્રેડેશન તથા સભ્યોને વધુ સક્રિય રીતે જોડવા માટેના ઉપાયો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સહકારના મંચ પર આવી પ્રકારની પ્રવૃત્તિઓથી નાની સહકારી સંસ્થાઓ વધુ મજબૂત બને અને સહકારની મૂળ ભાવના વધુ સ્ફૂર્તિવાન બને એ મહત્વપૂર્ણ હેતુ સાર્થક રહ્યો. કાર્યક્રમનું સંચાલન સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે આભારવિધિ સંઘના એકાઉન્ટન્ટ શ્રી કનુભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.

### રાંદેર પીપલ્સ
### પેજ-૨ પાનાનું ચાલુ

૨૫ના નાણાકીય હિસાબને એમ ડી શ્રી ઉમેશભાઈ દેસાઈએ રજુ કર્યા જેને ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો હતો,ઓડિટ રિપોર્ટની દરખાસ્ત ડીરેકટર શ્રીમતી દક્ષાબેન શાસ્ત્રીએ રજુ કરી હતી જેને શંકરભાઈ પટેલે ટેકો આપ્યો હતો, નફાની ફાળવણીની ડીરેકટરશ્રી ચન્દ્રકાન્ત સેલર દરખાસ્તને ડીરેકટર શ્રી મહેશ ભારતીએ ટેકો આપ્યો હતો, હિસાબો તપાસવા માટે ઓડિટર નિમવાની ડીરેકટરશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની દરખાસ્તને ડીરેકટરશ્રી નરેશભાઈ ડી. પટેલે ટેકો આપ્યો હતો, કામકાજનું ભંડોળ નક્કી કરવાની વા.ચેરમેનશ્રી બ્રિજેશભાઈ બોધાવાલાની દરખાસ્તને ડીરેકટરશ્રી અજયભાઈ પટેલે ટેકો આપ્યો હતો, ડીરેકટરશ્રી જયેશભાઈ ભન્ડારીની માધવપુરા બેન્કની ડિપોઝીટના વ્યાજની નુકસાની અને વસુલાત માટેની કાર્યવાહીની નોંધ અંગેની દરખાસ્તને ડીરેકટરશ્રી રવિન્દ્ર સેલરે ટેકો આપ્યો હતો, બેંક બિલ્ડીંગ માટે નવી જમીન ખરીદવા માટની દરખાસ્ત ડીરેકટરશ્રી રાકેશભાઈ પટેલની દરખાસ્તને ડીરેકટરશ્રી રાજુભાઈ પટેલે ટેકો આપ્યો હતો સભામાં લેવાયેલા એજન્ડાનાં કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

### ગુજરાત ગુરુ
### પેજ-૨ પાનાનું ચાલુ

વિનયભાઈએ ધરતી ( જમીન) પરના પૂજનીય કહી શકાય તેવાં " ભૂદેવો" ની યુવા પાંખ ની સમાજ કલ્યાણ, શૈક્ષણીક જાગૃતી ને રાજયના સ્તરના આ સંગઠનમાં શિક્ષણ, સમર્પણ અને સમાજ એકતાની પ્રવુતિઓ બદલ અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી. જ્યારે મુખ્ય મહેમાન એવાં યુનિયાલિસ્ત શ્રી દીપકભાઈ સરવૈયા એ સૂરત ઘટકનાં ગુરુ બ્રાહ્મણ સમાજ ના યુવા ટીમની કામગીરીને બિરદાવી ને રોકડ સહાય પણ આપીને, ટીમને પ્રોત્સાહીત કર્યા હતા. અંતમાં સમૂહ ભોજનમાં આગામી " સમૂહ જનોઈ ધારણ" નાં પ્રસંગને અનુરુપ આયોજન કરવામાં આવ્યું હોય, તેમાં ઉત્સાહભેર સહભાગી થવા સૂરત ઘટક નાં હોદ્દેદારો અને કમિટીના મેમ્બરો દ્વારા અપીલ કરવામાં આવી હતી.

### ડાયવર્ઝ માટે
### પેજ-૨ પાનાનું ચાલુ

૪૮ પર અમદાવાદ થી મુંબઈ જતાં લેન પર બ્રિજ ક્ષતિજત હોવાથી રિપેરિંગ માટે એક મહિનો બંધ હોવાના કારણે એક્ષપ્રેસ હાઈવે પર થી સુરત જિલ્લાના જે સ્થાનિક GJ -૧૯ અને GJ -૦૫ ના વાહન ચાલકો પસાર થઈ રહેલ છે તેમને સુરત જિલ્લામાં આવેલ કામરેજ અને ભાટિયા ટોલનાકા ખાતે ટોલટેક્ષ માંથી મુક્તિ આપવામાં આવે એવી લોકહિતમાં લોકો વતી મારી વિનતિ છે.

### એલાયન્સ ક્લબ
### પેજ-૨ પાનાનું ચાલુ

પ્રેસિડેન્ટ - એલાય ભુપેન્દ્રભાઈ ચાહવાળા, મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન - શ્રી યોગેશભાઈ શાહ, દાતાશ્રી - પ્રધ્યુમન જોષી, ઈન્ટરનેશનલ ટ્રેઝરર - એલાય બીમલેશ તેવટીયાના હસ્તે કરવામાં આવ્યુ. એલાયન્સ કલબ સુરત સનફ્લાવર તરફથી આ હોસ્ટેલમાં છોકરીઓ માટે ૧૨ પલંગ, ગાદલા, ચાદર, ઓશિકાની ભેટ આપવામાં આવી. આ પ્રોજેક્ટ ખૂબ ટૂંકા સમયમાં દાતાઓના સહકારથી કલબ પ્રમુખ એલાય અનિલ સોરઠીયા, પ્રોજેક્ટ ચેરમેન એલાય જયંતિ પ્રજાપતિ, કલબ સભ્યો અને કોલેજના આચાર્ય શ્રીમતી સંગીતાબેન અને કોલેજના પ્રોફેસર ડૉ.પ્રતીક વ્યાસના અથાગ પ્રયત્નોથી સાકાર થઈ શક્યો છે. કાર્યક્રમને અંતે યુનિવર્સલ સાઉન્ડના શ્રી વિજયભાઈ શાહ એ કરાઓકે ગીત સંગીત આપી સમગ્ર ઉદઘાટન કાર્યક્રમને જીવંત અને આનંદમય બનાવ્યો. કલબના સભ્યો અને એલાયન્સ ડિસ્ટ્રિક્ટ – ૧૪૧ ના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહી ઉદઘાટન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૨ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫


# ગોએન્કા અને લાન્સર આર્મી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**સુરતમાં ફરીથી બોમ્બની અફવાથી પોલીસ દોડતી થઈ, પોલીસ કાફલો બોમ્બ-ડોગ સ્કવોર્ડ સાથે ધસી ગયો**

**શાળાને ધમકી ભર્યો મેઈલ મળતા શાળા સંચાલકો દ્વારા પોલીસને જાણ કરાઈ હતી, વિદ્યાર્થીઓને રજા આપી દેવાઈ**



(તસવીર : હનીફ મલેક)

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

વેસુ વિસ્તારની જી.ડી.ગોએન્કા સ્કુલ અને પીપલોદની લેન્સર આર્મી સ્કુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈ-મેઈલ મળતા જ પોલીસ એકશનમાં આવી ગઈ હતી. વેસુ પોલીસ ઉપરાંત ડીસીપી એસીપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદથી સ્કુલમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. એક પણ ક્ષણના વિલંબ વગર પોલીસ દ્વારા બાળકોને સ્કુલ બહાર કાઢવામાં આવ્યા હતા.

કેટલાક ટિખળખોરો તેમજ દેશવિરોધી પ્રવૃત્તિ કરનારાઓ છાશવારે પોતાનું પોત પ્રકાશતા હોય છે ત્યારે દેશમાં શાળા કોલેજો કે સરકારી જગ્યાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતી હોવાના બનાવો પ્રકાશમાં આવતા રહે છે ત્યારે આજે સવારે વેસુ વિસ્તારની જીડી ગોએન્કા સ્કુલ અને પીપલોદની લેન્સર આર્મી સ્કુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. બંને સ્કુલના સંચાલકો દ્વારા આ મામલે તાત્કાલિક પોલીસ કંટ્રોલને જાણ કરી દેવામાં આવી હતી. દરમિયાન વેસુ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક સ્કુલ ઉપર પહોંચી ગયો હતો.

એસીપી, ડીસીપી તેમજ સુરત શહેર પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જીડી ગોએન્કા અને પીપલોદની લેન્સર આર્મી સ્કુલ ઉપર પહોંચી ગયા હતા. વિદ્યાર્થીઓને સહિસલામત બહાર કાઢીને સ્કુલમાં બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ધમકી ભર્યો ઈ-મેઈલ કોણે મોકલ્યો તેની તપાસના આદેશ પણ આપી દેવાયા હતા. બોમ્બથી શાળાને ઉડાવી દેવાની ધમકી મળતા વાલીઓ પણ ચિંતામાં મુકાયા હતા અને બાળકોને લેવા માટે શાળાએ દોડી ગયા હતા.

## આગામી ૨૪ કલાકમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

**રાજસ્થાનના પૂર્વ ભાગમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન ઉદભવતા વાતાવરણમાં પલટો આવશે**


(તસવીર : હનીફ મલેક)

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

રાજસ્થાનના પુર્વ ભાગમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન ઉદભવ્યું છે ત્યારે સુરત સહિત દ.ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૫ જુલાઈ સુધીમાં રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. રાજસ્થાનમાં સર્જાયેલા એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર ગુજરાત રાજ્ય ઉપર પણ જોવા મળી રહી છે ત્યારે ગઈકાલ સવારથી સુરત શહેર અને જિલ્લામાં વરસાદી માહૌલ ફરી જામ્યો છે. દરમિયાન આજે સવારથી સમગ્ર શહેરમાં મેઘરાજાએ વરસવાનું શરૂ કરતા લોકોએ ઠંડક અનુભવી હતી. વિતેલા અઠવાડીયા દરમિયાન ઉઘાડ નિકળ્યા બાદ શહેરનું તાપમાન ઉંચુ જઈ રહ્યું હતું. મહત્તમ તાપમાનનો પારો ૩૩ સેલ્સિયસ ડિગ્રી સુધી પહોંચતું હોય બફારો અને ઉકળાટ લોકોને અકળાવી રહ્યો હતો ત્યારે ફરી મેઘરાજાએ પધરામણી કરતા લોકો રાહત અનુભવી રહ્યા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં સુરત સહિત દ.ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, નવસારી, વલસાડ, ડાંગ, વાપી અને તાપીમાં ૨૪ કલાક સુધી ભારે વરસાદ પડી શકે છે. તો બીજી તરફ રાજ્યના અન્ય ભાગોમાં પણ આગામી ૨૫ જુલાઈ સુધી વરસાદની આગાહી કરાઈ છે. ત્યારે સુરત શહેરમાં આજે સવારથી વાદળોની જમાવટ વચ્ચે મેઘરાજાએ પધરામણી કરી હતી. વહેલી સવારથી વરસાદ વરસવાનું શરૂ થયું હતું.

સુરત મહાનગર પાલિકા પાસેથી મળતી વિગત અનુસાર ઉધના ઝોનમાં સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત તમામ ઝોનમાં જોરદાર વરસાદી ઝાંપટા નોંધાયા હતા. વેસુ, પીપલોદ, કતારગામ, રાંદેર, અડાજણ, વરાછા, ચોકબજાર, નાનપુરા, પાલ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાંપટા પડ્યા હતા.

## નવસારી-જલાલપોરમાં મેઘરાજાની ધમધમાટી, ચાર ઈંચ વરસાદ ખાબક્યો

**ઠેર ઠેર પાણી ભરાતા જનજીવનને અસર**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાએ છેલ્લા ૨૪ કલાકમાં ધબધબાટી બોલાવી દીધી છે ત્યારે નવસારીના જલાલપોરમાં ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી થઈ ગયું હતું. આ ઉપરાંત નવસારી ટાઉનમાં પણ ચાર ઈંચ વરસાદથી ઠેક ઠેકાણે પાણી ભરાયા હતા. મેઘરાજાનો બીજો રાઉન્ડ શરૂ થયો હોય આ સપ્તાહમાં સમગ્ર દ.ગુજરાતમાં મેઘમહેરની આગાહી કરાઈ છે.

સુરત જિલ્લાના પલસાણામાં ૨૪ કલાકમાં ૪૦ મીમી પાણી વરસ્યું છે આ ઉપરાંત બારડોલીમાં ૧૫ મીમી અને મહુવામાં ૨૨ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે માંગરોળમાં ૫ મીમી અને કામરેજમાં ૧ મીમી વરસાદ વરસ્યો હતો. તાપી અને ડાંગ જિલ્લામાં મેઘરાજાએ હાજરી પુરાવી ન હતી. નવસારીમાં આજે સવારે જોરદાર વરસાદ ખાબક્યો હતો. નવસારી અને જલાલપોરમાં ૪-૪ ઈંચ વરસાદથી ઠેક ઠેકાણે પાણી ભરાયા હતા.

ગણદેવીમાં પણ ૧ ઈંચ વરસાદ પડ્યો હતો જ્યારે વાંસદામાં ૧૬ મીમી વરસાદ પડ્યો હતો.

## ઉકાઈ જળાશયમાં પાણીની આવક ઘટી

**જળાશયમાં પાણીની સપાટી ૩૨૫.૭૩ ફુટે સ્થિર**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

ઉકાઈ ડેમના ઉપરવાસમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે ત્યારે ડેમની સપાટી વિતેલા એક સપ્તાહથી ૩૨૫.૭૩ ફુટે સ્થિર રહી છે. ઉકાઈનું ફુલ રિઝર્વ લેવલ ૩૪૫ ફુટ છે ડેમમાં ગઈકાલે ૧૩,૯૪૫ ક્યુસેક પાણીની આવક સામે ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જોકે આજે સવારે ૧૦ કલાકે ડેમમાં પાણીનો આવરો ઘટી ગયો હતો. ૮૦૦ ક્યુસેક પાણીની આવક સામે એટલું જ પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી આવતા પાણીમાં ઘટાડો થતા કોઝવેની સપાટી પણ ઘટી છે. આજે સવારે ૧૦ કલાકે કોઝવે ખાતે તાપી નદીનું જળ સ્તર ૫.૮૮ મીટર નોંધાયું છે.

## હનીટ્રેપમાં ફસાવતી મશરૂ ગેંગ સામે વધુ એક ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરત શહેર પોલીસે ઝડપી પાડેલી હની ટ્રેપમાં લોકોને ફસાવતી મશરૂ ગેંગ સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં વધુ એક લુંટની ફરીયાદ નોંધાઈ છે. આ ગેંગ એક જ સમાજના લોકોને ટાર્ગેટ કરતી હતી. કેટલાય લોકોને હનીટ્રેપમાં ફસાવીને રૂપીયા પડાવી લેવાયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. કતારગામ પોલીસ મથકે એક રત્નકલાકારે મશરૂ ગેંગ સામે રેપ તેમજ ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેની પાસેથી ૬ લાખ પડાવ્યા હોવાની ફરીયાદ નોંધાવી છે.

કતારગામ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ અમરેલી જિલ્લાના વતની અને હાલ સંસ્કૃત એવન્યુ કોસાડ અમરોલી ખાતે રહેતા એક રત્નકલાકારે કતારગામ પોલીસ મથકમાં ધર્મિષ્ટા ઉર્ફે રૂપા રાખોલીયા સુમિત મશરૂ અને અમિત મશરૂ તેમજ એક અજાણ્યા સામે લુંટનો ગુનો નોંધાવ્યો છે. ગઈ તા.૧૬ જુલાઈના રોજ આ ગેંગે રત્નકલાકારને હનીટ્રેપમાં ફસાવ્યો હતો અને તેને રેપ તેમજ ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી એક કરોડ રૂપીયાની માંગણી કરી અપહરણ કરીને મોબાઈલ તેમજ રોકડા રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૧૫ લાખની મત્તા પડાવી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, મશરૂ ગેંગ પકડાયા બાદ એવો પણ ખુલાસો થયો છે કે સંખ્યાબંધ લોકોને આ ગેંગે હનીટ્રેપમાં ફસાવીને તેમની પાસેથી લાખો રૂપીયા પડાવી લીધા છે.

## ડુમસ બીચ પર સ્ટંટ કનાર મર્સિડીઝ ચાલક સામે ગુનો દર્જ

**દરિયામાં ફસાયેલી મર્સિડીઝને જેસીબીથી બહાર કઢાઈ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

ડુમસ બીચ ઉપર જતા સહેલાણીઓ ગેલમાં આવીને કારને પણ છેક દરિયા સુધી લઈ જતા હોય ક્યારેક મુસીબત ઉભી કરી દેતા હોય છે. આવો જ એક કિસ્સો ગઈકાલે ડુમસ બીચ ખાતે બન્યો છે જેમાં એક મર્સિડીઝ કારના ચાલકે કાર દરિયા સુધી લઈ જતા રેતીમાં ફસાઈ ગઈ હતી. મહામહેનતે ૩૬ કલાક બાદ આ કારને જેસીબીથી બહાર કાઢવામાં આવી હતી ત્યારે સોશિયલ મિડીયામાં કાર ફસાયાનો વિડીયો વાયરલ થયો હતો. આ મામલે ડુમસ પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગત ૨૦ જુલાઈના રોજ રવિવારના દિવસે ડુમસ ખાતે શહેરીજનો ઉમટી પડ્યા હતા. રજાના દિવસે ડુમસ બીચ ખાતે લોકોનો જમાવડો જોવા મળે છે. સહેલગાના આ સ્થળે દર શનિ રવિમાં ભીડ જામતી હોય છે ત્યારે એક મર્સિડીઝ કારના માલિક અજર અબ્દુલ્લા શાહ ઉ.વ.૫૦એ ડુમસ બીચ પર કાર લઈ જઈ છેક દરિયા કિનારે કાર હંકારતા કાર ફસાઈ ગઈ હતી. રેતીમાં ફસાયેલી આ કારને મહામહેનતે જેસીબીની મદદથી બહાર કાઢવામાં આવી હતી ત્યારે આ મામલે ડુમસ પોલીસે જાહેનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ડુમસ બીચ ઉપર વાહનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું છે તેમ છતાં કેટલાક લોકો બીચ સુધી વાહનો લઈ જઈ મુશ્કેલી ઉભી કરી દેતા હોય છે.

**સુરત એરપોર્ટને નડતરરૂપ ચાર બિલ્ડિંગનો વિવાદ**

## બિલ્ડિંગના સર્વેમાં સોસાયટીના પદાધિકારીઓ પણ જોડાયા

**સર્વે ટીમ દ્વારા આ ચાર બિલ્ડિંગોમાં સોસાયટીના માણસોને સાથે રાખી માર્કિંગ શરૂ કરાયું**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરત એરપોર્ટ ઓથોરિટી તેમજ કલેકટર અને મનપાના અધિકારીઓની એક ટીમ આજે એરપોર્ટને નડતરરૂપ સમર્થ, રવિરત્ન અને એલએનટી સહિત ચાર બિલ્ડીંગોના સર્વે માટે પહોંચી હતી.

એરપોર્ટને નડતરરૂપ બિલ્ડીંગો બાબતે જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરી છે. દરમિયાન તાજેતરમાં જ અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના બની હતી, ત્યારે સુરત સહિત સમગ્ર દેશમાં જયાં જયાં એરપોર્ટને નડતરરૂપ કન્સ્ટ્રક્શનો છે તેનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. દરમિયાન સુરત એરપોર્ટ નજીક આવેલા સમર્થ, રવિ રત્ન અને એલએનટી નામની બિલ્ડીંગ કે જેની ઉંચાઈ નિયમ વિરૂદ્ધ છે.

તેનો આજે સર્વે કરવામાં આવ્યો હતો. કલેકટર ડો.સૌરભ પારધી, મનપાના અધિકારીઓ તેમજ એરપોર્ટ ઓથોરિટીની ટીમે આજે સર્વે હાથ ધર્યો હતો. જેમાં એરપોર્ટને નડતરરૂપ બિલ્ડીંગોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જે-તે બિલ્ડીંગના બિલ્ડરો, પ્રમુખો તેમજ હોદ્દેદારોને પણ આ સર્વે દરમિયાન બોલાવીને તેમની પાસેથી બિલ્ડીંગ સંબંધિત માહિતી મેળવવામાં આવી હતી.

## મૃતકના નામે ત્રાહિત વ્યકિતનો વિમો પકવવાના ષડયંત્રનો પર્દાફાશ કરતી સચીન પોલીસ

**સચીન પાસે ટ્રક અડફેટે મૃત્યુ પામનારની હત્યા કરાયાનો ઘટસ્ફોટ, બેની ધરપકડ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સચિન સ્થિત ગત સપ્તાહે ટ્રકની અડફેટે યુપીવાસી યુવકનું મોત નિપજ્યું હતું. પોલીસની તપાસમાં મૃતકની હત્યા થઈ હોવાનું ખુલ્યું છે. પોલીસે બે જણાની પણ ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. વિમો પકવી નાણાં મેળવવા માટે આ હત્યા કરી હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

મૂળ યુપીના જોનપુરના વતની અને હાલ પાંડેસરા બમરોલી રોડ કૈલાશ ચોકડી પાસે રહેતા બિપિન દિનેશ તિવારીએ સચિન પોલીસ સ્ટેશનમાં ફેટલ અંગે ફરિયાદ આપતા જણાવ્યું હતુ કે, ગત.તા.૧૪ જુલાઈના રોજ વહેલી સવારે બિપિનના સાઢુભાઈ શિવકુમારને છાણીયા ગામથી ખંભાતના ગામ જતા રોડ ઉપર એક અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવીને અડફેટે લઈ મોઢાના ભાગેથી કચડી નાખ્યો હતો. જેમાં શિવકુમારનું મોત નિપજ્યું હતું. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

જો કે પોલીસ તપાસમાં કંઈક અજુગતું લાગતાં પીઆઈ પી.એન.વાઘેલા અને તેમની ટીમે ઝીણવટભરી તપાસ કરી હતી. અકસ્માતમાં શિવકુમારનું મોઢું ઓળખી ન શકાય તેવી ઈજા હતી. જો કે, પીઆઈ વાઘેલા અને તેમની ટીમે શિવકુમારની ઓળખ કરી લીધી હતી. ત્યારબાદ પોલીસને ઊંડાણપૂર્વક તપાસ કરતાં શિવકુમારનું અકસ્માત નહી પણ તેની હત્યા થઈ હોવાનું ખુલ્યું હતું. આ કેસમાં પોલીસે મોનુ ચંદ્રબલી ગૌતમ (ઉ.વ.૩૫ રહેવાસી-રાજગુરુનગર, જય અંબે ટેલર સર્વિસ, ચાકણ ચોક, નાસીક રોડ, પુણે (મહારાષ્ટ્ર) મુળ વતન-ગામ.રામપુર સવાઈ, થાના.પુવારા, જી.જોનપુર (ઉત્તરપ્રદેશ) અને શીવકુમાર ઉર્ફે મહારાજ રામનારાયણ મિશ્રા (ઉ.વ.૩૯ રહેવાસી-મકાન નંબર.૪૫, ગોર્વધન ડ્રીમ રેસીડેન્સી, હલધરૂ, કામરેજ, સુરત, મુળવતન. ગામ. ગોંડાલપુર થાના. મહારાજગંજ જી.જોનપુર, ઉતરપ્રદેશ)ની ધરપકડ કરી લીધી હોવાનુ જાણવા મળ્યું છે.

**કતારગામ ટ્યુશન શિક્ષિકાના આપઘાત પ્રકરણમાં**

## બાળ કિશોર વિરોધની અરજી સંદર્ભે બપોર બાદ બચાવ પક્ષ દલીલો રજુ કરશે

**બાળ કિશોરને પુખ્તવયનો ગણી કેસ ચલાવવા પોલીસે કોર્ટમાં અરજી કરી હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

કતારગામની ટ્યુશન ટીચર આપઘાત કેસમાં સંડોવાયેલા કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળ કિશોર વિરૂદ્ધમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૧૫ મુજબની કાર્યવાહી કરવા સિંગણપોર પોલીસે કરેલી અરજીના વિરોધમાં આજે બપોર બાદ બચાવ પક્ષ કાયદાની જોગવાઈને ધ્યાનમાં રાખીને પોતાની દલીલો રજૂ કરાશે તેવું બચાવ પક્ષના સિનિયર વકીલ કલ્પેશ દેસાઈએ જણાવ્યું હતું.

આ કેસની વિગત એવી છે કે, કતારગામ સ્થિત નાનીવેડ અંબાજી મંદિર રોડ વિધિ પેલેસમાં રહેતા રજની ગંગાદાસ વાવડીયાની દીકરી નેના વાવડીયાએ આત્મહત્યા કરી લીધી હતી. નેના વાવડીયાને આત્મહત્યા કરવા મજબુર કરવાના આરોપસર સગીરની અટકાયત કરવામાં આવી હતી. તદુપરાંત સગીરના પિતા વિષ્ણુ દેસાઈએ નેના વાવડીયાના પિતાને ફોન ઉપર ધમકી આપી હોવાના આરોપસર તેની પણ ધરપકડ કરી હતી. હાલ આ ગુનામાં બાળ સગીર રિમાન્ડ હોમમાં છે. દરમિયાન આ કેસની તપાસ કરનાર પીઆઈ વાય.બી.ગોહિલે આ કેસમાં સંડોવાયેલા સગીરને પુખ્ત તરીકે ગણીને તેની સામે કાનુની કાર્યવાહી કરવા કોર્ટમાં અરજી કરી માગ કરી છે કે, બાળક કિશોરને પુખ્ત વયમાં માત્ર સાત જ દિવસ ઓછા હોય અને તેના દ્વારા ભોગબનનારને દુષ્પ્રેરણા આપી હોવાનો આરોપ છે. બાળ કિશોર પુખ્ત ઉમરના વિચારો ધરાવે છે, તેની રહેણી કરણી પણ પુખ્ત વ્યક્તિ જેવી જ છે.

બચાવ પક્ષે વકીલ કલ્પેશ દેસાઈ હાજર રહ્યા હતા. તેઓએ આ અરજીના અનુસંધાને કાયદાની જોગવાઈને ધ્યાનમાં રાખીને રજૂઆત કરવા કોર્ટ પાસે સમય માગ્યો હતો. કોર્ટે ૨૨ જુલાઈ એટલે કે મંગળવારની આજની તારીખ આપી હતી. આજે બપોર બાદ પોલીસે કરેલી અરજીના વિરોધમાં સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ પોતાની દલીલો રજૂ કરશે તેવુ તેમણે જણાવ્યું હતું.

## એમડી ડ્રગસના આરોપી ઝુબેરખાનના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત તા.૨૨**

કિન્નરી ચાર રસ્તા પાસેથી એમ.ડી.ડ્રગ્સ સાથે પકડાયા બાદ ચકમો આપી પોલીસની ગીરફ્તમાંથી ભાગી છુટેલા આરોપી ઝુબેરખાનના જામીન કોર્ટે મંજુર કર્યા હતા. ડીસીબીએ ગતે મે મહિનામાં રિંગરોડ કિન્નરી ચાર રસ્તા પાસેથી ૧૭.૫૯૦ ગ્રામ વજનના એમ.ડી.ડ્રગ્સ સાથે ઝુબેરખાન ફિરોઝખાન પઠાણ (રહે ગાંધીનગર (ઉમરવાડા)ને ઝડપી પાડ્યો હતો. દરમિયાન તેની સામે પોલીસ પંચનામું અને બીજી કાયદેસરની કાર્યવાહી કરી રહી હતી, તે સમયે ફિરોઝખાને પોલીસને કહ્યું હતું કે મારે કુદરતી હાજતે જવું છે.જેથી પોલીસની ટીમ તેને ?કિન્નરી ચાર રસ્તા પાસે સર્કલ ૦૫, રીજીયન-૨ની ટ્રાફિક શાખાની કચેરીમાં લઈ ગઈ હતી. ત્યારે કચેરીની ટોયલેટની બારીમાંથી કુદીને ઝુબેરખાન ભાગી છૂટ્યો હતો. પોલીસના ગિરફ્તમાંથી ભાગી ગયેલા ઝુબેરખાનને ફરીથી ક્રાઈમ બ્રાંચે ચલથાણ રેલવે સ્ટેશન ઉપરથી પકડી પાડ્યો હતો. આ કેસમાં ઝુબેરખાને જામીન અરજી કરી હતી. કોર્ટે જામીન મંજુર કર્યા હતા. આરોપી તરફે વકીલ શફીક જોગીયાત અને અરબાઝ શેખની દલીલો કોર્ટે માન્ય રાખી હતી.


**લીંબાયત ગોવિંદનગર પાસેના તપેલા ડાઈંગને કારણે ડ્રેનેજ લાઈનમાં છોડવામાં આવતા કેમિકલયુક્ત પાણીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પ્રસ્તુત તસ્વીરમાં ગોવિંદનગર પાસેની આ ડ્રેનેજ લાઈનમાંથી બહાર નીકળતું કેમિકલયુક્ત પાણી ભરાયાની આ તસવીર છે. (તસવીર : હનીફ મલેક)**